કુમાર

સંસ્થાપક: રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકો માટે
જ્ઞાન સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું માસિક
તંત્રી: બચુભાઈ રાવત



વા યુગના ચતુર્ભુજ : સૃષ્ટિના સર્જક બ્રહ્મા, પરિપાલક વિષ્ણુ અને સંહારક શિવ, એ ત્રિમૂર્તિ પૈકી પરિપોષક વિષ્ણુને અહીં બીજી પંચવર્ષીય યોજનાના આ નવા ગના પ્રતીક તરીકે કલ્પવામાં આવ્યા છે, જેમાં શંખ ચક્ર ગદા પદ્મનાં આયુધોને સ્થાને ખેતી અને ઉદ્યોગનાં આયુધો ધારણ કરતા ચતુર્ભુજ સ્વરૂપે એમને આલેખ્યા છે.

વર્ષ ૩૩મું ∘ અંક ૮મો ૩૯૨ ઑગસ્ટ ∘ ઈ.સ.૧૯૫૮
સળંગ મો અંક

કલાયાત્રી

સ્વ. મનુભાઈ શાહ





'ફરીને આવીશ' એવા સંકલ્પ સાથે અજંતાના કલાપ્રવાસેથી વઢવાણ પાછા ફર્યા બાદ, મગજના જીવલેણ ક્ષયથી ૨૬ વર્ષની ભરજુવાનીમાં, ગઈ ૨૦મી ફેબ્રુઆરીએ ચિરનિદ્રામાં લીન થનાર, ગુજરાતના એક આશાસ્પદ ચિત્રકાર મનુભાઈ શાહનો પરિચય એમનાં સ્વજનો ને નિકટનાં કલારસિકો સિવાય બીજા બહુ ઓછાને હશે.

મનુભાઇનું ચિત્રકામ પ્રાથમિક દશાનું છતાં બહોળુ હતું. 'પ્રસ્થાન'માં છપાએલાં થોડાં ચિત્રો ઉપરાંત, અમુક શહેર-ગામડાંમાં થોડાંક રુચિકર ભીંતચિત્રો પણ તેમણે દોર્યા હતાં. વઢવાણમાં ઈ. ૧૯૩૦માં ગરીબ માબાપને ત્યાં એમનો જન્મ. બાલમંદિરમાં જતા ત્યારથી રમકડાંને બદલે કાગળપેન્સિલ લઇને ચીતરચીતર કરતા. બારતેર વર્ષના થયા તેવામાં માતાનું મૃત્યુ થતાં અંગ્રેજી ત્રીજા ધોરણથી અભ્યાસ પડતો મૂકી આઠ ને છ વર્ષની બે બહેનો ને સ્નેહાર્દ્ર પિતાને રાંધી ખવડાવવાનું મનુભાઈ પર આવી પડ્યું, ત્યારથી તેમની પ્રગતિના અવરોધક સંઘર્ષોની પરંપરા ચાલુ થઇ. ઘરનો ખર્ચ ઉપાડવા મૉન્ટેસરી શિક્ષણનાં સાધનો બનાવવાના એક કારખાનામાં રૂ. ૪૦ના નજીવા પગારે દાખલ થયા. આઠ મહિના પછી ત્યાંથી છૂટા થઈ સુરેન્દ્રનગરની એવી જ બીજી એક પેઢીમાં રૂ. ૬૦થી જોડાયા. નોકરીથી બચતા સમયમાં એ 'બાલજીવન', 'બાલસખા' વગેરે સામયિકોનાં ને બીજાં ચિત્રો દોરતા. તેમની ઉમર એ વેળા હતી સત્તર વર્ષની. પીછી પૂરો રોટલો નહોતી દેતી તેથી 'પત્રકાર' બન્યા અને ઈ.૧૯૫૦ના ઑકટોબરથી સુરેન્દ્રનગરમાં શરૂ થએલા 'સમય' સાપ્તાહિકમાં જોડાઇ ત્રણ વર્ષ સુધી તેનું સંચાલન કર્યું.

પુરાતન શિલ્પ ને સ્થાપત્યના સંશોધનનો એમને શૉખ હતો. એક વાર એ ધાંધલપર પાસેના સેજકપર ગામે આવેલા નવલખા મહેલનું ૮૦૦ વર્ષથીયે જૂનું સ્થાપત્ય જોવા ગયા. તેની સુડોળ ને સુરમ્ય કલાકારીગરીથી મુગ્ધ થઇ, દિનભર ભૂખ્યા-તરસ્યા રહી આલેખો દોર્યા, અને ઘેર આવીને કોઈ જૂના રિપોર્ટમાંની તેને લગતી વિગતો તારવી લઇને તેનો અભ્યાસ કર્યા બાદ મોઢેરાના પ્રખ્યાત સૂર્યમંદિર સાથે તેનું સામ્ય દર્શાવીને 'નવલખો મહેલ નહિ પણ સૂર્યમંદિર છે' તે પુરવાર કર્યું. પ્રાચીન ગ્રંથો તથા ચિત્રિત પોથીઓમાંથી ક[illegible]સની સામગ્રી સઘરતા જ રહેતા. એ વિષયમાં એમની દૃષ્ટિ, સમજણ તથા તેને શબ્દબદ્ધ કરવાની શક્તિ દાખવતાં 'પગલાં' અને 'માછલાં'ની વૈવિધ્યપૂર્ણ આકૃતિઓનો સમૂહ તથા તદ્વિષયક એક ટૂંકી નોંધ આ સાથે પ્રકટ કરીએ છીએ.

ગામડાની કલાકારીગરી પ્રત્યે પણ એમને આદર હતો. એક વાર વસ્તડી ગામમાં હાથશાળ પર ભરવાડી કપડાં વણતા ડાંગસિયા લોકોનો કસબ જોઈ પ્રસન્ન થઇને કોઇ સંગ્રહસ્થાનને ભેટ આપવા, પૈસાની પૂરતી જોગવાઇ ન હોવા છતાં પણ, થોડાક નમૂના ખરીદ કર્યા.

'વિકાસ વિદ્યાલય'માં કલાશિક્ષક તરીકે જોડાતાં મનુભાઇમાં સામાજિક વિચારોની પકડ આવતી ગઈ તેમ રૂંધાતાં તત્ત્વો ને પરિબળો

(અનુસંધાન પાછલા પૂઠામાં)

કુમાર

ઑગસ્ટ ૧૯૫૬

અંક ૩૯૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે

આ વિભાગ માટે અમારી અપેક્ષા દૂધમાંથી પોરા કાઢવા જેવા દોષદર્શન કે મતભેદના મુદ્દા ઉપર કરેલી વિતંડાની નહિ, પણ અજ્ઞાત ને અભિનવ માહિતીઓ તથા રચનાત્મક સૂચનોની છે.

જાન્યુઆરીના 'હોજરીનું ચાંદું'ના લેખમાં ડૉ. શિવપ્રસાદ અંતમાં લખે છે કે રોગીએ પ્રથમ મનનો સંતોષ અને શાંતિ મેળવવી જોઇએ. આ માટે સદ્વાચન અને સત્સંગ એમ બે સાધનો બતાવ્યાં છે. તો સદ્વાચન એટલે શું? મનની ગૂંચવણ ઊભી કરે એવાં મોટાં ધાર્મિક પુસ્તકો વાંચવાં? આથી તો ઊલટું મગજના જ્ઞાનતંતુઓ થાકી જાય. વળી લખે છે કે ઑપરેશનથી રોગ નાબૂદ થાય છે, પણ બીજી જગ્યાએ પણ તેની શક્યતા છે. તો લેખક કયા દાખલા ઉપરથી એ કહી શકે છે?

(અમદાવાદ) —એ. એન. શાહ

[*'સદ્વાચન' એટલે સત્પુરુષોની નિર્મળ અને પવિત્ર વાણીનું આકંઠ પાન; જે વાંચવાથી મનની ગડભાંગો ટળે, ચિત્ત સ્થિર થાય, આત્માની ઉન્નતિ સધાય અને શીલ તથા સદાચારમાં વૃદ્ધિ થાય. આવાં પુસ્તકોમાં ગીતાથી માંડી બુદ્ધનું ધમ્મપદ, સંત કવિઓનું સાહિત્ય, શ્રી રામકૃષ્ણપરમહંસનું કથામૃત, શ્રી સહજાનંદ સ્વામીનાં વચનામૃતો, વિવેકાનંદ અને સ્વામી રામતીર્થના લેખો અને વિનોબાની ઋષિવાણી વગેરેનો સમાવેશ થાય છે.

આવાં પુસ્તકોનાં વાચન, મનન અને તદનુસાર આચરણથી માનસિક સ્વસ્થતા (Relaxation)ને આંતરિક પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

જે મનની સ્થિતિએ રોગ પેદા કરવામાં ભાગ ભજવ્યો હોય છે તે રોગ ઑપરેશનથી નાબૂદ કર્યા છતાં ય જો મનની સ્થિતિ કાયમ રહી હોય તો તેની જ અસરો નીચે હોજરીના બીજા ભાગમાં પણ ચાંદું પડવાની શક્યતા રહે છે. ઑપરેશનથી તો ફક્ત રોગ નાબૂદ થાય છે, પણ રોગને પેદા કરનાર મનની સ્થિતિઓ ઓછી ટાળવામાં આવે છે? (ડૉ.) [શિ૦ત્રિવેદી]

અંક ૩૭૩ પૃ. ૩૩ ઉપરના પ્રસંગવિશેષમાં લખ્યું છે: 'દરમ્યાન ગુલામીને લીધે નહિ, પણ ઉત્તરદક્ષિણ વચ્ચેનાં ભિન્નભિન્ન આર્થિકહિતોને કારણે ત્યાંની તંગદિલી વધતી જતી હતી'.

અંક ૩૮૬ના પાના ૪૭ ઉપર ચિત્ર ૬ નીચેનું લખાણ આમ છે: 'ત્યારે ગુલામીના પ્રશ્ન પર રાષ્ટ્રમાં તડાં પડી ગયાં' અને ચિત્ર ૭નું લ-

ખાણ આ છે: 'પણ દક્ષિણનાં અગિયાર રાજ્યો સંઘમાંથી છૂટાં પડી યુદ્ધે ચડયાં.' મારા માનવા મુજબ અંક ૩૭૩નું લખાણ બરાબર છે. ગુલામીના પ્રશ્ને વિગ્રહ સર્જ્યો ન હતો પણ આર્થિક હિતોની ખેંચતાણ જ એના માટે જવાબદાર હતી. અલબત્ત, લિંકન પ્રમુખ થતાં તેની ગુલામી-વિરોધી વિચારસરણી ને ખુલ્લા વિરોધથી આંતરવિગ્રહને નૈતિક ગૌરવ માત્ર આવ્યું ગણાય. કોઇ વિદ્વાન ઇતિહાસવેત્તા આ બાબતમાં યોગ્ય પ્રકાશ ફેંકે તે જરૂરી છે. 'સુકાની'ની 'દેવાધાખલ' કથામાં વહાણનાં ચિત્રો માત્ર છે પણ કથામાં આવતાં નામો વહાણના કયા ભાગનાં છે તે તો જાણી જ શકાતું નથી. તેથી, અંગ્રેજી નહિ જાણનાર પરદેશી ભાષાનું ચિત્ર જોવા જાય તેવી સ્થિતિ આવાં નામો આવે ત્યારે અમારી થાય છે, માટે એકાદ ચિત્ર આપી એવું કૈંક કરવું જરૂરી છે.

(રાજકોટ) —નાનાલાલ ત્રિવેદી

માધ્યમિકશાળા સુધીનાં બાળકોનાં વય અને જ્ઞાનમર્યાદા લક્ષમાં રાખી સામાન્ય જ્ઞાનની ચકાસણીના પ્રશ્નો અને તેના ઉકેલો આપતો એક વિભાગ શરૂ કરશો. તેમાં રાજકારણના વિષયો, સમાચારો, અન્ય ફેરફારો, સામાન્ય જ્ઞાનમાં વૃદ્ધિ કરતી બાબતો વગેરે મર્યાદિત પ્રમાણમાં મળી રહે, દા.ત. સીઆટો, નાટો વગેરે શું છે? એ સિવાય પણ ક્ષેત્ર વિશાળ છે. અમારી શાળામાં અમે સમય જોવા માટે 'છાયાયંત્ર' બનાવી જોયું, પણ મેળ પડતો નથી. સ્થાનિક રેખાંશ પણ ચકાસી જોયા. હવે આંકડા કેવી રીતે, કેટલા અંશના ખૂણે ગોઠવવા જેથી દરેક ઋતુમાં સમય ખરેખરો જાણી શકાય. તે અંગેની કોઈ માહિતી લેખ દ્વારા 'કુમાર'માં અપાય તો ઘણી શાળાઓને લાભ થશે.

(આંતરોલી) —મ. ર. ગોસ્વામી



અર્ધનારીશ્વર: શ્રી શકુંતલા દેસાઈના રંગચિત્ર પરથી રેખાંકન. આને અનુલક્ષી ડૉ. કઝિન્સના વિચારો આ અંકમાં વાંચો.

સપ્ટેમ્બર ૧૯૫૬

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
•	•	•	•	•	•	૧
૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
૩૦	•	•	•	•	•	•

એપ્રિલ અંકમાંની 'જનતાકૂકર'ની યોજના અગવડભરેલી છે. એથી સાદી રીત મોકલું છું.

કેરોસીનના ખાલી ડબા ઉપરનું પતરું કાપી ધાર સરખી કરી લેવી. ડબામાં કાંઠલો મૂકી તે ડૂબે એટલું પાણી ભરવું. તે પર દાળ કે કઠોળની તપેલી અને તેના પર ભાતની તપેલી મૂકવી. કોઈ શાક બાફવાનું હોય તો કાંઠલાની આજુબાજુ યા ઉપર મૂકી દેવું. બાદ ડબા પર ઢાંકણું ઢાંકી દેવું. ભાતની તપેલી હમેશ ઉપર મૂકવી, જ્યારે કઠોળ નીચે. ભાત ને કઠોળમાં જરૂર પૂરતું પાણી પહેલેથી જ મૂકવું. ભઠ્ઠીમાં બહુ કોલસાની પણ જરૂર નહિ પડે અને કૂકર વધારે મહેનત વગર થઈ જશે. વળી તેમાં ત્રણ તપેલીઓ, ચાળણી કે ભાર એવી કોઈ વસ્તુઓની જરૂર નહિ પડે.

(કિટાલે) —શરદ પંડયા

ડાલ સરોવરનો એક ખૂણો

ચિત્રકાર: બી. એન. જિજ્જા

(દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)

卐

કાશ્મીરના આ દૃશ્યની અને આની પાછળના કલ્પનાચિત્રની ચિત્રશૈલીઓ ભિન્ન છે એ તો દેખીતું જ છે. આની શૈલી તાદૃશતાની વધારે નજીક છે, જ્યારે પાછળનામાં માનવ-આકૃતિઓ તથા વૃક્ષોનાં નિરૂપણ તેમજ જન-જાનવરના હાથપગ વગેરેમાં લોકકલાની ઢબની સાદાઈ છે. એવી શૈલીમાં આબેહૂબતાને બદલે ચિત્રના કથયિતવ્યનો ભાવ ઘનીભૂત કરવા પાછળ જ લક્ષ્ય હોય છે; અને એમ કરવાની સાથોસાથ, ચિત્રની છાપ મન ઉપર વધારે જોરદારરીતે પડે તે હેતુથી, તેની રચનામાં સવિશેષ ભાતીગળપણું (ડિઝાઈન ડૅકોરેશન) લાવવામાં આવે છે. આટલો મુદ્દો લક્ષમાં રાખીને સહાનુભૂતિથી આવાં ચિત્રો જોવામાં આવે તો એની કલ્પના પાછળના લયની સુરાવટ આપણા મનમાં સ્વાભાવિકરીતે જ જાગી ઊઠે.

એમ તો આ સામેનું દૃશ્યચિત્ર પણ છેક હૂબહૂ આલેખન તો નથી જ. એમાં પણ ઝાડ, પહાડ, મકાન કે જળ, એ સૌના મુખ્યાંશને જ ઉઠાવ આપ્યો છે, અને એ બધાં પણ એકરાગ બનીને રચનાની એક ભાતસંયોજનાનું એક પ્રકારનું સંગીત તો રચે જ છે. આવાં ચિત્રો જરા દૂર રાખીને જોવાથી વધુ આહ્લાદક લાગે.





ગો, ગોપાલ ને ગોવાલણ   ચિત્રકાર: દિવ્યકાન્ત ઓઝા

આ શિખરો સર કરવાનાં

· ગાન ·

આ શિખરો સર કરવાનાં.
એક વાર આગે ઊપડ્યાં તે
પગલાં નહિ પાછાં ભરવાનાં: આ શિખરો૦

અહીં ન ક્યારે જયગૌરવનાં અભ્રભેદતાં ગાન હશે,
નહિ ક્યારે યશનાં ઉત્સવનાં હર્ષઊભરતાં પાન થશે,
સદા નવા શૃંગોનાં આવરત પ્રયાણ આદરવાનાં: આ૦

ઊંચે ચઢતાં ઉરનાં ગગને બધાં સ્વપ્ન સરી જાશે,
ક્ષિતિજો વિસ્તરતાં સ્વજનોના સંબંધો હરી જાશે,
અપાર આભે એકલ થૈને શૂન્ય સંગ ઝૂરવાનાં: આ૦

અહીં ખીણો સૌ પૂરી દઈ શિખરો પર મારગ કરશું,
પથ્થર ફોડી પાતાળો પર સોનલ તેજો ઝરશું,
સમાનતાની પરમ પૃથ્વી પર ત્રિલોક તારવવાનાં: આ૦

એક મજલ એવી કહી જેને આદિ નહીં નહિ અંત,
યુગોયુગોથી અખંડ ચાલે, ચાલે યુગો અનંત,
એ યાત્રાએ જરા ન શૈશવ ચિરયૌવન વરવાનાં: આ૦

પિનાકિન્ ઠાકોર

ફરી નહિ આવે આવો સમો

· મનહર ·

ફરી ફરી નહિ આવે કદી આવો સમો,
એક ઘડી મન માંહિ છોને આવી જાય અણગમો.
ફરી નહિ આવે આવો સમો.

કપરા આ કાળ મહીં આપણને જન્મ મળ્યો,
આપણે ફાળે જ આવી ફરજો ને ભાર ભળ્યો:
ખંડિયેર થકી ઊભાં કરવાં નવાં મકાન,
વિસવાદી કોલાહલે સંવાદનાં ગાવાં ગાન,
કાજળકોટડીમાંથી કોરા રહી નીકળવું,
જીવનની જ્યોતે સ્નેહ ઝરીને ઝળહળવું.

કપરા આ કાળ મહીં આપણને જન્મ મળ્યો,
જીવવા જિવાડવાની, ઝેર જીરવી જવાની
આપણે ફાળે જ આવી ફરજો ને ભાવ ભળ્યો:
હસતા મુખે એમાંથી સુધાને સારવવાની;
કસોટી કુંદન કેરી, કથીરનાં કામ નહિ,
પારસે સુવર્ણ લોહ અવરની હામ નહિ!

આપણી નિષ્ઠા તો એક કર્મ આપણને ગમો!
કપરા આ કાળ કેરી અપરા શક્તિને નમો!
ફરી ફરી નહિ આવે કદી આવો સમો.

પિનાકિન્ ઠાકોર



લોકમાન્યની પ્રતિમા જોઈને

· વસંતતિલકા ·

તેં પૃથ્વીએ પગલી આર્યકુલોની શોધી,
તારે પદે ઉદધિ આ ધૂઘવે સમર્થ;
તોડી અનેક યુગની જડ શૃંખલાઓ
નિર્બંધ થૈ પ્રલયનું ધમસાણ માગે.

ઉદ્‌ઘોષતો પ્રણમી સાગરરાજ તુંને:
પ્રાચી વિષે અમ નવોદિત ભાનુ જેવો
તું વ્યાસ, તેં શીખવિયો નવ ધ્યાનમંત્ર:
'નિષ્કામ કર્મ કરજો, તપ એ જ સાચું.'

તું હો ભલે સમયમૂર્તિ; વિષાદ મારે
એનો નથી. જગતપાંગણ કો વિભૂતિ
આવે યુગાન્તર વીત્યે પલટાવવા ને
સંરક્ષવા યુગજૂની નવ પેઢીઓને.

(સ્વ.) હરિશ્ચન્દ્ર ભટ્ટ



લોકમાન્ય બાળ ગંગાધર ટિળક

ઈ. ૧૮૫૭ પછી સ્વાતંત્ર્ય-સંગ્રામનો ખયાલ, સળંગસૂત્ર યોજના અને અશ્રાન્ત પ્રયાસો દ્વારા આ દેશને પહેલવહેલો આપનાર, અને આઝાદીના આંદોલનને શિક્ષિત વર્ગમાંથી આમ પ્રજા સુધી લઈ જઈ તેને ઐતિહાસિક વળાંક આપનાર ભારતની ક્રાંતિના પિતા

'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે' એ વાકય જ અત્યારે એટલું વ્યાપક અને પ્રસિદ્ધ બની ગયું છે કે તેના ઉદ્ગાતા લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનો હવે નવો શો પરિચય આપવો તેનો વિચાર થઈ પડે. એ રાષ્ટ્રવ્યાપી મન્ત્ર આપનાર ઋષિના જન્મને ગઇ ૨૩મી જુલાઇએ સો વર્ષ પૂરાં થયાં; અને રાષ્ટ્રની સ્વાતંત્ર્યભાવનાનો જન્મ પણ લગભગ એક સો વર્ષ પહેલાં '૫૭ના 'બળવા' રૂપે થયો. પણ એ અવ્યવસ્થિત સ્વાતંત્ર્ય-જાગૃતિ ઊગી એવી જ આથમી ગઈ. પારતંત્ર્ય સામેના એ અવ્યવસ્થિત અને અસ્તવ્યસ્ત 'બળવા' પછી વ્યવસ્થિત ને સુયોજિત સ્વાતંત્ર્યસંગ્રામનો ખયાલ, તેની સળંગસૂત્ર યોજના ને અશ્રાન્ત પ્રયાસો દ્વારા આ દેશને પહેલવહેલો લોકમાન્યે આપ્યો. આમ, લોકમાન્ય આપણા સ્વાતંત્ર્ય-ઇતિહાસ જેટલા જૂના છે; છતાં આજ સુધી આપણી સર્વ રાષ્ટ્રપ્રવૃતિઓમાં જાણે તેઓ સાથે જ ન હોય એવો ભાસ આપણને થાય છે. એનું કારણ લોકમાન્યનું સુપ્રભ વ્યક્તિત્વ અને વિરાટ કાર્ય છે.

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે,' એ ભાવનામન્ત્ર જેમ તેમણે દેશને આપ્યો તેમ, 'અને હું તે મેળવીશ જ' એ દૃઢસંકલ્પભર્યો આત્મવિશ્વાસનો પ્રાણપ્રતિષ્ઠાત્મક ચેતનામન્ત્ર પણ તેમણે જ રાષ્ટ્રના કાનમાં ફૂંક્યો. ઈ. ૧૯૪૭માં આપણને સ્વરાજ્ય મળ્યું ત્યારથી આજ–જ્યારે આપણે સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક આદિ અનેકવિધ ઉન્નતિ અને સ્વાતંત્ર્યનાં સોપાન પર ઊભા છીએ ત્યાં–સુધી પણ તે પ્રાણપ્રતિષ્ઠાત્મક મંત્રનો ઘોષ શમ્યો નથી. અને એટલે જ લોકમાન્ય આપણને સદી કે દશકાઓ જૂના લાગતા નથી.

સંપૂર્ણ ત્યાગભાવના, કઠોર સત્યપાલન, નિઃસ્પૃહ સેવાવૃત્તિ અને અડોલ ધ્યેયનિષ્ઠા દ્વારા તેઓ રાષ્ટ્રમુક્તિના પ્રણેતા બન્યા. પોતાની સુસ્પષ્ટ વિચારશક્તિ, અદમ્ય સંકલ્પશક્તિ ને વેધક બુદ્ધિશક્તિથી તેમણે રાષ્ટ્રમુક્તિને શકય બનાવવા માટે જે જે માર્ગો ગ્રહણ કર્યા તે સર્વમાં તેમને એકસરખીરીતે ઉત્તરોત્તર સફળતા મળતી રહી.

તેમની સર્વ પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને હતી ઉત્કટ દેશદાઝ. તે દેશદાઝને તેમણે બે પ્રકારે મૂર્ત કરી: એકનિષ્ઠ આચરણ કરીને અને પત્રકારત્વ દ્વારા તેને રાષ્ટ્રવ્યાપી બનાવીને. ભારતની સ્વરાજ્ય-સાધનામાં તેમનાં પત્રો 'કેસરી' અને 'મરાઠા'નો પણ ગણનાપાત્ર હિસ્સો છે. ભારતીય સ્વાતંત્ર્યઝંખનાની સતત, વ્યાપક, પ્રભાવપૂર્ણ અને પ્રેરક અસર પાડનારાં પત્રોમાં સંભવતઃ 'કેસરી' મોખરે છે.

ભારતસ્વાતંત્ર્યના સેનાનીઓમાં દાદાભાઇ, ટિળક અને ગાંધીજીનું સ્થાન પ્રધાન ત્રિમૂર્તિ તરીકેનું છે. ૧૯૦૬માં સૌપ્રથમ દાદાભાઈએ સ્વરાજ્યના ખયાલને જાહેરમાં વ્યક્ત કર્યો, ૧૯૧૬માં લોકમાન્યે તેને લોકોના જન્મસિદ્ધ હક તરીકે પ્રતિષ્ઠિત કર્યો અને ૧૯૨૦થી ગાંધીજીએ સતત અસહકાર-લડત ચલાવીને તેને સાકાર કરી બતાવ્યો.

પરંતુ રાજકીય સ્વરાજ્ય એ તો સર્વાંગી સ્વરાજ્યનો માત્ર પાયો છે એમ લોકમાન્ય વારંવાર કહેતા. એમણે જોકે રાજકીય સ્વરાજ્યને જ પ્રધાનપણે ઉદ્ઘોષ્યું અને તેને માટે જીવનભર ઝઝૂમ્યા, પણ તેની પાછળ પ્રેરક બળની પ્રબળ ભૂમિકા તો એમણે સદાકાળ સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક આદિ ક્ષેત્રોની જ રાખી હતી. એ પાયો એમણે કેટલો મજબૂત નાખ્યો હતો અને એની પાછળ એમણે કેવી પ્રગાઢ બુદ્ધિ અને અવિશ્રાંત મહેનત રેડી હતી એની સાક્ષી તો 'કેસરી'નાં પાનાં જ આજે પૂરી શકે. એમની જાજ્વલ્યમાન રાષ્ટ્રીય સેવાના તેજમાં એમની પ્રગાઢ વિદ્વત્તાનું પ્રશાન્ત તેજ ઢંકાઈ ગયું હતું. વસ્તુતઃ ધર્મ, સંસ્કૃતિ, સમાજ આદિથી માંડી ઇતિહાસ અને ગણિત સુધીના વિષયોને ક્ષેત્રે તેમણે કરેલું પ્રદાન જગતસમસ્તમાં વિશિષ્ટપણે ખડું રહી શકે એવું મહાન છે.

પરંતુ લોકમાન્યનું સર્વોત્કૃષ્ટ જીવનદર્શન તો એક મહાન અને અનન્યચિત્ત કર્મયોગી તરીકેનું છે. 'ગીતારહસ્ય'ના એ મહાન દ્રષ્ટાએ તે રહસ્યને જીવનની ક્ષણેક્ષણે આચારમાં ઉતારી આપ્યું. એ ગ્રંથસ્થ રહસ્યનું વ્યવહૃત અને ભવ્ય ઉદાહરણ લોકમાન્યનું જીવન આખું જ જાણે કે બની રહ્યું. સ્થિતપ્રજ્ઞની નિઃસ્પૃહતા અને અનાસક્તિ તેમના જીવનમાં વસ્ત્ર માંહેના તાણાવાણાની માફક વણાઇ ચૂકેલી. જીવનભરનો વ્યસ્ત કર્મયોગ એ તેમને મન ઈશ્વરભક્તિનો જ એક પ્રકાર હતો. આ અભિનવ સ્વરૂપે તેમને બહુ ઓછા ઓળખે છે, પણ વસ્તુતઃ પોતાની સુવિપુલ કર્મસમૃદ્ધિને ઈશ્વરને ચરણે અર્પી દઈને અને તેનું ઈશ્વરની આશિષથી પૂત થએલું વરદાન પોતે જેના વફાદાર પ્રતિનિધિ તરીકે આજીવન કર્મયજ્ઞ ચલાવ્યો તે ભારત-રાષ્ટ્રના હાથમાં સોંપીને, તેમણે તો એ જ નિઃસ્પૃહ અને અનાસક્ત ભાવે આંખો મીંચી દીધી.

મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશના દરિયાકિનારે આવેલા ચીખલી ગામમાં, આજથી બરાબર સો વર્ષ પહેલાં, ઈ.૧૮૫૬ની ૨૩મી જુલાઇએ, ચિત્પાવન બ્રાહ્મણ જાતિમાં વિદ્યાસંસ્કારસંપન્ન કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. એમના જન્મ બાદ એક જ વર્ષે ખેલાએલા '૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામની આગ તો હોલવાઈ ગઈ; પણ ટિળકે પોતાના જીવનના ઊગમથી જ એના અંગારને બીજે સ્વરૂપે પ્રગટાવીને એટલી સન્નિષ્ઠાથી એને ફરી જલતી રાખી કે તે રાષ્ટ્ર સમસ્તના 'લોકમાન્ય' બન્યા. એમનું મૂળ નામ તો એમના કુલદેવતાના નામ પ્રમાણે 'કેશવ' રખાએલું,

પરંતુ સૌકોઈ તેમને 'બાળ'ના લાડકા નામથી જ સંબોધતું; જે પરથી, જોકે મોટપણે તેમનું નામ 'બલવન્તરાવ' રખાએલું, પરંતુ દેશભરમાં તો તેમનું લાડીલું નામ 'બાળ' જ પ્રચલિત બન્યું.

તેમના પિતા શ્રી ગંગાધરરાવ ગણિત તથા સંસ્કૃતના અધિકારી પંડિત હતા. પહેલાં તો તેઓ પોતાના કસબાની એક સ્થાનિક શાળાના શિક્ષક હતા, પરતુ પાછળથી તેઓ ક્રમશ: થાણા તથા પૂના જિલ્લાની સરકારી નિશાળોના આસિસ્ટંટ એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર નિમાયા હતા. તેમણે શાળાના શિક્ષક તરીકેની નોકરી છોડી ત્યારે રત્નાગિરિવાસીઓ તરફથી તેમને વિદાય આપવા યોજાએલા જાહેર સમારંભમાં પ્રમુખપદેથી સંસ્કૃતના પ્રખર પંડિત અને ભારતીય પુરાતત્ત્વ ને સંસ્કૃતિના વિદ્વાન અભ્યાસી ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરે તેમના વિષે બોલતાં જણાવેલું કે 'તેમની વિદ્વત્તા કલ્પના ને સૂઝ, ઉદ્યમ બુદ્ધિમત્તા ને દયાળુપણું, તથા નિઃસ્પૃહતા ને પરોપકારબુદ્ધિ, એ ગુણો અર્વાચીન લોકોએ ધડો લેવા જેવા છે. આપણા પ્રાચીન ગુરુઓ કેવા હતા એમ જો કોઈ મને પૂછે તો હું એમની તરફ આંગળી ચીંધીને કહું કે તેઓ આમના જેવા જ સાદી રહેણીવાળા પણ ઉચ્ચ વિચારસરણીવાળા હતા.' માતા પાર્વતીબાઈ પણ અત્યંત ધાર્મિક વૃત્તિનાં અને નીતિપરાયણ સન્નારી હતાં. માતા અને પિતાના સર્વ ગુણો બાળમાં ઊતર્યા. પિતા પણ બાળનાં સંસ્કારઘડતર અને કેળવણી પાછળ ઓછું લક્ષ આપતા નહિ. સંસ્કૃત શ્લોકો તો તેઓ બાળને નાનપણથી જ કંઠસ્થ કરાવતા અને પ્રત્યેક શ્લોક કંઠસ્થ કર્યાના ઇનામ બદલ બાળને એક પાઈ મળતી. આ રીતે બાળે કેટલી યે પાઇઓની મૂડી જમા કરેલી!

વિદ્યાર્થી તરીકે તેઓ જેટલા તેજસ્વી તેટલા જ સાહસિક, નીડર, અડગ નિશ્ચયી અને પોતાને લાગેલા સત્ય માટે અટલ જક્કી હતા. એક વાર વર્ગમાં કોઇ વિદ્યાર્થીએ મગફળીનાં ફોતરાં વેરેલાં તે ઉપાડી લેવા શિક્ષકે બધા વિદ્યાર્થીઓને સજા ફરમાવી ત્યારે બાળે ચોખ્ખું સંભળાવી દીધું કે 'મેં ફોતરાં વેર્યાં નથી, ને હું એ નહિ ઉપાડું.' શિક્ષકે સોટી લીધી, તો બાળે દફતર-પાટી લઇ ઘર ભણી ચાલવા માંડ્યું. ઘેર તેમના પિતા પાસે શિક્ષકની ચિઠ્ઠી આવી ત્યારે પિતાએ જણાવ્યું કે 'મારો પુત્ર શાળામાં કશું ખાય એવો નથી, કારણ કે એવી આદત જ અમે ઘરમાં કોઇને પાડતા નથી.' શિક્ષક દાખલા ગણાવે તે બાળ મોઢેથી કરી આપે અને કહે 'સ્લેટની શી જરૂર?' એક વાર શ્રુતલેખનમાં 'સંત' શબ્દની જોડણી તેમણે 'સંત', 'સન્ત' અને 'સનત' એમ ત્રણ જુદીજુદી રીતે કરેલી. શિક્ષકે તો પહેલી જોડણી ખરી કહી બાકીની ખોટી ઠરાવી. મામલો પછી છેક હેડમાસ્તર સુધી પહોંચતાં ચુકાદો બાળની તરફેણમાં આવ્યો ત્યારે જ તેમને જંપ વળ્યો! નાનપણથી તેઓ સંસ્કૃત શ્લોકો રચતા પણ ખરા, જેમાંનો એક નમૂનારૂપે જોઇએ:

सदा गुणज्ञं सुपरीक्षणाय यं कवीन्द्रकाव्यामृतकाञ्चनस्य वै।
करोति लोके निकषं नु दुर्जनं खलाय तस्मायहिताय मे नमः॥

ગુણજ્ઞ હંમેશ પરીક્ષણે સદા, કવીન્દ્રકાવ્યામૃતસ્વર્ણની ય જે
કરે કસોટી જગમાંહ્ય દુર્જન, હું એ અકોણા ખલને નમુંનમું.

તેઓ અંગ્રેજીમાં ભણતા હતા તે વખતે ઈ. ૧૮૭૧માં તેમનું લગ્ન ધાર્મિક અને ખાનદાન 'બાળ' કુટુંબની નવ વર્ષની કન્યા તાપીબાઇ (જે સત્યભામાને નામે ટિળક કુટુંબની બની તેની) સાથે થયું હતું. લગ્ન પછીના 'આષાઢ-પાટી'ના રિવાજમાં બાળે જાતજાતનાં રમકડાંની ટોપલીને બદલે સો રૂપિયાનાં પુસ્તકો લેવા માટે રૂસણું લીધેલું!

તેમનું શરીર જન્મથી જ સાવ માયકાંગલા જેવું હતું. દરમ્યાન પિતાનું છત્ર દૂર થયું હતું, પોતાનું લગ્ન થયું હતું અને જવાબદારીનું ભાન પણ યથોચિત ઊગ્યું હતું, એટલે તેમણે સૌ પ્રથમ તો 'આદ્ય ધર્મસાધન' પોતાના શરીરને મજબૂત અને ખડતલ બનાવવાનું કાર્ય દૃઢ સંકલ્પપૂર્વક હાથ ધર્યું. કૉલેજનો પ્રારંભનો એક વર્ષનો અભ્યાસ તેમણે કોરે મૂક્યો. સાવ સુકલકડી અને કોઇ પણ તાણ સહન ન કરનારું તેમનું શરીર હવે ૮૦૦ દંડ ને એટલી જ બેઠકો કરવા જેટલું સશક્ત બન્યું ને સતત બબ્બે કલાક પાણીમાં તરવાની મોજ માણવા લાગ્યું. એક વર્ષમાં તો તેમણે શરીરને એવું ખડતલ બનાવ્યું કે પાછળથી કાળાં પાણીની અત્યંત કષ્ટકારી સજા જેવા અનુભવો તે લીલામાત્રમાં સહી શક્યું અને આખર સુધી એવું જ અડીખમ ને અડોલ ટકી રહ્યું.

પૂનાની પ્રસિદ્ધ ડેક્કન કૉલેજમાં તેઓ અભ્યાસ કરતા હતા તે દરમ્યાન તેમણે મરાઠી વ્યાકરણ, મરાઠી વૃત્તો, ગણિત, સંસ્કૃત, ઇતિહાસ, ધર્મશાસ્ત્ર, ખગોળ વગેરે વિષયોનો વ્યવસ્થિતપણે અને ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. સંસ્કૃતમાં કાવ્ય લખવાનું તો કૉલેજમાં પણ તેમણે



વિનીતોની નેતાગીરી નીચે ચાલતી કૉંગ્રેસને માત્ર વિવાદની સ્થિતિમાંથી બહાર કાઢીને સ્વરાજ માટેનું સબળ આંદોલન જગાડનારી સંસ્થા બનાવવાની મહત્ત્વાકાંક્ષા સેવતી લાલ, બાલ ને પાલની ત્રિપુટી : લાલા લજપતરાય, બાલ ગંગાધર ટિળક અને બિપિનચંદ્ર પાલ

લોકમાન્ય ટિળકને છ વર્ષની દેશનિકાલની સજા થઇ તે વેળા મુંબાઈના ગવર્નર તરીકે સર જ્યૉર્જ સિડનહૅમ ક્લાર્ક (પાછળથી લૉર્ડ) હતા. તેમને સંતાનમાં માત્ર વીસએકવીસ વર્ષની એક પુત્રી, જે ફિલસૂફી લઇને ઑક્સફર્ડની બી. એ. થઈ હતી. સંજોગવશાત્ મારા મોટા ભાઈ સ્વ. જયસુખલાલ ફિલસૂફી લઇને એમ. એ. થએલા અને તેમણે હર્બર્ટ સ્પેન્સરની ફિલસૂફી વિષે એક નાની પુસ્તિકા છપાવેલી. જયસુખલાલ તે સમયે હિંદી વેપારી ચૅમ્બરના મંત્રી. આ પુસ્તિકા વાંચવામાં આવતાં ચૅમ્બરમાં તે કોઇકોઇ વાર આવીને જયસુખલાલને મળતી.

લોકમાન્યને સજા થઈ તે વિશે તેણે આવીને જયસુખલાલ સાથે ચર્ચા પણ કરેલી અને પરિણામે તે ઊર્મિલ યુવતી ત્યાં રડી પડેલી. ઘેર આવીને તેણે પિતા પાસે રઢ લીધી કે આવા પ્રખર વિદ્વાનને કાળાં પાણીની સજા ન જ થવી જોઇએ. પિતાએ તેને બહુ સમજાવી, પણ પેલી એકની બે ન થઈ. પિતાએ વિચારતાં વિચારતાં પુત્રીનું મન સચવાય અને લોકમાન્ય ટિળક છ વર્ષ દેશવટો તો ભોગવે જ એવો માર્ગ શોધી કાઢ્યો;–તે રંગૂનમાં તેમને થીબૉના રાજમહેલમાં રાખવાનો!

લોકમાન્ય ટિળકની તો આંદામાન જવાની જ તૈયારી હતી. પણ ગવર્નર પાસે વિદ્યાની ભક્ત ને વિદ્વાનોની પ્રશંસક પુત્રીએ સજામાં ફેરફાર કરાવ્યો ને પરિણામે લોકમાન્યે મંડાલેમાં બેસીને 'ગીતારહસ્ય' લખ્યું.

પછી તે પુત્રીને ક્ષય લાગુ પડ્યો અને ગુજરી ગઈ.

એક વાર લોકમાન્ય ઉપર સરકાર કામ ચલાવતી હતી. સાપ્તાહિક 'ગુજરાતી'માં અંગ્રેજી કૉલમો લખનાર એન. વી. ગોખલેએ સરકારનો પક્ષ ખેંચ્યો. સર ફિરોઝશાહે ગોખલેને ચૅમ્બરમાં બોલાવી સારી પેઠે ખખડાવ્યા. 'તમે હિંદી થઇને ટિળક ઉપર કામ ચલાવવા બદલ પરદેશી સરકારને અભિનંદનો આપો છો! તમે શરમાતા નથી? હા, આપણા અને લોકમાન્યના માર્ગ જુદા છે, પણ યાદ રાખજો કે ટિળકની દેશભક્તિ અને તેમનો ત્યાગ આપણા કરતાં સોગણાં વધારે છે!'

ટિળકદાદાના ઘરમાં એક સમર્થ હિંદી નેતા વાત કરવા આવ્યા હતા. વાત ચાલતી હતી તેવામાં એક કૉલેજિયન આવ્યો. 'દાદા, આ એક દાખલો શીખવશો?'

'તમે પરાંજપે જેવા ગણિતશાસ્ત્રી પાસે શીખો છો તે એમને જ કેમ પૂછતા નથી?' લોકમાન્યે પ્રશ્ન કર્યો.

'પણ આ દાખલો તો આજ ચારપાંચ દિવસ થયાં એમનાથી પણ બેસતો નથી.' જવાબ મળ્યો.

'સમજ્યો–એટલો વખત પોતે ફાજલ નહિ પાડી શકતા હોય; બાકી એમનાથી ન બેસે તે હું માનતો નથી. પણ હરકત નહિ; લાવો હું બેસાડી આપું.' કહી ટિળકે દાખલો ગણી આપ્યો.

બીજે દિવસે વર્ગમાં વિદ્યાર્થીએ તે દાખલો બોર્ડ ઉપર કરી બતાવ્યો. સર રઘુનાથ પરાંજપેએ હસતાં હસતાં કહ્યું: 'અલ્યા, ટિળકદાદા પાસે પહોંચ્યો લાગે છે! પરાંજપે જે દાખલો ન કરી શકે તે ટિળકદાદા સિવાય બીજો કોઈ માનવી કરી શકે નહિ.'

છ વર્ષની ટીપ લાગેલી. ટિળક મહારાજને વિક્ટોરિયા ટર્મિનસથી સેકન્ડ ક્લાસના ડબ્બામાં રાતના લઈ જવામાં આવતા હતા. એક બર્થ ઉપર ટિળક મહારાજ, અને સામે ત્રણ લશ્કરી અમલદાર. બરાબર દસ વાગ્યા એટલે ટિળક મહારાજે સૂવાની તૈયારી કરી અને પાંચ મિનિટમાં ઊંઘી ગયા. સવારે સાડા પાંચે ઊઠીને મોં ધોવાની તૈયારી કરી.

એક લશ્કરી અમલદારે કહ્યું: 'આપના જેવો માણસ મેં હજી જોયો નથી! માથે છ છ વર્ષની સજા ઝઝૂમી રહી છે; આપને ક્યાં લઈ જવાના છે એ પણ આપ જાણતા નથી, અને છતાં દસ વાગ્યે સૂઇને નિરાંતે સાડા પાંચે ઊઠો છો!'

'ભાઈ, એ બધી ચિંતા કરવાની ટેવ હોત તો આ ક્ષેત્રમાં હું પડ્યો શા માટે હોત? કોણ મારે ત્યાં ચોખા મૂકવા આવ્યું હતું?' ઉત્તરમાં ટિળક મહારાજે કહ્યું.

ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા

ચાલુ રાખેલું. ત્યારે તેમણે લખેલા **मातृविलाप** નામના કાવ્યના નમૂનારૂપ બે શ્લોકો નીચે આપ્યા છે:

पितरौ प्रथमं ततः सुतो हननस्य क्रम एष भो विधे।
तनयः प्रथमं कथं त्वया मम नीतः प्रतिकूलचारिणा॥
न भवान् भवनाद् बहिर्गतोऽनुमतिं प्राप्य कदापि नो मम।
अधुना परिहाय मां कथं सुत नापृच्छ्य दिवं प्रयास्यसि॥

પ્રથમે વિધિ, માતતાત ને સુત લેતો પછી, તાહરો ક્રમ;
સુતને પ્રથમે લઈ લીધો મુજ કાં તેં પ્રતિકૂલચારીએ?
કદી તું ઘરબ્હાર નીસર્યો નથી લીધા વિણ માહરી રજા;
અવ કાં મુજને તજી દઈ સુત, પૂછ્યા વિણ સ્વર્ગ સંચર્યો?

ઈ.૧૮૭૭માં ડેક્કન કૉલેજમાંથી તેઓ ગણિતનો વિષય લઇને પ્રથમ શ્રેણીમાં માન સહિત બી.એ. થયા. પછી કાયદાના અધ્યયન માટે તેઓ મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા અને ઈ. ૧૮૭૯માં એલએલ. બી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. જોકે કાયદાના અભ્યાસ દ્વારા તેઓ વકાલત કરી પૈસા ન કમાયા, પણ તે અભ્યાસે (ખાસ કરીને હિંદુ ધર્મશાસ્ત્રવિષયક જ્ઞાને) આગળ ઉપર સાર્વજનિક ક્ષેત્રે રાષ્ટ્રોન્નતિને નડતરરૂપ રાજકીય, સામાજિક વગેરે અનેક કુધારાઓની સામે લડવામાં તેમને અમૂલી સહાય આપી.

વિદ્યાર્થીકાળમાં જ તેમણે પોતાના સહપાઠી શ્રી ગોપાળ ગણેશ આગરકર સાથે સંકલ્પ લીધેલો કે નોકરી કરી પેટપૂજા કરવાનો મોહ છોડીને જીવનભર દેશ અને સમાજની સેવા કરવી. એ બંનેના સંકલ્પોએ પછી તો નિરનિરાળા પરંતુ વ્યાપક અને સફલ માર્ગો લીધા. આગરકરે સમાજોદ્ધારના કાર્યમાં રાતદિન મચ્યા રહીને સામાજિક આબાદીનો, અને ટિળકે રાજકારણના ક્ષેત્રમાં જોમપૂર્વક ઝંપલાવીને આઝાદીનો દૃઢમૂલ પાયો નાખ્યો.

કૉલેજની કારકિર્દી પૂરી કરીને ૧૮૮૦ની ૧લી જાન્યુઆરીએ તેમણે પ્રખ્યાત મરાઠી સાહિત્યકાર શ્રી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરની સાથે, પોતાના લોકસેવાના સંકલ્પના પ્રથમ સોપાનરૂપે પૂનામાં 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ' નામની એક સાર્વજનિક શિક્ષણસંસ્થાની સ્થાપના કરી. આમ, ટિળક આગરકર ને આપ્ટે–અને પછી ગોખલે જેવા મહાનુભાવોએ, મહારાષ્ટ્રમાં ખાનગી શિક્ષણસંસ્થાઓ ચલાવવાનો દાખલો બેસાડ્યો, જેનું અનુકરણ ત્યાર બાદ પંજાબ અને મદ્રાસ જેવા પ્રદેશોએ કર્યું. પછી જનજાગૃતિ માટે સમાચારપત્રોનું પ્રથમ અનિવાર્ય મહત્ત્વ ઓળખીને તેમણે મરાઠી ભાષામાં 'કેસરી' ને અંગ્રેજીમાં 'મરાઠા' નામનાં સાપ્તાહિકો શરૂ કર્યાં, જેમાં શ્રી આગરકરનો પણ બહોળો સાથ હતો. આ પત્રોને અનુસરીને તો જાણે કે સમસ્ત દેશના સ્વાતંત્ર્યનો ઇતિહાસ આગળ ઘડાયો છે; કારણ કે ભારતની રાષ્ટ્રીય જાગૃતિના જનક ટિળકની સ્વા-

તંત્ર્ય લડતનાં તે સૌથી ઉપયોગી ને ઉત્તમ સાધનો બની રહેલાં. 'કેસરી'ને લોકપ્રિય બનાવવા માટે તો ટિળક અને આગરકરે ઘણું કષ્ટ વેઠયું. મજૂરોની જેમ તેઓ જાતે પણ બીબાંનાં ખોખાં માથા પર ઊંચકીને છાપખાના સુધી લઈ જતા અને ક્યારેક તો ઘેર ઘેર ફરીને પોતાના ગ્રાહકોને 'કેસરી'ની નકલો પહોંચાડતા. કોલ્હાપુર રાજ્યના તત્કાલીન કુશાસનના સંબંધમાં તેમણે 'કેસરી'માં છાપેલી વિગતોને કારણે ઈ. ૧૮૮૨માં સરકારે 'કેસરી' પર માનહાનિનો આરોપ મૂકી મુકદમો ચલાવેલો, ને તેમને શ્રી આગરકર સાથે ચાર માસની જેલ મળેલી. લોકજાગૃતિના તેમના પ્રયાસો કેટલા શીઘ્રફલદાયી નીવડેલા તેની પ્રતીતિ રૂપે એક ઉદાહરણ નોંધીએ, કે તેમના પર જ્યારે મુકદમો ચાલતો હતો ત્યારે તેમને આર્થિક સહાય આપવા માટે લોકો તરફથી એક નાટક ભજવાયું હતું, જેમાં ગોપાળ કૃષ્ણ ગોખલેએ સ્ત્રીનો વેશ લીધો હતો! અને તેઓ જ્યારે જેલમાંથી છૂટયા ત્યારે જનતાએ હજારોની સંખ્યામાં તેમનું ઉત્સાહભેર ભાવભીનું સ્વાગત કર્યું હતું.

તે પછી ત્રણ વર્ષે ઈ. ૧૮૮૪માં તેમના ઉત્સાહી સાથીઓએ 'ડેક્કન એડ્યુકેશન સોસાએટી'ની સ્થાપના કરી ત્યારે નામમાત્રનું ૩૦ રૂપિયાનું માસિક વેતન લઇ પોતાની સેવાઓ તેને આપવાનું એમણે વ્રત લીધું. એ સંસ્થા ઇ. ૧૮૮૫માં 'ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ'માંથી 'ફર્ગ્યુસન કૉલેજ'માં પરિણત બની ત્યારે તેમાં તેઓ ગણિત અને સંસ્કૃતના પ્રોફેસર તરીકે કામ કરવા લાગ્યા. પરંતુ થોડા સમયમાં જ સમિતિના અન્ય કાર્યકર્તાઓ સાથે તેમને કાર્યનીતિ વિષે ગહન મતભેદ પડતાં ઈ. ૧૮૯૦માં સમિતિ અને સમિતિ સાથે સંબંધ ધરાવતાં સર્વ કાર્યોથી તેમને પોતાની જાતને સદા માટે અળગી કરવી પડી. એ જ અરસામાં, 'કેસરી' અને 'મરાઠા' પત્રોમાં દેશોદ્ધાર નહિ પણ સમાજોદ્ધારના મહત્ત્વને અગ્રસ્થાને મૂકતા પોતાના સહયોગી શ્રી આગરકર સાથે પણ એ મહત્ત્વ બાબત મતભેદ જાગતાં તે પણ એમનાથી છૂટા થયા. જવાબદારીઓના ભરચક બોજાને ટાંકણે જ તેઓ આમ એકલા પડી ગયા, પરંતુ તેથી હિંમત હાર્યા વિના પ્રથમના એ જ જુસ્સા અને જોમને બેવડાવીને તેમણે પત્રોની સઘળી જવાબદારી પોતાને શિર ઉપાડી લીધી. પરિણામે 'કેસરી' અને 'મરાઠા'ની ખ્યાતિ તથા ચાહના તો મહારાષ્ટ્રની સીમાઓ ઓળંગી દેશભરમાં ઉત્તરોત્તર વધતી જ ચાલી. દરમ્યાન પોતાની આજીવિકા ચલાવવા માટે તેમને એક ખાનગી કાયદા-વર્ગ શરૂ કરવો પડેલો, પરંતુ સાર્વજનિક જવાબદારીઓ વધવાની સાથે તેમણે તે વર્ગ પણ ઈ. ૧૮૯૭માં બંધ કર્યો, અને પોતાની જાત કે પેટ વિષે ક્ષણભર પણ વિચાર કર્યા વિના અનન્યતમ નિષ્ઠાપૂર્વક તેમણે સ્વદેશસેવાના ક્ષેત્રને સ્વીકારી લીધું.

હવે જનોત્થાન વિષયક તેમણે શરૂ કરેલી ખંડનાત્મક અને મંડનાત્મક અનેક પ્રવૃત્તિઓમાંથી બે પ્રસંગો ખાસ ઉલ્લેખપાત્ર છે: એક તો ઈ. ૧૮૮૮માં ઊભો થએલો ક્રૉફર્ડ-પ્રકરણનો, ને બીજો તેમણે ૧૮૯૩ ને '૯૪માં મહારાષ્ટ્રમાં વ્યાપકરીતે પ્રચલિત કરેલા 'ગણેશોત્સવ' અને 'શિવાજી-જન્મોત્સવ'ના તહેવારોનો. રત્નાગિરિના એક લાંચ-રુશ્વતખોર ગોરા અમલદાર ક્રૉફર્ડ તથા તેના હાથ નીચેના કેટલાક હિંદી જમીનદારો પર મુકદ્દમો ચલાવવાનું સરકાર વિચારતી હતી. પણ લોકોનો આ વિષયમાં વધુ રસ જોઈ સરકારે નીતિ પલટી, અને એક અંગ્રેજને બદનામ થતો અટકાવવા માટે તપાસ-સમિતિ નીમીને બધો જ દોષ હિંદી જમીનદારો પર ઢોળી દઈ તેમના પરના પર બે વર્ષની જેલની તથા ૨૦૦૦ રૂપિયાના દંડની સજા ઠોકી બેસાડી ને ક્રૉફર્ડને તદ્દન નિર્દોષ જાહેર કર્યો! આ અન્યાયનાટકને ટિળકે છેક પાર્લમેન્ટના સભ્ય મિ. ડિગ્બી તથા બ્રૅડલૉ સુધી પત્રોની લખાપટ્ટી કરી પડકાર્યું. તેનું જોકે કોઇ સીધું પરિણામ આવ્યું નહિ, પરંતુ આથી સરકારની અ ચાયી અને પોલી રાજનીતિ વિષે જનતાને વ્યાપક જાણ થઇ અને લોકનેતા ટિળક પર લોકોની શ્રદ્ધા વધુ દૃઢ થઇ. બીજી બાજુ તેમણે એક અભિનવ રચનાત્મક કાર્ય આદર્યું. મહારાષ્ટ્રમાં તેમણે એક નવી જ ભાવનાપૂર્વક 'ગણેશોત્સવ' અને 'શિવાજી-જન્મોત્સવ'ના તહેવારો ઊજવવાની શરૂઆત કરી અને તે દ્વારા ધર્મ તેમજ રાષ્ટ્રના ગૌરવની સંયુક્ત ભાવનાને જગાડીને વીખરાએલી લોકશક્તિને સુસંગઠિત કરી. આમ, રાષ્ટ્રીયતાનો એક જબરદસ્ત મોરચો તેમણે મહારાષ્ટ્રમાં સહજ રીતે ઊભો કરી દીધો.

ઈ. ૧૮૯૫માં તેઓ મુંબાઈની પ્રાંતીય ધારાસભાના સભ્ય ચૂંટાયા, અને ત્યાં પોતાના પહેલા જ ભાષણમાં તેમણે સરકારી નીતિની કડવી આલોચના કરીને પોતાની નિર્ભીક દેશભક્તિનો પરિચય આપ્યો. આ જ દિવસોમાં મહારાષ્ટ્રમાં ફાટી નીકળેલા પ્લેગ અને ભયંકર દુકાળ વખતે બંદોબસ્તને નામે ગોરા સૈનિકોએ લોકો પર અનેક પ્રકારના અત્યાચાર ગુજારેલા. લોકમાન્યે તે સર્વને 'કેસરી' દ્વારા વાચા આપી, અને બીજી બાજુ પોતે ગામડેગામડે અન્ન-વહેંચણીનો પ્રબંધ કરાવ્યો તથા પીડિતોની શુશ્રૂષા માટે પૂનામાં જનતાના ફાળાથી એક ચિકિ-





ડાબી બાજુ: ઈ. ૧૯૩૦ની અસહકાર-લડત વખતે 'કુમારે' યોજેલી મહાત્મા ગાંધીજી તથા લોકમાન્ય ટિળકની છબિઓવાળી બે ટિકિટો પૈકીની બીજીનું આલેખન; જમણી બાજુ: ગયા માસમાં લોકમાન્યની જન્મશતાબ્દી પ્રસંગે ભારત સરકારે બહાર પાડેલું ફર્સ્ટ-ડે કવર.

ત્સાલય સ્થાપ્યું. ઉપરાંત બીજાં પણ રચનાત્મક રાહત-કાર્યો તેમણે હાથમાં લીધાં. બરાબર આ જ વખતે સરકારે નીમેલી અંગ્રેજોની પ્લેગ-રાહત-સમિતિના ચૅરમૅન મિ. રૅન્ડનું, દામોદર હરિ ચાફેકર નામના એક યુવકે ખૂન કરતાં તેને અને તેના ભાઈ બાળકૃષ્ણને ફાંસી દેવામાં આવી. સાથોસાથ 'કેસરી' હિંસક પ્રવૃત્તિઓને ઉત્તેજે છે એમ જણાવી ખૂનનો આરોપ સરકારે ટિળક પર પણ મૂક્યો અને ઈ. ૧૮૯૭ની ૧૪-મી સપ્ટેમ્બરે તેમને દોઢ વર્ષની કેદની સજા ફરમાવી. સજા હતી તો માત્ર દોઢ વર્ષની, છતાં પ્રો. મૅક્સમૂલર, સર વિલિયમ હન્ટર, સર રિચાર્ડ ગાર્થ, મિ. વિલિયમ કેન આદિ અગ્રણી યુરોપિયન વિદ્વાનોએ આ અપ્રતિમ જ્ઞાનપ્રતિભાસંપન્ન સરસ્વતીપુત્રને જેલમાંથી છુટકારો આપવા છેક રાણી વિક્ટોરિયા સુધી અરજી કરેલી. પરિણામે સજા ટૂંકાવાઇને એક વર્ષની જ બની. જ્યારે તેઓ જેલમાંથી છૂટ્યા ત્યારે તેમનાં દર્શન અર્થે જનતા હજારોની સંખ્યામાં ઊમટી પડેલી.

આ સમય સુધીમાં તો તેમણે હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પણ ઘણું ઊંચું સ્થાન મેળવી લીધું હતું. એ કાળમાં વિનીતોની નેતાગીરી નીચે ચાલતી કૉંગ્રેસને, માત્ર વિવાદ-સભાની સ્થિતિમાંથી ઉપાડીને સ્વરાજ્ય માટેનું સબળ આંદોલન જગાડનારી સંસ્થા બનાવવાની તીવ્ર મહત્ત્વાકાંક્ષા સેવતી લાલ, બાલ અને પાલની ત્રિપુટીએ જનતાને મુગ્ધ કરી હતી : 'લાલ' એટલે લાલા લજપતરાય, 'બાલ' એટલે બાળ ગંગાધર ટિળક અને પાલ એટલે બિપિનચન્દ્ર પાલ. એમણે ઈ. ૧૯૦૫માં લૉર્ડ કર્ઝને પાડેલા બંગાળના ભાગલાનો સબળ વિરોધ પોકારેલો. તે પછી ઈ. ૧૯૦૭માં સુરતમાં ભરાએલા કૉંગ્રેસ-અધિવેશન વખતે ઉગ્ર ને નરમ દળ વચ્ચે તોફાની ભંગાણ પડ્યું અને તેમાં આ નેતા-ત્રિપુટીવાળા ઉગ્ર દળને કૉંગ્રેસથી અલગ થઇ જવું પડેલું. ઈ. ૧૯૦૮માં તેમણે 'કેસરી'-માં 'બૉમ્બનું રહસ્ય' શીર્ષક હેઠળ જે લેખો લખવા માંડ્યા તેને, તેમની હાજરીથી નિરંતર ભયભીત રહેતી સરકારે, રાજદ્રોહાત્મક ગણાવીને તેમને ગિરફતાર કરી તેમના પર મુકદ્દમો ચલાવ્યો. આ વખતે તો એમને છ વર્ષની કાળાં પાણીની તથા ૧૦૦૦ રૂપિયાના દંડની અત્યંત કઠોર સજા મળી. પણ તેણે તપસ્વી ટિળકના ભવ્ય લલાટ પર એક કરચલી પણ પડવા ન દીધી. તેમણે કેવળ એટલું જ કહ્યું : 'જોકે જૂરીએ મારી વિરુદ્ધમાં ચુકાદો આપ્યો છે, પણ તો ય મારા અંતરાત્માનો ચુકાદો છે કે હું સ્પષ્ટતઃ નિર્દોષ છું. વસ્તુતઃ મનુષ્યની શક્તિથી યે અધિક ક્ષમતાશાળી એક બીજી દૈવી શક્તિ છે. તે જ પ્રત્યેક વ્યક્તિ અને રાષ્ટ્રના ભવિષ્યનું નિર્માણ અને નિયંત્રણ કરે છે. શક્ય છે કે દૈવની આ જ ઇચ્છા હોય કે સ્વતંત્ર રહેવાને બદલે કારાગારમાં રહેવાથી મારું અભીષ્ટ કાર્ય કદાચ સિદ્ધ થાય.'

સજા ભોગવવા માટે એમને બ્રહ્મદેશની રાજધાની મંડાલેમાં લઈ જવામાં આવ્યા. અહીં તેમને રહેવા માટે એક નાનકડું લાકડાનું કોટડું બનાવવામાં આવેલું, જે પશુઓને પણ રહેવા યોગ્ય ન હતું. આ દરમ્યાન તેમણે ફ્રેન્ચ અને જર્મન ભાષાનો અભ્યાસ કર્યો, અને લગભગ પાંચસો ગ્રંથોનું અધ્યયન કરીને 'કર્મયોગ અથવા ગીતા-રહસ્ય' નામના અમર તાત્ત્વિક ગ્રંથની રચના કરી, જેમાં ભગવાન શંકરાચાર્ય પછી શ્રીમદ્ભગવદ્ગીતાનું સૌથી મોટું અને વિશદ ભાષ્ય તેમણે પ્રસ્તુત કર્યું છે.

કાળાં પાણીની સજાની અવધિ પૂરી થયે ઈ. ૧૯૧૪ના જૂનની ૧૭મી તારીખે તેઓ સ્વદેશ પાછા ફર્યા ત્યારે કૉંગ્રેસનું સુકાન વિનીતોના હાથમાંથી સરી ગયું હતું અને દેશના રાજનૈતિક ક્ષેત્રમાં જન-જાગરણનો સ્વર અત્યંત ઊંચે સુધી ઊઠ્યો હતો તેમજ પહેલા મહા-યુદ્ધને કારણે તો વળી વાતાવરણ અપૂર્વ ચેતનવંતું બની ગયું હતું. થોડા સમય સુધી આ સ્થિતિનું અધ્યયન કરતા રહી ઈ. ૧૯૧૬ની ૨૭મી એપ્રિલે તેમણે શ્રીમતી ઍની બિસન્ટ સાથે 'હોમરૂલ લીગ' નામની સ્વરાજ-સંસ્થા સ્થાપી અને દેશભરમાં સ્વરાજ્ય માટે પ્રચંડ આંદોલન શરૂ કર્યું. ફલતઃ ઈ. ૧૯૧૬નું લખનૌનું કૉંગ્રેસ-અધિવેશન તેમના પ્રમુખપદ નીચે મળ્યું. આ સમયે ઉગ્ર, નરમ અને મુસ્લિમ સર્વ પક્ષના આગેવાનોએ સાથે મળીને એકી અવાજે 'હોમરૂલ'—સ્વરાજની માગણી જાહેર કરી; અને મહમદઅલી ઝીણાની આગેવાની હેઠળના મુસ્લિમો સાથે તેમણે હિંદુ-મુસ્લિમ-એકતાના પ્રસિદ્ધ 'લખનૌ-કરાર' આ અધિવેશનમાં જ કર્યા.

લોકમાન્યને કાળાં પાણીની સજા થયા પછી સર વૅલેન્ટાઈન શિરૉલ નામનો એક અંગ્રેજ અધિકારી ભારતના રાષ્ટ્રીય આંદોલનનો અભ્યાસ કરવા આવેલો, અને તે અભ્યાસના પરિણામ રૂપે તેણે ઈ. ૧૯૧૮માં 'અનરેસ્ટ ઈન ઇન્ડિયા' (ભારતમાં અશાંતિ) નામનું પુસ્તક લખ્યું. એમાં તેણે ભારતના રાષ્ટ્રીય અસંતોષનું મૂળ લોકમાન્યને જ ગણાવીને તેમના વિષે ઘણી બેહૂદી અને બિનપાયેદાર વાતો ચર્ચી હતી. લોકમાન્યે આથી તેના પર વિલાયતની પ્રિવી કાઉન્સિલમાં ૧ લાખ રૂપિયાનો બદનક્ષીનો દાવો માંડ્યો, પરંતુ આમાં પણ 'અંગ્રેજ પ્રતિષ્ઠા'ને આંચ ન આવે તે માટે ચુકાદો તેમની વિરુદ્ધ આપવામાં આવ્યો, અને લોકમાન્યને સામેથી એક લાખ રૂપિયા ભરવા પડ્યા! જોકે વિલાયતનો તેમનો આ ફેરો એળે તો ન જ ગયો. ત્યાં ભારતીય સ્વાધીનતાના પક્ષમાં આંદોલન વહેતું કરવાના તથા કોંગ્રેસની લડત-શાખાનું સંગઠન કરવાના અને ખાસ તો પાર્લમેન્ટના મજૂરપક્ષના સભ્યોની ભારત માટે સહાનુભૂતિ મેળવવાના તેમણે સફળ પ્રયાસો કર્યા.

વિલાયતથી સ્વદેશ પાછા ફરતાં જ તેમને સહાય કરવા માટે દેશે એક લાખ રૂપિયાની થેલી અર્પણ કરી, પરંતુ ત્યાગમૂર્તિ ટિળકે તે રકમ દેશસેવા માટે હોમરૂલ લીગને ભેટ આપી દીધી. એ સ્વરાજ-આંદોલન તેમણે પૂરાં ચાર વરસ સુધી ચાલુ રાખ્યું. ૧૯૧૯માં 'ઇંડિયા-બિલ' ઉપર ભારતનું દૃષ્ટિબિંદુ સમજાવવા તેઓ વિલાયત ગએલા. સરકારે મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ રિપોર્ટના આધાર પર 'મૉન્ટ-ફર્ડ સુધારા'ને નામે જાણીતા રાજવહીવટી સુધારા બહાર પાડ્યા, પણ લોકમાન્યે તત્કાલ પોતાની વિશિષ્ટરીતે તેનો વિરોધ કરી તેને 'ખરા સુધારાનો રૂપિયે એક આની જેટલો જ નજીવો ભાગ છે' એમ બુલંદ અવાજે જાહેર કરી નકારી કાઢ્યા.

વિલાયતથી પાછા આવીને તેમણે 'ડેમૉક્રેટિક સ્વરાજ્ય પાર્ટી' નામનું નવું દળ સ્થાપવાનો નિર્ણય જાહેર કર્યો આ જ અરસામાં ગાંધીજી સત્યાગ્રહની ભૂમિકા ઉપર 'અસહકાર'નું આંદોલન શરૂ કરવાનું વિચારતા હતા. લોકમાન્યે તેમની સાથે તેની ચર્ચા-વિચારણા કરી.

આમ, ભારતના એ અગ્રિમ રાષ્ટ્રવિધાયકે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા માટેના સર્વ માર્ગોનું અંતિમ ખેડાણ કરી રાખ્યું હતું. ભારતની જનતામાં રાષ્ટ્રનો ઉદ્રેક પ્રકટાવનાર એમનો પેલો અમર મુક્તિમંત્ર–'સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ હક છે, ને તે હું મેળવીશ જ'–લોકહૃદયમાં આગના અક્ષરે અંકિત થઈ ગયો હતો. એ મંત્ર દ્વારા ભારતવર્ષના પ્રત્યેક બાળકને હૈયે વિરાટ વિભૂતિ રૂપે તેઓ વ્યાપી ગયા હતા અને પ્રજા કોઈ પણ હાકલ માટે ખડે પગે તૈયાર થઈ રહી હતી.

વિલક્ષણ નિર્ણયશક્તિ, નિર્ભય લડાયક વૃત્તિ અને અપ્રતિમ બુદ્ધિ-કૌશલ્યથી તેમણે રાજકારણના ક્ષેત્રમાં ભજવેલો ભાગ એટલો બધો તો ગણનાપાત્ર છે કે મહાત્મા ગાંધીજીએ તેને ઉદ્દેશીને કહેલું કે 'તેમણે સ્વરાજ્યને ઘણું ઢૂકડું આણી આપ્યું.' રાજકારણીય પ્રતિભા (જે એમની સુવિકસિત બહુમુખી પ્રતિભાનો તો અંશ માત્ર હતી તે) (અનુ.પૃ.૩૩૨)



મિસરના રણપ્રદેશમાં થઇને વહેતી નાઈલ નદીનું વિહંગદશ્ય. એ નદીના બંને કાંઠા પર માત્ર આઠ માઈલ સુધીના વિસ્તારમાં જ નાઈલની નહેરોના પાણીને સહારે ખેતી કરીને લોકો વસી શકે છે. બાકી સમગ્ર પ્રદેશ નિર્જન રણનો છે.

અસ્વાન બંધ અને આજે જેનો ઝગડો પડ્યો છે તે સુએઝની નહેર

લેખક • ઈસ્માઈલ ઇબ્રાહીમ મનસૂરી • બી.એ.,બી.ટી.

પરદેશી ધૂંસરી નીચે બહુ જ ઓછા પ્રમાણમાં ખિલવણી થઇ શકવાથી હજી સુધી એશિયા અને આફ્રિકાના મોટા ભાગના દેશો પછાત છે. આ દેશોની આર્થિક પ્રગતિમાં રાજકારણ કેટલો અગત્યનો ભાગ ભજવે છે, તેનો દાખલો મિસરની અસ્વાન બંધની યોજનામાંથી મળી રહે છે.

મિસર સહરાના રણનો એક ભાગ જ કહી શકાય. તેનો મોટા ભાગનો પ્રદેશ નિર્જન છે. આ દેશમાંથી નાઈલ નદી પસાર થાય છે. ભારતની ગંગા અને પાકિસ્તાનની સિંધુ નદીની માફક તે મિસરની અન્નપૂર્ણા હોઈ ત્યાંના લોકોને માટે એક મહાન આશીર્વાદ સમાન છે. આથી લોકો તેને 'ફાધર નાઈલ' પણ કહે છે. જો આ નદી આ દેશમાંથી પસાર થતી ન હોત તો ત્યાંની નરી રેતીમાં માનવ વસવાટ બિલકુલ ન હોત અને કદાચ કોઇ માનવીઓ ત્યાં રહેતા હોત તો તેમને હમેશાં ભૂખમરાનો સામનો કરવો પડત. વરસાદ તો અહીં તદ્દન નજીવો છે. આખા દેશમાં કુલ વરસાદ ચાર ઇંચ પડે છે. તેમાં યે ત્યાંના પાટનગર કાહિરા(કાઇરો)માં તો ફક્ત એક ઇંચ જ સરાસરી વરસાદ વરસે છે. આથી ભારત અને પાકિસ્તાનની માફક અહીં પણ નહેરો દ્વારા ખેતરોને પાણી પૂરું પાડવામાં આવે છે. આથી વિસ્તારમાં મોટો દેશ હોવા છતાં મિસરમાં મુખ્યત્વે નાઈલ નદીની બંને બાજુએ ફક્ત આઠ માઈલના વિસ્તારમાં જ લોકો વસે છે (જુઓ સાથેનું ચિત્ર).


આ વસવાટવાળી સાંકડી પટ્ટીનાં ખેતરોમાં પાણી પૂરું પાડવા મિસરની સરકારે નાઈલ નદી પર જુદે જુદે સ્થળે છ બંધો બાંધ્યા છે, જેમાં મિસરની છેક દક્ષિણમાં અસ્વાન ગામ પાસેનો દોઢ માઈલ લાંબો બંધ સૌથી મોટો છે. નવેમ્બરથી એપ્રિલ સુધી આ બંધનાં બધાં ગરનાળાં બંધ કરી દેવામાં આવે છે. આથી નાઈલના પાત્રમાં લગભગ ૨૦૦ માઈલ લાંબુ એક સરોવર બની જાય છે. આ સરોવરમાંથી નહેરો મારફત સેંકડો માઈલ દૂર આવેલાં ખેતરો સુધી પાણી લઈ જવામાં આવે છે.

પણ આજે હવે મિસર જેવા મોટા અને દિવસે દિવસે વધતી વસતિવાળા દેશ માટે આ એક જ મોટો બંધ પૂરતો ન ગણાય એ તો દેખીતું છે. આથી હાલની ક્રાંતિકારી સરકારે ત્યાંની વણખેડાએલી અને વેરાન પડેલી લાખો એકર જમીનને ખેતીલાયક બનાવી દેશની આર્થિક સ્થિતિને સધ્ધર કરીને પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાની એક યોજના વિચારી. અસ્વાનની પાસે જ, જગતમાં માનવીએ કદી ન બનાવ્યો હોય એવો મોટામાં મોટો એક બીજો બંધ બાંધવાનો નિર્ણય કર્યો. જોકે મિસરની સરકારને આ યોજના વિદેશીઓએ સમજાવેલી અને દેશની પ્રગતિ ઇચ્છતી ક્રાંતિકારી સરકારને તે બહુ જ ગમી ગઈ.

અસ્વાનના હાલના જૂના બંધથી થોડા માઇલને અંતરે આ બંધ જ્યાં આવેલો છે તે સ્થળ આજે સહેલાણીઓ અને પ્રવાસીઓ માટે એક ઉત્તમ સ્થળ ગણાય છે. દર વરસે શિયાળામાં ત્યાં હજારો મુસાફરો ઊતરી પડે છે. પરિણામે નાના સરખા અસ્વાન ગામમાં પણ સારી અને સુઘડ હોટેલો મોટા પ્રમાણમાં વિકસી શકી છે. તેમાં યે નાઇલ નદીના ગ્રેનાઇટ ખડકો પર આવેલી હોટેલો સર્વશ્રેષ્ઠ છે. અહીં શિયાળાની આબોહવા ખુશનુમા હોવાથી શહેરના ધમાલિયા જીવનથી કંટાળેલા લોકો આરામ કરવા માટે અહીં આવે છે. મિસરની પુરાતન સંસ્કૃતિની યાદ આપતી ઘણી કબરો અને જૂનાં ખંડિયેરો પણ અહીં નજીકમાં જ હોઈ પ્રવાસીઓ માટે એ બધા પ્રદેશમાં ફરવાનું પણ એક મોટું આકર્ષણ રહે છે. ઇસ્માઇલી (ખોજા) કોમના વડા નામદાર આગાખાન પણ દર વરસે શિયાળાના દિવસો અહીં જ પસાર કરે છે. આમ અસ્વાન બંધ અને અસ્વાનનું નાનું સરખું શહેર આજે જગપ્રસિદ્ધ છે.

પરંતુ આવા મનોહર પ્રદેશની પાસે જ ભૂખતરસથી તરફડતા લાખો ચીંથરેહાલ ગરીબ ફેલાહીનોનું જીવનધોરણ સુધારવા માટેની નવી યોજના માટે મિસર જેવા આજ સુધી પરદેશીઓથી ચંપાતા-ચુસાતા રહેલા રાજ્ય પાસે પૂરતાં નાણાં ન હતાં. આથી ત્યાંની પ્રજાકીય સર-

મિસર દેશમાં વહેતી નીલ તથા સુએઝની નહેરનો નકશો



આફ્રિકાના પૂર્વોત્તર પ્રદેશને પરિપ્લાવિત કરતી નીલ–નાઇલ નદી મિસર દેશની જીવાદોરી સમી છે. આફ્રિકાના ઈશાન વિભાગમાં આવેલા ચાર હજાર માઈલ-ના વિરાટ અને વેરાન મહારણમાં સર્પાકારે અને ગૌરવગતિએ વહેતી, અને જગતના મહાનદોની આગલી હરોળમાં આવતી એ નદીએ સીંચેલા ને સમૃદ્ધ કરેલા તટપ્રદેશ પર જ મિસરની પ્રાચીનતમ સંસ્કૃતિ જન્મી અને જીવી; અને આજે પણ મિસરની પોષક માતા એ જ છે. આ ઉપરના નકશા-માં મિસરના પુરાતન સંસ્કૃતિના બધા મુખ્ય અવશેષો નીલના તટ પર ક્યાં ક્યાં પડેલા છે એ બતાવ્યું છે. એલેક્ઝાન્ડ્રિયાથી અસ્વાનના બંધ સુધી નીલને તીરેતીરે સળંગ રેલવે-લાઇન ચાલી આવે છે, ને તેની અઢાર કલાકની સફરમાં, બંને બાજુના કિનારા પર, તાડનાં ઝુંડથી ભાતીગળ બનેલા પાંચપાંચ માઈલ સુધી પથરાએલા ખેતીના હરિયાળા પટમાં, વચ્ચેવચ્ચે આવતા એ મહાન અવશેષો મિસરના ભવ્ય ભૂતકાળનો વિષાદમય રોમાંચ કરાવી જાય છે.

કારે પશ્ચિમનાં માતબર રાજ્યો અને વિશ્વબેંક પાસે મદદની માગણી કરી. મિસર તો મધ્યપૂર્વની ચાવીરૂપ દેશ છે. મધ્યપૂર્વની ધરતીમાં તેલના અખૂટ ઝરાઓ છે અને યુરોપ તથા અમેરિકાની તેલની કંપનીઓ પાસે આ વિસ્તારમાંથી તેલ કાઢવાનો પરવાનો છે, ઇજારો છે.

તેલના આ અમૂલ્ય ખજાનાની જાણ રશિયાને પણ પૂરેપૂરી છે, અને તેથી રશિયા પણ અહીં થતા રાજકીય, સામાજિક અને આર્થિક ફેરફારો પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે. પશ્ચિમના દેશોને આની પણ જાણ હોઇ રશિયાનો પગદંડો આ દેશ પર જામી ન જાય તેની તે ખાસ તકેદારી રાખે છે. પણ રશિયા યે એમ ગાંજ્યું જાય એવું ક્યાં છે? પશ્ચિમના દેશોની એકાદ નાની સરખી ભૂલ અથવા છબરડાનો યે પૂરેપૂરો લાભ તે ઉઠાવે છે. અને આથી જ તો પશ્ચિમના દેશોએ આ અગત્યના વિસ્તારનો બચાવ કરવા માટે બગદાદ-કરારની યોજના ઘડી કાઢી છે, જેમાં પોતાનાં મળતિયાં રાજ્યોનું પરસ્પરના બચાવ કરવાની શરતોએ સંગઠન કર્યું છે. મિસરને પશ્ચિમ પાસેથી મદદ જોઇએ અને એ આપવા તે દેશો તૈયાર પણ છે, જો મિસર પશ્ચિમતરફી બગદાદ-કરારની યોજનામાં સામેલ થાય તો! પણ સ્વતંત્ર મિસર આ જાતની યોજનાનું શરૂઆતથી જ વિરોધી છે. તે બ્રિટન-અમેરિકાની મદદ ઇચ્છે છે ખરું, પરંતુ કોઈ પણ જાતની શરતો વગર. અમેરિકા જાણે છે કે અમેરિકન ડૉલર વગર મિસરની યોજનાઓ આગળ વધી શકે એમ નથી. મિસર છેલ્લાં બે વરસથી વિશ્વબેંક પાસેથી મદદ માટે ખૂબ ગંભીરતાથી વાટાઘાટ કરી રહ્યું હતું, પરંતુ અમેરિકાની લાગવગવાળી એ બેંક એક યા બીજે બહાને એ મદદ દૂર ને દૂર ઠેલતી રહી હતી.

અમેરિકા પોતે અહીં લશ્કરી અથવા આર્થિક મદદ આપવાની વિરુદ્ધ હતું તેનાં બીજાં કારણો પણ છે. અમેરિકાએ મધ્યપૂર્વનાં આ આરબ રાજ્યોની છાતી પર ઇઝરાએલના નવા યહૂદી રાજ્યને ઠોકી બેસાડ્યું છે, એટલું જ નહિ પણ તેને શસ્ત્રોની મોટા પ્રમાણમાં મદદ પણ આપી છે, અને આથી આ નાનું સરખું રાજ્ય આજુબાજુનાં આરબ રાજ્યોને પોતાનાં ઊંચી જાતનાં ને છેલ્લી ઢબનાં હથિયારો વડે દબડાવી રહ્યું છે. મિસર પણ એક આરબ રાજ્ય હોઇને તે ઇઝરાએલનું વિરોધી છે. અમેરિકાને આ રુચતું ન હોઇ મિસરને શસ્ત્રો ન આપવામાં બ્રિટન, ફ્રાંસ અને અમેરિકા ત્રણે દેશોએ એકગાંઠ કરી.

પણ મિસરના સત્તાધીશો પશ્ચિમના દેશોની ભીંસમાં આવે એવા નથી. તેમણે પોતાના દેશમાં થતા રૂ અને ચોખાના સુંદર પાકનો લાભ ઉઠાવ્યો અને પશ્ચિમ જર્મની, ફ્રાંસ ને લાલ ચીનમાંથી તેના બદલામાં ટ્રકો, બુલડોઝરો અને ઇલેક્ટ્રિક જેનરેટરો મેળવવા માંડ્યાં.

પરંતુ અસ્વાન જેવો જંગી બંધ બાંધવામાં આટલાં સાધનોથી શું થાય? એ બંધ પૂરો થતાં તો પંદર વરસ લાગે એમ છે. તેનો કુલ ખર્ચ લગભગ ચાર અબજ રૂપિયા થશે અને તેમાં ઓછામાં ઓછા ચાળીસ કરોડ ડૉલરના વિદેશી ચલણની જરૂર પડશે. આટલું બધું વિદેશી ચલણ અમેરિકા સિવાય બીજો કયો દેશ આપી શકે?

પરંતુ બીજી બાજુ ઇઝરાએલ અને મિસર વચ્ચેના ઝગડાએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું. મિસરે અમેરિકા પાસેથી હથિયારોની મદદ માગી. ઇઝરાએલને મોટાં અને ભારે હથિયારો આપતા અમેરિકાએ, મિસરને પોતાના બચાવ માટે પણ હથિયારો આપવાની ના પાડી, એટલે મિસર-ના પ્રમુખ કર્નલ અબ્દલ નાસરે રશિયા પાસે હથિયારોની માંગણી કરી. રશિયાને તો આટલું જ જોઈતું હતું. બીજે જ દિવસે તેણે મિસરની હથિયારોની માગણી સ્વીકારી લઈ કાહિરોમાંથી તેની જાહેરાત કરવા-માં આવી. પશ્ચિમના દેશો આથી ચોંકી ઊઠ્યા. રશિયનોએ લગાવેલી આ લપડાકથી લંડન અને વૉશિંગ્ટનના યુદ્ધદેવતાઓ વાટાઘાટો માટે દોડધામ કરવા લાગી ગયા. હજી તો આ આઘાત શમ્યો નથી ત્યાં તો રશિયાએ બીજો વધુ મોટો ધડાકો કર્યો. મિસરની લગભગ ચાર અબજની આ અસ્વાન બંધની યોજનામાં પણ પોતે સહાય આપવાની પોતાની તૈયારી તેણે જાહેર કરી. (અનુસંધાન પૃષ્ઠ ૩૨૭મે)

યૂનિયનની ઇમારતના પાયામાં વધેરાતો ડૉક-મઝદૂર

લેખક • ચન્દ્રકાન્ત બક્ષી



પોર્ટ રેલવેના પાટા ઓળંગીને મસૂદ અહમદ નદી-કિનારાની છોટી સડક પર આવ્યો. ડાબી તરફ રેલવેનો લાકડાનો પુલ હતો. મસૂદ પથ્થરની સીડી ઊતરીને નદીના પથ્થરો પર આવીને ઊભો રહ્યો. એની જૂની છત્રીમાં એક સળિયો કપડું ફાડીને બહાર નીકળી ગયો હતો. હૂગલીની મુલાયમ માટીમાં છત્રી ખોસીને નદી તરફ જોતાં એણે જોરથી બૂમ મારી, 'નંબર પચપન... !'

નદીના પહોળા પટ પર ધુમાડાથી કાળી પડી ગએલી ડિંઘીઓ, નાનીમોટી લૉંચો, પૉર્ટ-કમિશનરની બોટો ખચાખચ જામેલી ઊભી હતી. મૅન-ઑવ-વૉર જેટ્ટીની લગોલગ ત્રણ દિવસ પર આવેલી બ્રિટિશ ક્રુઝર એચ. એમ. એસ. 'ઝૅમ્બીઆ' પર મસ્ત ગોરા ખલાસીઓ આંટા મારી રહ્યા હતા. સામેની એક નાની હોડીમા એક નાના ચૂલા પર ઍલ્યુમિનિયમના તપેલામાં ચાવલ બફાઈ રહ્યા હતા અને પાસે લાલ લુંગી પહેરેલો એક માઝી મોટા છરાથી મરચાં કાપી રહ્યો હતો.

'પચપનં નંબ...ર!'

સામેથી નદીના પાણી પર ગબડતો હોય એવો ફિક્કો અવાજ આવ્યો : 'હાં... !'

મસૂદે જોયું કે દૂર એક હોડી પર એક છોકરો હાથ ઊંચો કરી રહ્યો હતો. એણે જવાબમાં હાથ ફરકાવ્યો. દૂરથી હોડી નીકળી રહી હોય એવો ખળખળાટનો અવાજ આવ્યો. મસૂદે ખિસ્સામાંથી બીડી કાઢીને સળગાવી અને આસપાસ નજર નાખી. જરા દૂર રજબઅલીની હોડી-માં તમાકુના થેલા ગોઠવાઈ રહ્યા હતા. રજબઅલી એના જ ગામનો માઝી હતો, સારા પૈસા બનાવતો હતો. પાકિસ્તાનમાં જમીન-જાયદાદ હતી. અહીં પણ એની ત્રણ હોડીઓ ચાલતી હતી. પણ એનામાં એક બડી ખરાબી હતી: બિરાદરીમાં એણે કોઇ દિવસ કોઇને મદદ કરી ન હતી. ગઈ સાલનો જ કિસ્સો. છ નંબરના વેરહાઉસમાં જ્યારે ક્રેઈન-માંથી કપડાની ગાંઠ અસ્લામના પગ પર પડી હતી ત્યારે અસ્લામે ઘેર મોકલવા પચાસ રૂપિયા માગેલા, પણ એ કમબખ્ત એક પૈસો પણ શાનો છોડે? અને અસ્લામની ટાંગ તૂટી ગઇ ત્યારે સરકારે પણ શું આપ્યું? ઍંશી રૂપિયા આપીને ઘરભેગો કરી દીધો. એની મઝદૂરી ખતમ થઈ ગઈ... જવાન આદમી હતો, હજી પચીસ સાલ મહેનત કરી શકે એમ હતો. પણ તકદીર ગરીબનું લાવ્યો, થાય શું? આજ હવે કપડાની ફૅક્ટરીમાં નવા તાકાઓને જિલેટીનપેપર લગાવે છે બેઠોબેઠો.

પાણી કાપતી કાપતી હોડી સામે આવી ગઈ. હલેસાં મારતા છોકરા-એ પૂછ્યું, 'કેમ મસૂદ?'

હોડી કિનારે આવી. મસૂદ ડાબા હાથથી લુંગી ઊંચી કરીને ટેકવેલા પાટિયા પર આસાનીથી ચડી ગયો. અંદર એક સુક્કો, બુઢ્ઢો માણસ સૂતો હતો. એની સફેદ દાઢી ધુમાડિયા રંગની થઇ ગઈ હતી. બાજુ-ના ખૂણામાં એક જૂનો દેશી હુક્કો ઊભો કર્યો હતો, જેના નાળચામાં તરત મરી ગએલી ભેંસના મોઢા પર ફીણ સુકાઈ ગયું હોય એમ રાખ જામી ગઇ હતી.

'કેમ છે, ચાચાને?'

'હમણાં જ ઊલટી થઈ છે. હું તો કહું છું મુલક ભેગા થઈ જાઓ, હવા બદલાશે. અહીં તો આખો દિવસ ધુમ્મસ અને ધુમાડો...ને રાત-ના ધુમાડો નીચે ઊતરે છે ત્યારે અબ્બા ખાંસી ખાતાં ખાતાં એટલા થાકી જાય છે કે વાત મત પૂછ. કાલે હું જરા બેધ્યાન રહ્યો હોત તો પાણીમા પડી જાત.' નદીમાં થૂંકતાં એણે કહ્યું, 'બીમારી ને બુઢાપો બંને ભેગાં થયાં છે; બડા જિદ્દી થઈ ગયા છે.'

મસૂદે બુઢ્ઢાના થાકેલા શરીર તરફ જોયું. ખૂણામાં પતરાની પેટી પર બે નવી લુંગીઓ પડી હતી.

બહુ મજૂરીથી સુકાઇને સખત થઈ ગએલા છોકરાના બદન તરફ જોતાં મસૂદે કહ્યું, 'અખ્તર, હું તને કહેવા આવ્યો હતો કે... મારી બીબીને આજે સવારે કસુવાવડ થઈ ગઈ છે.'

'શું?' અખ્તર ચમકીને બોલ્યો.

'સવારે બસ્તીમાં પાણી માટે ભીડ થાય છે. એ પાણી ભરવા ટ્યૂબવેલ પર ગઈ હતી. ત્યાં ઝગડો થઈ ગયો. કંઈક મારામારી થઇ હશે. મને તો લોકોએ ખબર આપ્યા. ઑસ્પિટલમાં લઈ ગયો. ડૉક્ટર સા'બ કહે અહીં રાખ, નહિ તો ઝેર થઇ જશે અને તારી ઔરત મરી જશે. અત્યારે ઑસ્પિટલમાં છે... ખર્ચામાં ઊતરી ગયો છું, ભાઈ.'

'બીબીને બચાવવી છે અને ખર્ચની ફિકર કરવી છે એ કેમ બને? બીબી જશે તો આવી બીજી નહિ મળે.'

'સો રૂપિયા તો ઊડી ગયા છે, ને હજી શી ખબર કેટલા થશે?... ઉપર યૂનિયન હડતાલ કરીને બેઠું છે.'

'પણ તું ક્યાં યૂનિયનમાં છે?'

'બરાબર છે, હું નથી. પણ એટલે શું? ગોદીઓ પર કામ અટકી ગયું છે. ક્રેનો કેટલાય દિવસોથી કાટ ખાય છે. કુર્નેઓમાં તેલ પૂરવા-વાળા પણ હડતાલ કરી બેઠા છે. જો હડતાલ લાંબી ચાલશે તો—'

અખ્તર જોઇ રહ્યો. 'રોટીનું શું? મઝદૂર રોટી વિના કેટલા દિવસ બેસી રહેશે?'

મસૂદે બીડીની છેલ્લી ફૂંક મારીને પાણીમાં ફેંકી દીધી. ધુમાડો કાઢતાં એ બોલ્યો, 'ભૂખે મરશે ત્યાં સુધી. યૂનિયનના લીડરો રોજ સાંજે મીટિંગો ભરે છે, બેકાર કામદારો માટે ફંડો ઉઘરાવે છે—અને એ પૈસાથી શરાબબાજી ઊડે છે. લીડરો માટે ટૅક્સીઓ દોડે છે અને મઝદૂરને બસ્તીના ભાડાના ત્રણ રૂપિયા ય રહેતા નથી.' અને મસૂદ ફરી બબડ્યો, 'મીટિંગોમાં નારા લગાવ્યે પેટ થોડું જ ભરાય છે!'

'તું કેટલા દિવસથી બેકાર થઈ ગયો છે?' અખ્તરે પૂછ્યું.

'આજે ચોવીસમો દિવસ છે. જોઉં છું: બે ત્રણ દિનમાં હડતાલ નહિ ખૂલે તો કામે ચડી જઈશ. એક તો ઔરતનો ખર્ચો ચાલુ જ છે ત્યાં કાલ રાતથી બચ્ચાને તાવ આવે છે. જો હું રોજી પેદા નહિ કરું તો ખવડાવીશ શું–મારું માથું?' મસૂદે તીખાશથી સામેના કિનારા તરફ જોયું.

'અત્યારે તારી પાસે કેટલા પૈસા છે?'

'આ ત્રણ મહિના સીઝન હતી એટલે સો રૂપિયા બચી ગયા હતા. એ એક જ ઝપાટે સાફ થઈ ગયા. કામે ચડયા સિવાય મારે ઇલાજ નથી.'

અખ્તર ચૂપ રહ્યો. એણે ઉપર રેલવેના પૂલ પર જઇ રહેલા એક ખૂબસૂરત યુગલ તરફ જોયું અને નજર ફેરવી લીધી.

થોડી વારે એ બોલ્યો, 'અત્યારે તું પંદર રૂપિયા લઇ જા. પછી ડૉક પર કામ શરૂ થાય એટલે આપી જજે.'

અખ્તરે ઊભા થઇને ભંડકિયામાંથી એક જૂની પેટી કાઢી. પેટી ખોલીને એણે એક મેલા બટવામાંથી પાંચ-પાંચની ત્રણ નોટો કાઢી અને મસૂદના હાથમાં મૂકી. મસૂદ ખમીસના ખિસ્સામાં નોટો મૂકતાં ઊભો થયો. અખ્તરે કહ્યું, 'બીબીની દવા બરાબર કરાવજે. આજ તો લૉંચસર્વિસ ચાલુ છે એટલે મને ફૂરસદ નહિ મળે. કાલે બંધ છે; બનશે તો બસ્તી પર આવી જઇશ.'

મસૂદ સિફતથી કિનારા પર ઊતરી ગયો. એણે છત્રી એક પથ્થર પર ટેકવીને હાથ ઊંચો કર્યો, 'ખુદા હાફિઝ, અખ્તર ભૈયા!'

'ખુદા હાફિઝ!' એક મોટા પથ્થરથી હલેસું ભિડાવીને હોડી પાણીમાં ધકેલતાં અખ્તરે કહ્યું.

બે દિવસ બાદ મસૂદ ડૉકટરની સલાહ-સૂચનાની ઉપરવટ જઇને એની બીબીને ઑસ્પિટલમાંથી ઘેર લઈ આવ્યો. એને અશક્તિ વધારે આવી ગઈ હતી અને બચ્ચાને તાવ ચાલુ હતો. રાત્રે ઘેર આવ્યો ત્યારે બચ્ચું સૂઇ ગયું હતું. એણે રજિયાના ખાટલા તરફ નજર નાખી. રજિયા એક ફાટેલી ચાદર ઓઢીને પડી હતી. મસૂદે ખાટલા પાસે બેસીને પાસે પડેલું ફાનસ તેજ કર્યું. રજિયાએ પડખું ફેરવ્યું.

મસૂદે એના લુખ્ખા વાળમાં હાથ ફેરવતાં ધીમેથી કહ્યું, 'રજિયા!'

રજિયાએ આંખો ખોલી. કંઈ પણ બોલ્યા વિના એ માત્ર જોઈ રહી.

'કેમ છે?'

'સારું.'

એક મિનિટ બંને ચૂપ થઈ ગયાં. મસૂદે હલકા અવાજે કહ્યું, 'મેં કાલે કામ પર જવાનો વિચાર કર્યો છે.'

'કેમ, એકદમ?'

'બસ. ક્યાં સુધી બેકાર બેસી રહેવું?... અને પૈસા ક્યાં છે?'

રજિયાની સૂકી આંખોમાં તેજ આવ્યું, 'પણ હડતાલ ચાલે છે એનું શું? યૂનિયનવાળા તમને હેરાન કરી નાખશે.'

'મારે અને યૂનિયનને શું? હું યૂનિયનનો મેમ્બર નથી, યૂનિયનના ફંડમાં એક પૈસો પણ ભરતો નથી.' મસૂદ ટટાર થયો. દરેક મઝદૂરને કામ કરવાનો હક છે. મારામાં મઝદૂરી કરવાની તાકાત અને હિમ્મત હશે તો કોણ રોકશે?'

રજિયા સમજ્યા વિના તાકી રહી. એણે કહ્યું, 'પણ હડતાલ તો યૂનિયને કરાવી છે ને?'

મસૂદ નફરતથી હસ્યો, 'યૂનિયન?... યૂનિયન મારાં બીબી-બચ્ચાંને રોટી આપે છે, કેમ?' એણે બહુ જ તેજ થઈ ગએલા ફાનસને ઝાંખું કરતાં કહ્યું, 'રજિયા, ડૉકના કામદારો તો બિલ્લીનાં બચ્ચાં જેવાં છે, બિલકુલ મૂર્ખ–અભણ. મહમ્મદ ઇઝરાયલ નચાવે છે એમ નાચે છે. હજી સુધી ઇઝરાયલને કોઈ મર્દ મળ્યો નથી. એને ખબર નથી ડૉક-વર્કર એ શી ચીજ છે?'

'આપણે ગરીબ રહ્યા, એ છે મોટો માણસ. એની સામે થવાનો વિચાર જ કેમ થાય છે?'

મસૂદ ચૂપ રહ્યો. એના પહોળા, બરછટ હાથની મુઠ્ઠીઓ બીડાઈ ગઈ. ઊભા થઇને એણે એક લોટામાં ઠંડું પાણી ભરીને પીધું. બહાર અંધારું હતું. ઍલ્યુમિનિયમના કટોરામાં દવા ભરીને એણે રજિયાને પાઇ અને ફાટેલી જાજમ પાથરીને એ સૂઈ ગયો.

બીજી સવારે મસૂદે બગલમાં કાણાં પડી ગએલું પટ્ટાવાળું બ્લૂ ટી-શર્ટ અને તેલના ડાઘાવાળો પૅન્ટ પહેરી લીધો. પૅન્ટના ખિસ્સામાં નાનો લાલ કાંસકો અને ડૉક-વર્કરનું પીળું કાર્ડ નાખ્યાં. ગળામાં પાનના ડાઘાવાળો રેશમી રૂમાલ બાંધી લીધો. બચ્ચાના તાવથી ગરમ ગાલ પર બચી ભરીને એણે એનો હથોડો ઉપાડયો ને ડૉક તરફ ચાલી નીકળ્યો.

રસ્તામાં ચાંદની હોટલની બહાર બે માણસોને એણે કોકાકોલા પીતા ઊભેલા જોયા. એક હતો ડૉકવર્કર્સ-યૂનિયનનો સેક્રેટરી મહમ્મદ ઇઝરાયલ. એના ઠીંગણા, વજનદાર શરીર પર મોટું માથું ભયંકર લાગતું હતું. એની દેડકા જેવી બે ગંદી આંખો બહાર ધસી આવી હતી અને કાનની નીચેનો ગાલ બળી જવાથી એક મોટો ડાઘો ત્યાં પડી ગયો હતો. બીજો એનો શાગિર્દ હતો–બિસુ ચૅટરજી. ઇઝરાયલે મસૂદ તરફ આંખો ફેરવતાં પૂછ્યું, 'મસૂદ, ક્યાં જાય છે?'

મસૂદ ઊભો રહી ગયો. કતરાતી આંખે એણે બંનેને માપ્યા. હથોડો નચાવતાં એ ઠંડકથી બોલ્યો, 'ડૉક પર!'

'ઓહો! હડતાલ પૂરી થઈ ગઈ....!' ઈઝરાયલ જોરથી હસ્યો. પોતાના સાથી તરફ આંખ મારતાં એણે કહ્યું, 'બિસુ, મસૂદ સા'બને હવે યૂનિયનના મેમ્બર બનાવો, બીજું શું?'

બિસુ સુસ્તીથી હસ્યો. એના ઊંટ જેવા સડેલા, પીળા દાંત જોઇને મસૂદ ઘૃણાથી જમીન પર થૂંક્યો અને કદમ ફટાવીને ચાલવા માંડ્યો.

બિસુ દોડતો આવ્યો. મસૂદનો ખભો પકડીને એણે કહ્યું, 'બેવકૂફ! શું કરી રહ્યો છે? મઝદૂર થઇને મઝદૂરના પગ પર કુહાડો મારે છે?'

મસૂદે ખભાથી એક જોરનો ધક્કો માર્યો, 'દૂર હટ, કુત્તા!' બિસુ ઠોકર ખાઈને દૂર ખસી ગયો.

મસૂદ એક કદમ આગળ ચાલ્યો અને કોકાકોલાની એક ખાલી બૉટલ એના પગ આગળ જોરથી અવાજ કરતી ફૂટી. મસૂદે ચમકીને પાછળ જોયું: મહમ્મદ ઈઝરાયલ ધીમું ધીમું હસી રહ્યો હતો. બિસુ એક ખાલી રિક્ષાની પાછળ ઊભો રહી ગયો હતો.

મસૂદના હાથની લીલી નસો ફૂલી ગઈ. એણે ધ્રૂજતો હથોડો ઊંચો કર્યો અને ફાટેલા અવાજે કહ્યું, 'ઇઝરાયલ બેટા! મને ડરાવવાની કોશિશ કરી છે તો યાદ રાખજે, આ જ હથોડાથી તારું કપાળ ફાડી નાખીશ!'

હોટલના દરવાજામાં ત્રણ-ચાર માણસો આવીને ઊભા રહી ગયા હતા. ઈઝરાયલ પલકારામાં હોટલની અંદર અદશ્ય થઈ ગયો. બિસુ સહેજ ધ્રૂજી રહ્યો હતો. એના તરફ એક સળગતી નજર નાખીને મસૂદ ઝપાટામાં ડૉકને રસ્તે વળી ગયો.

બે દિવસ પછી મસૂદ નદીકિનારે અખ્તરને મળ્યો અને કહ્યું, 'હું કામે ચડી ગયો છું. યૂનિયન પણ હાલી ગયું છે. બે દિવસ મને એકલાને કામ પર જતો જોઇને બીજા ય ત્રણ-ચાર વર્કર કાલે આવવાના છે.'

'પણ યૂનિયને તને રોક્યો નહિ?'

'યૂનિયન તો મને ડરાવવાની ઘણી જ કોશિશ કરે છે, પણ મેં ઇઝરાયલને પરખાવી દીધું કે બચ્ચા, આ બીજી માટી છે.'

અખ્તરે ગંભીર થઇને કહ્યું, 'મસૂદ, મારી વાત માનીશ? તું યૂનિયનનો મેમ્બર થઈ જા.'

'કેમ?'

'જો તું યૂનિયનમાં જોડાઈશ તો તને યૂનિયનના ફંડમાંથી આ બેરોજગારીના દિવસોના પૈસા મળશે...'

'ના અખ્તર. હું યૂનિયનની ભીખ પર જીવતો નથી. મને રોજી મળે છે મારી મઝદૂરીની, યૂનિયનની કે ઇઝરાયલની ઇબાદત કરવા માટે મળતી નથી. ઇઝરાયલ મઝદૂરોના ફાયદા માટે હડતાલ કરાવી રહ્યો છે, કેમ? ડૉક-વર્કરોને એ ડરથી કાબૂમાં રાખી રહ્યો છે. એની પાસે પૈસા છે. છ મહિના હડતાલ ચાલશે તો પણ એને વાંધો નહિ આવે. મારી હાલત જુદી છે. હું મારા હક્કનું કમાઉં છું, હક્કનું ખાઉં છું. મઝદૂરી કરું છું પણ ઇજ્જતથી...'મસૂદે સફાઇથી ઉમેર્યું, 'ઇઝરાયલની સામે કોઇએ માથું ઊંચકવું જ પડશે. એ ડૉક-લેબરની જાન સાથે રમી રહ્યો છે.'

'સરકાર...'

'સરકાર શું કરવાની હતી? સેક્રેટરીને બોલાવશે, સલાહ-મશવરા કરશે, ચા-પાણી ઉડાવશે, જરૂર પડશે તો થોડા પૈસા ખવડાવશે અને હડતાલ સંકેલાઈ જશે!...અને ડૉક-વર્કરોના લીડર મહમ્મદ ઇઝરાયલ સા'બની છાતી પર ચાર ચાંદ લાગી જશે!...રોજી કોની જશે, ખબર છે? મારાતારા જેવા મઝદૂરોની!' મસૂદ ગરમ થઇ ગયો.

અખ્તર ચૂપ થઈ ગયો. એણે વાત બદલતાં પૂછ્યું, 'મસૂદ, તે દિવસે તો હું આવી શક્યો નહિ; હવે બાબીની તબિયત કેમ છે?'

'ઠીક છે.'

'બચ્ચાને તાવ ઓછો થયો?'

'હા,' મસૂદે કહ્યું, 'કાલથી ઊતરી ગયો છે.'

થોડી વાતો કરીને મસૂદ છૂટો પડ્યો.

સૂર્યનાં પહેલાં કિરણ આવતાં પહેલાં સાંકડી બસ્તીમાં ચહલપહલ મચી ગઈ હતી. રોતાં બચ્ચાં અને ટ્યૂબવેલ પર ઝગડતી ઔરતોના અવાજે મસૂદને જગાડી દીધો. તેણે ઊભા થઇને બચ્ચાના કપાળ પર હથેળી મૂકી. તાવ ન હતો. રજિયા હજુ સૂતી હતી. એની ઓઢેલી ચાદર ખસી ગઈ હતી. મસૂદે ચાદર સરખી કરી અને એક કમરાવાળી એની નાની દુનિયામાં સંતોષની નજર નાખીને એ બહાર નીકળી ગયો.

બહારથી આવ્યો ત્યારે રજિયા હજુ સૂતી હતી. એણે ડૉક પર જવા માટે ચૂપચાપ કપડાં પહેર્યાં–ખાખી પૅન્ટ અને નવું કત્થાઈ ટીશર્ટ. ડૉક-વર્કરનું ચૂંથાઈ ગએલું પીળું કાર્ડ એણે સીધું કરીને પૅન્ટના ખિસ્સામાં નાખ્યું ને હથોડો લઇને એ તૈયાર થઈ ગયો. મસૂદને થયું રજિયા સાથે થોડી વાત કરે, પણ રજિયા ઘસઘસાટ સૂતી હતી. એને જગાડવી ઠીક ન લાગી. ધીરેથી બહાર નીકળી એણે બારણું બંધ કર્યું.

મસૂદ બસ્તીમાંથી નીકળીને સડક પાર કરી ડૉકને રસ્તે આવ્યો. દૂર ઝાડ નીચે ચાંદની હોટલની એક બૅંચ પર બે મઝદૂરો બેઠા હતા. બાજુમાં પાનવાળાની દુકાનમાં રેડિયો શાંત હતો. મસૂદ હોટલ તરફ જોયા વિના ડૉકની દિશામાં આગળ વધ્યો. ત્યાં પાછળથી એક હાથ મસૂદના ખભા પર ધીરેથી પડ્યો, 'કેમ દોસ્ત, ડૉક તરફ?'

મસૂદે જોયું. બિસુ સફેદ કુર્તું અને ધોતી પહેરીને ઊભો હતો. એક મિનિટ બંનેની આંખો સવાલ-જવાબ કરતી રહી.

સુભાષિત

· અનુષ્ટુપ ·

गुणेषु क्रियतां यत्नः किमाटोपैः प्रयोजनम् ।
विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः ॥

(અનુવાદ)

મથો દર્શાવવા ગુણો, વળી શું ભભકા કર્યે?
વસૂકેલી નથી ગાયો વેચાતી ઘૂઘરા વડે.

[વિવરણ: વસૂકી ગએલી ગાયને ભલેને પગે-કંઠે રણકા કરતા ઘૂઘરા બાંધો, તોપણ એ વેચવા નીકળનારને નિરાશા જ સાંપડે છે, એવો વ્યવહારુ અને તળપદો દાખલો આપીને આ શ્લોકમાં બહુ સ્પષ્ટ બોધ દીધો છે, કે ટાપટીપ યા ડોળ નહિ, પણ વસ્તુતઃ ગુણો જ ગણનાપાત્ર અને સફળ નીવડે છે; માટે માણસે ખરો પ્રયત્ન તો ગુણો મેળવવા અને આચરવા પાછળ જ કરવો જોઇએ.]

'આવ મસૂદ, ચા પીએ. હું તારી સાથે થોડી વાત કરવા માગું છું.'

'શી વાત કરવી છે? જે કંઈ કહેવું હોય અહીં જ કહી નાખ!' મસૂદે સખ્તાઈથી કહ્યું.

'વિશ્વાસ રાખ મારા પર. હું પણ મઝદૂર છું–બસ, પાંચ જ મિનિટ, વધારે નહિ. ચાલ,' બિસુએ નરમાશથી મસૂદને હોટલ તરફ ખેંચ્યો.

બંને હોટલમાં ઘૂસ્યા. બે માણસો એક ટેબલની આસપાસ બેઠા-બેઠા વાતો કરી રહ્યા હતા. બાકી હોટલ ખાલી હતી. મસૂદે હથોડો સખ્તાઈથી પકડ્યો.

એક ખૂણાના ટેબલ પાસે બંને બેઠા. બિસુએ ચાનો ઑર્ડર આપીને કહ્યું, 'મસૂદ, મને ઇઝરાયલે મોકલ્યો છે તારી સાથે વાત કરવા. જો હું તને ખુલ્લા દિલથી વાત કરું છું. તું બસ એક અઠવાડિયું કામ પર જવું મોકૂફ રાખ. સરકાર તંગ આવી ગઈ છે ને હવે બેત્રણ દિવસમાં જ લેબરકમિશ્નર ઇઝરાયલને મુલાકાત માટે બોલાવવાનો છે.'

મસૂદના ચહેરા પર ખાસ કંઈ જ અસર થઈ નહિ. એ જોઈ રહ્યો.

'જો, તું કામ પર જાય છે એટલે બીજા વર્કરો કમજોર પડી જાય છે. તું સમજદાર છે.' બિસુએ આંખો ઝીણી કરતાં કહ્યું, 'મઝદૂરના પેટ પર લાત કેમ મારી રહ્યો છે?'

'હું?' મસૂદ ઘૂરક્યો; 'હું મઝદૂરના પેટ પર લાત મારું છું? તમે લોકો મઝદૂરોને ભૂખે મારી રહ્યા છો—તમારા સ્વાર્થ માટે, તમારી ઇજ્જત માટે, તમારી ટૅક્સીઓ દોડાવવા માટે...'

'જો મસૂદ, હોશમાં આવ.' હોટલના છોકરાએ ચાના બે કપ ટેબલ પર ગોઠવ્યા. બિસુએ ચાલુ કર્યું, 'પાગલ મત બન. તને તારી બેકારીના દિવસોના પૈસા મળી જશે. બોલ બીજું શું જોઈએ છે?'

મસૂદે મોઢા સુધી આવેલો કપ જોરથી રકાબીમાં મૂક્યો. એનાં ભવાં ખેંચાયાં, 'બિસુ, મને ખરીદવા અહીં લાવ્યો છે?'

'ખરીદવા નહિ, દોસ્તી બઢાવવા.' બિસુએ સ્વસ્થતાથી કહ્યું.

'જા, તારા સેક્રેટરીને જઇને કહેજે કે ડૉક-વર્કરો મુર્ગીઓ નથી કે ઊભી બજારે ખરીદી લેવાય.' મસૂદ ચા મૂકીને ઊભો થયો. એણે હથોડો જમણા હાથમાં લીધો.

બિસુએ ઊભા થઇને મસૂદનો હાથ પકડ્યો, 'સાંભળ–સાંભળ. જો તું કામ કરવા માંડીશ અને હડતાલ તૂટી જશે તો મઝદૂરો તબાહ થઈ જશે. અને ખબર છે મારી અને ઇઝરાયલની શી હાલત થશે? બબ્બે સાલની લાગી જશે.'

મસૂદ ખડખડાટ હસ્યો: 'બરાબર છે. પછી જેલમાં કોકાકોલા પીજો—તું અને તારો સેક્રેટરી.' મસૂદ પગથી ખુરશીને લાત મારીને આગળ વધ્યો. સામે મહમ્મદ ઇઝરાયલ સિગારેટ પીતો ઊભો હતો!

'કેમ બેટા, કોકાકોલા પીવો છે?' ઇઝરાયલના ચહેરા પર બરફ જેવી ઠંડક હતી.

'હટ, બદમાસ!'

મસૂદે જોયું કે ઇઝરાયલે આંખ મારી. એ ચેતે એ પહેલાં પાછળથી

કોઈએ જોરથી લોખંડનો સળિયો મસૂદના જમણા હાથના કાંડા પર ફટકાર્યો. હથોડો અવાજ કરતો જમીન પર પડી ગયો. મસૂદે ચીસ પાડીને ડાબા હાથથી જમણા હાથનું જોરથી ધ્રૂજતું કાંડું પકડી લીધું. સામેથી એક તગડા માણસે આવીને મસૂદના પેટમાં એક મુક્કો જમાવી દીધો. મસૂદનું મોઢું ખૂલી ગયું. મોઢું ખૂલતાં જ કોઇએ એના મોઢામાં કપડાનો એક મોટો ડૂચો ફસાવી દીધો. મસૂદનું માથું ચક્કર ખાઇ રહ્યું હતું અને હાથમાંથી બધી જ તાકાત ઓસરી ગઈ હતી. પાછળથી કોઇએ આંટી મારી. મસૂદ લથડ્યો અને ચત્તોપાટ પડી ગયો. સેકંડોમાં દંડાનો વરસાદ વરસી ગયો. થોડી વારે મસૂદનું શરીર હાલતું બંધ થયું ત્યારે ઈઝરાયલે સફાઇથી કહ્યું, 'બસ દોસ્તો, મસૂદ સા'બને માટે આટલો પ્યાર કાફી છે!'

બિસુએ હાંફતાંહાંફતાં કહ્યું, 'ઈઝરાયલ, તું પણ કેવો આદમી છે? તારા દોસ્તને કોકાકોલા પાવો ભૂલી ગયો!'

'ઓહો!' ઈઝરાયલે તગડા માણસ તરફ જોયું: 'લખન! એક કોકાકોલા આ સાહેબના મોઢામાં રેડી દેજે... અને પછી એમને સભાળીને નદીકિનારાની ઠંડી હવામાં મૂકી આવજે.' ઈઝરાયલ બિસુનો હાથ પકડીને આગળ ચાલ્યો. એણે અટકીને કહ્યું, 'અને જો, પેલો હથોડો પણ સાથે મૂકી આવજે. ઈઝરાયલનું કપાળ ફાડવા માટે જોઇશે ને?'

'...અને જરૂર પડશે ત્યારે કૉફિનમાં ખીલા ઠોકવાય કામ આવશે!' બિસુ બોલ્યો. બધા હસ્યા-લીલામમાં ઊભેલા કસાઇઓની જેમ...

ખાટલામાં બેઠી બેઠી રજિયા કાળા બુરખાની જાળીમાંથી જોઈ રહી હતી. સામે મસૂદનું પાટા બાંધેલું શરીર પડ્યું હતું. ખોળામાં રોતાં રોતાં સૂઈ ગએલું બચ્ચું હતું. નાની ખોલીમાં ત્રણચાર માણસો આવી જવાથી ભીડ થઈ ગઈ હતી. માણસો અરસપરસ વાતો કરી રહ્યા હતા: 'કરવી મઝદૂરી અને ખુમારી રાખવી લાટ સા'બની—એ કેમ ચાલે?' રજબઅલી કહી રહ્યો હતો.

'ડૉકમાં તો યૂનિયન એ જ સરકાર. લેબરકમિશ્નર પણ યૂનિયનથી ગભરાય છે, પછી સાધારણ મઝદૂરનું શું ગજું? મેં તો મસૂદને કહ્યું હતું કે ભલો થઇને યૂનિયનનો મેમ્બર બની જા અને ઇઝરાયલનો મતબો રાખ. ઇઝરાયલ ધારે તો માલામાલ કરી નાખે. જોતો નથી બિસિયાને? મહિનામાં પચાસ રૂપિયા પણ મુસીબતથી મળતા હતા. આજ આરામથી પાંચ સો રૂપિયાની આમદાની કરતો હશે, ઈઝરાયલે જરાક હાથ આપ્યો એમાં.' અખ્તરે કહ્યું.

એક મિનિટ શાંતિ છવાઇ ગઇ. એક બૂઢો અવાજ આવ્યો, 'એ બધું બરાબર છે, બેટા. પણ છોકરો મર્દ હતો. એકલે હાથે એણે ઇઝરાયલનો મુકાબલો કર્યો. ઇઝરાયલને એની જિંદગીમાં આવો જિગરવાળો નહિ મળ્યો હોય!' અખ્તરના બાપે થાકેલા અવાજે કહ્યું.

ચોળાએલા બુરખાની પાછળથી આવતાં ડૂસકાંઓના અવાજે બધાનું ધ્યાન ખેંચ્યું અને ફરી ચુપકીદી છવાઇ ગઇ. થોડી વારે માણસો ઊભા થયા. અખ્તરના બાપે રજિયાની પાસે આવીને કહ્યું, 'ગભરાવાની જરૂર નથી, બેટી. એ થોડો વખત બેહોશ રહેશે. ડૉક્ટરે કહ્યું છે કે માર લાગ્યો છે એ તો અઠવાડિયું-દસ દિવસ આરામ કરશે એટલે મટી જશે. પણ હાથ તૂટી ગયો છે. મહિનો-દોઢ મહિનો લાગી જશે.... ખેર, શુકર ખુદાનો, જાન બચી ગઈ.' ધીરેધીરે બધા બહાર નીકળ્યા. અખ્તરના બાપે કહ્યું, 'હું આજે અહીં રહીશ.'

દિવસો પસાર થયા. ધીરે ધીરે મસૂદના ઘા રુઝાવા માંડ્યા. અઠવાડિયા બાદ હડતાલ ખૂલી ગઈ. મઝદૂરો કામે ચડી ગયા અને લેબરકમિશ્નર દેવરાજ ખન્નાએ કામદારોના યૂનિયનના નેતા બિશ્વનાથ ચેટરજી અને સેક્રેટરી મહમ્મદ ઈઝરાયલને ચર્ચા માટે બોલાવ્યા. ચર્ચાઓ ચાલી અને અંતે સમાધાનનો મુસદ્દો તૈયાર થયો. બંને પક્ષોએ ધાર્યું કે પોતાનો વિજય થયો હતો. અખબારોએ સમાધાનના સમાચાર ચમકાવ્યા. છેવટે—હડતાલ ખૂલ્યા બાદ અઠવાડિયે—એક મોટી જાહેર સભા ભરાઈ. ડૉક-વર્કરો અને હાર્બર-વર્કરોની રાહબરી નીચે સભા ભરાઈ હતી. લેબરકમિશ્નર ખન્ના એ સભાના પ્રમુખ હતા!

મસૂદ હરતોફરતો થઈ ગયો હતો. ફક્ત એનો તૂટેલો હાથ હજી ઝોળીમાં હતો. એ સભામાં પહોંચ્યો ત્યારે સેક્રેટરી ઇઝરાયલે હમણાં જ ભાષણ પૂરું કર્યું હતું. સભાને છેડે ઊભા રહીને એણે જોયું કે મચાન પર લેબરકમિશ્નર બિસુ વગેરે બેઠા હતા. મઝદૂરો દુનિયાના શ્રમજીવીઓની એકતાના નારા લગાવી રહ્યા હતા. એકબે સ્થળેથી 'મહમ્મદ ઇઝરાયલ ઝિંદાબાદ!'ના નારા ઊઠ્યા. એકાએક શાંતિ છવાઈ ગઈ. લેબર કમિશ્નર ખન્ના ઊભા થયા. કોલાહલ શાંત થઈ ગયો. ખન્નાએ ભાષણની શરૂઆતમાં મઝદૂરોને સમાધાનની સફળતા માટે અભિનંદન આપ્યાં, મઝદૂર-નેતાઓની બાહોશી અને ખાસ કરીને મહમ્મદ ઈઝરાયલની શ્રમવિભાગ સાથેના સક્રિય સહકારની નીતિની પ્રશંસા કરી. મસૂદના મોઢાનો સ્વાદ કડવો થઈ ગયો. એ સભા છોડીને, હારેલા દેશનો યુદ્ધકેદી વતન પાછો ફરે એમ, ઘર તરફ ચાલ્યો. પાછળ સભા હતી, મઝદૂરો હતા, મઝદૂરોના નેતાઓ હતા, સરકારના પ્રતિનિધિ હતા...

લાઉડ સ્પીકરમાંથી ખન્નાનો કર્કશ અવાજ આવી રહ્યો હતો: 'સરકાર ડૉક-મઝદૂરોના હક્કો માટે પૂરી રીતે સતર્ક છે. આવતી કાલની દુનિયા મઝદૂરોની છે. મઝદૂર માલિક બનશે-કામ એનો જન્મસિદ્ધ અધિકાર બની જશે. મઝદૂરને પોતાનું સ્વમાન હશે, પોતાનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય હશે—જ્યારે કોઈ મઝદૂરને એની ઈચ્છા વિરુદ્ધ મહેનત નહિ કરાવી શકે, જ્યારે પોતાના ભવિષ્ય પર મઝદૂરનો ખુદનો કાબૂ હશે...'

મસૂદ દોડ્યો. અવાજ પાછળ ડૂબી ગયો. એકાએક એને ખયાલ આવ્યો કે સામે જ ઘર હતું—ઘર! એક મિનિટ એ સ્થિર ઊભો રહ્યો. હલકે હાથે એણે બારણું ખોલીને અંદર જોયું. ખાટલામાં રજિયા અને એનું બચ્ચું પડ્યાં હતાં. બચ્ચું રડી રહ્યું હતું. રજિયાએ બચ્ચાને એક થપ્પડ મારી અને ગાળો બબડવા લાગી. બચ્ચું જોરથી રડી ઊઠ્યું. રજિયાએ રોતા બચ્ચાને એની ખુલ્લી, ચુસાઈ ગએલી છાતી સાથે લગાવ્યું...બચ્ચાનો રૂંધાતો અવાજ ધીરેધીરે બંધ થઈ ગયો.

મસૂદે ધીરેથી બારણું બંધ કર્યું. ચાંદની ખુશનુમા હતી, હવામાં બેફામ મસ્તી હતી... અંધારામાં બેઠેલા કબૂતરની જેમ મસૂદ છટપટી ઊઠ્યો.

[આ વાર્તાનું 'લોકેઈલ' કલકત્તાનો ડૉક-વિસ્તાર છે. વાર્તા બિલકુલ મૌલિક છે, પણ વાર્તાનો નાયક મસૂદ એ 'ઑન ધ વૉટરફ્રન્ટ' ચિત્રના મુખ્ય પાત્ર 'માર્લોન બ્રાન્ડો'નો પડઘો છે એટલી સ્પષ્ટતા જરૂરી છે.]

એક વાર ટૉલ્સ્ટૉય સાદા વેશમાં સ્ટેશન પર ઊભા હતા ત્યાં એક બાઇએ એમને એક પત્ર આપી પોતાના પતિને તે પહોંચાડી આવવા કહ્યું અને બે આના જેટલા પૈસા મજૂરીના આપ્યા. ટૉલ્સ્ટૉય એ કામ કરી આપ્યા બાદ એ પોતાના ડબ્બા પાસે કોઈ પરિચિત સાથે વાત કરતા હતા, તેમાં તેમને પેલાએ બેત્રણ વાર 'કાઉન્ટ' તરીકે કરેલું સંબોધન પેલી સ્ત્રીના સાંભળવામાં આવતાં તેને નવાઈ લાગી અને આજુબાજુનાંઓને પૂછી જોતાં જણાયું કે તે કાઉન્ટ ટૉલ્સ્ટૉય હતા! આથી તેણે ટૉલ્સ્ટૉય પાસે જઈ તેમની માફી માગી અને પોતે આપેલી રકમ પાછી માગી. ટૉલ્સ્ટૉય હસીને બોલ્યા, 'વાહ, કામ કરાવ્યું અને પૈસા પણ પાછા જોઇએ છે? એ તો મારી મજૂરીના પૈસા છે. એ પાછા ન મળે!'



ભાગ ત્રીજો : જાવા સાગર

ખંડ ૧ : 'કર્પૂરવલ્લી'ના વાવડ

દેવરાજ અને તલૈવન વાતે ચડયા. તુફાનની વાતો કરી; ધાધલે જાવા સાગરના વાવડ પૂછવા માંડયા; અનેક બંદરોના સમાચાર લીધા, અનેક ઓળખીતાઓના ખબર પૂછયા, અનેક વહાણો અને બરછાઓની વાતો સાંભળી અને પછી રજા લીધી.

બીજે દહાડે 'રાવળનાથ' ઉપર 'કર્પૂરવલ્લી'નો તલૈવન નટરાજ પિલૈ આવ્યો. હવે નટરાજ પિલૈ ભારતના સમાચાર પૂછવા લાગ્યો. એમાંથી કન્યાકુમારી ઉપરના વલંદાઓના છાપાની વાત નીકળી. ઓચિંતો પિલૈને રસ પડયો. ફિરંગી અરમારી બરછો ને વલંદા આલાત? અલબત્ત, એ બરછો તો એણે જોયો હતો! 'કર્પૂરવલ્લી' લંબકદ્વીપથી આવતી હતી; બરછો લંબક જતો હતો. પાછો એ સ્મરાંગ બંદરમાં મળ્યો; હજુ સ્મરાંગમાં જ પડયો છે. માલ ગોતે છે; લંકા જવાનો છે. સ્મરાંગમાં એને પડખે જ 'કર્પૂરવલ્લી'એ લંગર નાખ્યું હતું. એના ઉપર કોઈ કેદીઓ ન હતા, પણ એવી વાત ઊડતી હતી ખરી કે એ કેદીઓ ઉતારવા જ લંબક ગયો હતો. લંબકમાં વલંદાઓની જબ્બર કોઠી હતી.

દેવરાજે એનું નામ પૂછયું. બરછાનું નામ હતું 'ઉસ્તલાન્દર'; કાપિતાન યાન (જાન) રૂટર. ધાધલે સ્મરાંગ જવાનો નિશ્ચય કર્યો. હવે એને શેઠિયાઓનું કે ઉતારુઓનું જોખમ ન હતું; હવે એને 'ગરાસિયા' કહી કોઈ રોકનાર ન હતું. 'રાવળનાથ' શેઠિયાઓનું બાંધેલું હતું અને શેઠિયાઓનો માલ હજુ એનાં ભંડકોમાં ભર્યો હતો, એ વાત તો ધાધલને વિચારવા જેવી પણ ન લાગી.

તે રાતે અજયપાળને બોલાવીને દેવરાજે ગોપાલભાના કાગળની વાત કરી. આટલો વખત એ વાત એણે અજયપાળથી છુપાવી હતી. અજયપાળ મૂઢ થઈ ગયો. તંગમનું હરણ! તંગમ્ વલંદાઓની કેદી! તંગમ્ અહીં જાવા સાગરમાં! એનું ચાલે તો હમણાં જ દરિયામાં કૂદી એ તરતો તરતો લંબક પહોંચે.

ધાધલ અજાણ્યે મુત્સદ્દી હતો. અજાના જીવનને, એની જવાનીને, એના સાહસને એણે ધ્રૂ તારો ચીંધી દીધો. એના પૌરુષને એણે ધ્યેય આપ્યું. પરિણામ ધાર્યા કરતાં ઘણું વધારે તેજ આવ્યું. અજાએ પળ પણ થોભ્યા વગર સ્મરાંગ જવાની હઠ લીધી.

સ્મરાંગમાં તંગમ્ ન હતી, પણ તંગમને કાળાં પાણીની પાર લઈ જનાર 'ઉસ્તલાન્દર' હતું; અને એક વાર 'ઉસ્તલાન્દર' મળે તો તંગમની વધુ ભાળ મળે. પહેલું કામ 'ઉસ્તલાન્દર' પર પહોંચવાનું હતું.

ધાધલે રજા આપી. સાથે લખુ બિડિયાતને તૈયાર કર્યો. લખુ જાવી બોલી જાણતો હતો. સાથે પોતાની કટાર આપી. જરૂર પડે તો એ કટાર સ્મરાંગ બંદરના જરૂસુદી(સુકાની)અહમદ સુપર્વોને દેખાડવા કહ્યું. જરૂસુદી સુપર્વો જબ્બર ખેલાડી ને ધાધલનો પુરાણો મિત્ર હતો. કકતાવના એક નાનકડા પિરાહુ પર અજયપાળ સ્મરાંગ તરફ ઊપડી ગયો.

પ્રાચીન ઇતિહાસ-પુરાણોની સુવર્ણભૂમિ

સંસ્કૃત ઇતિહાસ-પુરાણોમાં અનેકવિધ વિષયોની કાચા સોનાની ખાણો ભરી છે, પરંતુ જ્યારથી ટૉમસ બૅબિંગ્ટન મૅકૉલેએ ભભકાદાર ભાષામાં એ સાહિત્યની ઠેકડી ઉડાવી ત્યારથી અંગ્રેજોનું ઉચ્છિષ્ટ માનસ સેવનારામાં એ સાહિત્ય અકારું થઈ પડયું અને સાથે સુવર્ણ ગળાતું પણ બંધ થયું. એ ખાણોની માટી શોધનારાઓ માટે હજુ યે પુષ્કળ સુવર્ણ અનામત છે.

ઉદાહરણ તરીકે મિસરના મહાનદ નીલ(Nile)નું મૂળ શોધવા લેફ્ટેનન્ટ સ્પેક (Lt. Speke) મથી રહ્યો હતો અને અનેક વાર પાછો પડયો હતો, ત્યાં કોઇએ એને મત્સ્યપુરાણમાં વર્ણવેલી નીલ નદીની વાત કરી, ને એમાં દર્શાવેલાં સ્થળોનો કાચો નકશો બનાવી આપ્યો. મત્સ્યપુરાણ કહે છે કે 'કુશદ્વીપમાં ચન્દ્રસ્થલી છે; એમાં એક મહાસરોવર છે; એમાંથી મહાકૃષ્ણા નદી વહે છે.' લેફ્ટેનન્ટ સ્પેકને આફ્રિકાની બોલી આવડતી હતી. અને એને પ્રેરણા થઈ કે મહાકૃષ્ણા તે મહાનીલ નદી હોય (નીલ એટલે કાળી) તો ચન્દ્રસ્થલી તે 'ઉન્યા મૂએસી' (ચન્દ્રદેશ) હોઈ શકે. એણે સીધો ઉન્યા મૂએસીનો રસ્તો પકડયો અને નિયાન્સાનું મહાસરોવર જોયું. એને વિક્ટોરિયા ન્યાન્ઝા અને નાઇલનો ઉદ્ભવ એ સરોવરમાંથી મળી ગયો! (જુઓ પેરિપ્લસ ઑવ ધ ઈરીથ્રિયન સી. Schoff પૃષ્ઠ ૨૩૦)

ગુપ્તયુગ ભારતીય ઇતિહાસનો સુવર્ણયુગ હતો. એ યુગમાં ભારતીય સંસ્કૃતિના સીમાડા મલયદ્વીપ મંડળથી પણ આગળ પહોંચી ગયા હતા. એ યુગનાં કાવ્યકાદમ્બરીમાં એ દ્વીપમંડળને માટે—ખાસ તો (હંડુમાન) આંડામાન માટે દ્વીપાન્તર શબ્દ વપરાતો હતો: 'દ્વીપાન્તરાનીતલવંગપુષ્પૈઃ.'(કાલિદાસ)

માર્કણ્ડેય-પુરાણ(૫૭-૫, ૭)માં ઇન્દ્રદ્વીપ, કશેરૂમાન, તામ્રપર્ણ, ગભસ્તિમાન, નાગદ્વીપ, સૌમ્યદ્વીપ, ગન્ધર્વદ્વીપ અને વારુણદ્વીપનો ઉલ્લેખ કરે છે તે આજનું ઈન્ડોનેશિયા અને મલૈસિયા છે. વામનપુરાણ વાસ્તવિક ગર્વપૂર્વક કહે છે કે આ દ્વીપોને ભારતીઓએ યજ્ઞ, યુદ્ધ અને વેપારથી પાવન કર્યાં (ઈજ્યા—યુદ્ધ—વાણિજ્યાભિઃ કૃતપાવનાઃ).

—અને રામાયણમાં તો જાવાનું નામ સ્પષ્ટ છે. સીતામૈયાની ખોજમાં બહાર પડતા વાનર સુભટોને સુગ્રીવ કહે છે:

यत्नवन्तो यवद्वीपं सप्तराज्योपशोभितम् ।
सुवर्णरूप्यकं द्वीपं सुवर्ण(र्णा)करमण्डितम् ॥

ત્યાર બાદના સાહિત્યમાં, ઘણા સૈકાઓ પછી, જાવાને શાવ અથવ શાવકદ્વીપ કહ્યો છે, પરન્તુ એમાં દ્રવિડીભવનનો અપભ્રંશ દેખાઈ આવે છે. —'સુકાની'

ખંડ ૨ : સ્મરાંગ

અજયપાળ આ પાણીનો અભોંયો હતો, આ મુલકનો અભોંયો હતો; અહીંની બોલી એને અગોચર હતી, અહીંનાં માણસો એને અજાણ્યાં હતાં; છતાં એનામાં હિમ્મત હતી. એ ગીરના સાવજ વીસોજીનો પુત્ર હતો, મ્હેરાણી વાંકલદેનું ધાવણ ધાવ્યો હતો અને એની સામે દેવા મામા જેવા પ્રચંડ સાહસીનો દાખલો હતો.

પિરાહુના જાવીઓની વાત સાંભળતાં એણે એક અજાયબ શોધ કરી. છેલ્લા મહિનાએકમાં જે તમીળનો એને મહાવરો થયો હતો તે

તમીળ, જાવી ભાષામાં ભારોભાર લાદી હતી. આ ચાવીએ જાવી બોલીનાં દ્વાર ખોલી નાખ્યાં. અજાજીની હિમ્મત ઓર વધી ગઈ.

પાંચમે દહાડે પિરાહુ સ્મરાંગ પહોંચ્યું. એ પાંચ દહાડામાં પિરાહુના જાવીઓ અજયપાળના ગાઢ મિત્ર બની ગયા. પિરાહુને કકતાવ જવાની ઉતાવળ ન હતી. અજયપાળે એ જાવીઓને ખુશીથી રોકી લીધા. પિરાહુએ 'ઉસ્તલાન્દર'ની ઉપરવાસ લંગર નાખ્યું.

વલંદાઓનું આ બંદર; અહીં એમનો ગઢ; અહીં લશ્કરી છાવણી; અહીં એની કોઠી; અહીં એના વેપારીઓ; બંદરમાં એના બેચાર બરછા; એમાં 'ઉસ્તલાન્દર' મોટો હતો; એના ઉપર રાતાચોળ, જમદૂત જેવા નાવિક હતા. આ બધાંની સામે હજુ કાચી ઉમરનો અજયપાળ શું કરી શકે? એને પોતાને પણ હજુ એનો કશો ખયાલ ન હતો. એને ક્ષણભરના આવેશે મજબૂર બનાવી દીધો હતો અને એ આવેશમાં જ એ અહીં આવ્યો હતો. પણ હિમ્મતબાજને કિસ્મત સદા ય યારી આપે છે. અને અજયપાળ હિમ્મતબાજ હતો.

બીજી સવારે સ્મરાંગની બજારમાં અર્જુન મુખી મળી ગયો. એ જકર્તાથી સુરબાયા જતો હતો, કારણ 'રાવળનાથ' ત્યાં જવાનું હતું. અજયપાળ અને લખુ સુકાનીને જોઈ એ આશ્ચર્યમાં પડી ગયો. અજયપાળની કેફિયત સાંભળી એણે સુરબાયા જવાનું મોકૂફ રાખ્યું.

એણે ખબર આપ્યા કે 'ઉસ્તલાન્દર' જાવી તમ્બાકુ ભરી લંકા જવાનું છે ને વર્દ્ધમાન શેઠની પેઢીએ જ બાંધ્યું છે! અર્જુનને તે વખતે ખબર ન હતી કે નેમચંદ શેઠને 'ઉસ્તલાન્દર'ના પરાક્રમની જકર્તામાં ખબર પડી હતી. એ વેપારી બુદ્ધિના વહાણવટીએ વલંદાઓની ખુશામત કરવા 'ઉસ્તલાન્દર'ને પોતાની પતાકાનું રક્ષણ એનાયત કર્યું હતું.

અર્જુન વલંદાઓનો ખૂબ ભોમિયો હતો. એ 'ઉસ્તલાન્દર' પર પહોંચ્યો અને બેચાર નાવિકો સાથે દોસ્તી કરી આવ્યો. તે સાંજે એક ચીની કલાલખાનામાં અજાજી, લખુ, અર્જુન અને 'ઉસ્તલાન્દર'ના બે નાવિકે ઉજાણી કરી. વિલાયતી શરાબની મહેફિલ ઊડવા માંડી. એને પરિણામે કેરલીય કેદીઓના સમાચાર મળી ગયા.

ખંડ ૩ : સાગરને ખોળે

'ઉસ્તલાન્દર' નેમચંદ શેઠના કાફલાથી છએક દહાડા પહેલાં નાગપત્તનમ્ પાસે હતું. એ છ દહાડાએ એને ભમ્મરિયા તુફાનમાંથી બચાવી લીધું હતું. એનું આખરી બંદર લંબક હતું.

પમ્બનથી ઊપડવાની છેલ્લી ઘડીએ એના ઉપર કેદીઓ લાવવામાં આવ્યા હતા : સાડત્રીસ નાયર સિપાહીઓ અને બે જવાન છોકરીઓ. એ યુવતીઓ બહુ ઊંચા ખાનદાનની હોવી જોઈએ, કારણ એને ખાસ ઓરડાઓમાં પરહેજ રાખવામાં આવી હતી. એની તહેનાતમાં એક નાયર કેદી મૂકવામાં આવ્યો હતો. 'ઉસ્તલાન્દર'માં એવી વાયકા હતી કે લંબકથી થોડા જ વખતમાં વલંદા કાફલો તિજોરી લઈ વલંદ(હૉલંડ) જવાનો હતો તેમાં એ છોકરીઓને આમ્સ્તરદામ મોકલવાના છે. એ છોકરીઓને બાનમાં રાખી આમ્સ્તરદામની સરકાર તિરૂવન્કોડી (ત્રાવણકોર)માં ગુમાવેલા વેપારી હક્કો માટે ફરી ચર્ચા શરૂ કરશે. નાવિકો રસથી વાત કહેવા મંડયા.

લંબક લગભગ ઢૂકડાઈ રહ્યું હતું. પવન સામો હતો અને 'ઉસ્તલાન્દર' હેરિયાં કરતું હતું. પડખે બલીનો કિનારો હતો. સિંહરાજપુર વિષયનું બલીલિંગ બંદર દેખાઈ રહ્યું હતું. બલીનો ટાપુ વલંદ સાથે દુશ્મનાવટ રાખે છે, એટલે આ પાણી 'ઉસ્તલાન્દર' માટે સલામત ન હતાં. રાતના અંધારામાં 'ઉસ્તલાન્દરે' એક તીખું હેરિયું કર્યું. આ પડખે પરવાળાની ખડકાળી ધાર, એ પડખે દુશ્મનોની ખાડી! કાપિતાન, માલમ અને નાવિકો આ જોખમકારક હેરિયાને પાર ઉતારવામાં એકતાન હતા એ ક્ષણનો લાભ લઇ બંને નાયર સુંદરીઓએ પાણીમાં ભુસકો માર્યો! બલીલિંગનો કાંઠો સામે જ હતો. કદાચ તેથી જ એમણે ઝંપલાવ્યું હશે. એમની પછવાડે ખોટી થવાનું 'ઉસ્તલાન્દર'ને પાલવે એમ ન હતું. બલીઓ વલંદાના મિત્ર નથી.

ખંડ ૪ : અગ્નિકન્યા

કલાલખાનામાં મોડી રાત સુધી મહેફિલ ચાલી. અજયપાળના હૈયામાં ઉત્પાત મચી રહ્યો. વિલાયતી તેજી શરાબે એમાં પૂરો ભાગ ભજવ્યો હતો. શાસ્ત્રીવાડાના સંસ્કારે એ ફૂલગુલાબીની પણ કોઇ વાર અંજલિ માત્ર લેતો, પરંતુ આવો શરાબ આજ સુધી એણે પીધો ન હતો. એની પહેલી ધૂન હવે બલી પહોંચવાની હતી. તે પહેલા 'ઉસ્તલાન્દર'ને કંઈનું કંઇ કરી નાખવાની બીજી ધૂન હતી. તપી ઊઠેલા મગજમાં વિચારવાની શક્તિ નહોતી રહી. શરાબ મિશ્રિત લોહી જે મગજમાં ધડકતું હોય તેમાં વિચારશક્તિ ન રહે, પણ ધૂનની તો અલગાર લાગી જાય છે. આખી રાત એ ધૂનમાં જ ગઈ. સવારે જ્યારે નશો ઊતરી ગયો ત્યારે માત્ર એક બે ખયાલ એને યાદ રહી ગયા હતા. કોણ જાણે કેમ, કૌટિલ્ય મહામંત્રીની 'વિષકન્યા' એના મગજમાં રમી રહી હતી.

બીજે દહાડે સહુ 'ઉસ્તલાન્દર' ઉપર ગયા. ગઈ રાતના કલાલખાનાના સાથીઓએ, નશાની દોસ્તીમાં ખોટે મસે આમંત્રણ આપ્યું હતું, અને 'ઉસ્તલાન્દર' જોવાનો આ આયતો પ્રસંગ અજાજીએ ઝડપી લીધો હતો. 'ઉસ્તલાન્દર'ના ફાલકાઓ લદાઈ રહ્યા હતા. ઊંચી જાવી તમ્બાકુ અને બીજો માલ ચિક્કાર ભર્યો હતો. કિનારે થોડી બારૂદની કોઠીઓ પડી હતી. બપોર પહેલાં એ બરછા ઉપર ચડી જવાની હતી. બરછો બીજા દિવસની બપોરની ભરતીમાં લંગર ઉપાડવાનો હતો. આજે વલંદા નાવિકોએ મહેફિલ આપી. જમીન પરની એમની આજે આખરી રાત હતી. આજે નાવિકોના બઠવા અને કલાલીની કોઠીઓ વચ્ચે કોણ પહેલાં ખાલી થાય એની સરસાઈ ચાલવાની હતી. દુનિયાભરમાં અને જમાનાઓથી, નાવિકોનો આ છેલ્લી રાતનો શિરસ્તો છે.

તે રાતે અજયપાળ મહેફિલમાં ન જોડાયો. સવારમાં એને આચાર્ય કૌટિલ્યે 'વિષકન્યા'નું સ્મરણ કરાવ્યું હતું એ ફોકટ ન હતું. અંતે એના ઉપરથી 'અગ્નિકન્યા' સાંભરી.

પિરાહુના જાવીઓને મુઠ્ઠી ભરી રિયાલો આપી અજાજીએ રાત્રે બંદરમાં રવાના કરી દીધા. વૈશાખ મહિનાની અમાસની રાત હતી. ખાડીમાં અંધકાર વ્યાપી ગયો હતો. દરિયો શાન્ત હતો. બહારના સાગરે મોટા જુવાળની પહેલી રૅક શરૂ કરી દીધી હતી. કકતાવના પિરાહુની નાનકડી, રમકડા જેવડી હોડી 'ઉસ્તલાન્દર'ના વાંઢાર તરફ સરકી રહી હતી. હોડીમાં ઉઘાડે ડીલે અજયપાળ બેઠો હતો. એણે જાવી લિબાશ પહેર્યો હતો. હોડીમાં રાંગબુડ કાથો ભર્યો હતો. કાથો તેલમાં તરબોળ હતો. એક હાંડલીમાં અંગારા ઝગતા હતા. હોડીએ 'અગ્નિકન્યા'નું રૂપ ધાર્યું હતું.

કંઠારી બજારમાં કલાલખાનાં ઉપર રાડો પડી : 'ઉસ્તલાન્દર' ઉપર આગ લાગી હતી! બેફામ બનેલા નાવિકો ઓચિંતા હોશમાં આવી ગયા. સાથે બીજા નાવિકો, બેડિયાતો વગેરે દોડયા. અર્જુન અને લખુ પણ દોડયા. છાવણીમાંથી સૈનિકો આવ્યા. બીજા બરછાઓનાં માણસો આવ્યાં. પણ સુક્કી તમાકુ અને વાંઢારના નીચલા બંડકમાં બારૂદ (બંદૂકનો દારૂ)! પહેલેથી જ મામલો હાથ બહાર ગયો હતો. આસપાસથી બીજાં વહાણો હટાવી લેવા સિવાય બીજો ઉપાય ન હતો.

કાપિતાન જાન રૂટર કિનારે સૂતો હતો. કોઈ માણસ બરછા ઉપર નથી રહ્યો એની ખાતરી કરી એ સ્વસ્થ થઈ ગયો.

બરછાની અને એના ઉપરના માલની વીમાચિઠ્ઠી ખુદ વર્દ્ધમાન

શેઠની પેઢીએ કાઢી હતી. બીજા વીસ ગુજરાતી અને ચીની વેપારીઓએ વીમો વાંટી લીધો હતો. કાપિતાન જાન રૂટર 'ઉસ્તલાન્દર'ને ચાહતો હતો, પણ હવે નવો બરછો કેવો બંધાવવો એની કલ્પનાને એ રોકી ન શક્યો.

અર્જુન, અજાજી, લખુ, સૌ કાપિતાનને દિલાસો દેવા લાગ્યા. અર્જુન વલન્દા બોલીમાં, લખુ જાવીમાં, અજાજી તમીળમાં! આ બિડિયાતોએ આગ સામે કરેલી જહેમતથી ઓશિયાળો બની કાપિતાન એમનાં વખાણ કરતો હતો.

સવાર પડી. 'ઉસ્તલાન્દર' પાણી સુધી બળી રહ્યું હતું. હવે આગ ઠેઠ નીચલા ભંડક(લઝારેત)માં પહોંચવી જોઈએ. ત્યાં બેચાર બારૂદની નાની કોઠીઓ પડી હતી. છાવણીમાં સૈનિકો ટોળાંને દૂર ખસેડવા લાગ્યા. ભડાકો જોવાને આખું ગામ કિનારે ઊમટ્યું હતું.

આ જ વખતે ખાડીના મોંમાં એક જબ્બર જોંગ વહ્યું આવતું દેખાયું. એના સોળે સઢ ફૂલી રહ્યા હતા. કાપિતાન એને જોઇ રહ્યો. 'બાઈ જોવ! હું આવું વહાણ બંધાવીશ!' એણે કહ્યું. બિડિયાતોએ પાછળ નજર કરી. 'રાવળનાથ' બારામાં દાખલ થતું હતું!



જાવાના બોરોબુદુરના પ્રાચીન મંદિર ઉપર ભારતીય વહાણનું શિલ્પ

ખંડ ૫ : સફરની સમાપ્તિ

'રાવળનાથ'ના તૂતક પરથી સ્મરાંગ બંદરની હુતાશણી ક્યારની દેખાતી હતી. એમાં 'ઉસ્તલાન્દર' હોમાઈ ગયું હતું અને બહાદુર અજાજીએ એકલે હાથે એ કામ કર્યું હતું, એ જાણી ધાબલ ખૂબ ફુલાયો. પણ એને જરા ય અચંબો ન થયો.

એ સ્મરાંગ બંદરમાં એવું કંઇક કરવાના હેતુથી જ જોંગને અહીં લાવ્યો હતો. નેમચંદ શેઠે 'ઉસ્તલાન્દર' ભર્યું હતું એનો મતલબ એ તુરત જ કળી ગયો. નેમચદ શેઠ વલંદાઓની ખુશામત કરવા જતાં નુકસાનમાં ઝડપાયા એ એને માટે બહુ જ સંતોષની વાત હતી.

સ્મરાંગ બંદરે 'રાવળનાથ' શા માટે ગયું હતું એ સવાલ આગળ ઉપર કોઈ પૂછે તો તેનો જવાબ આપવાને ધાબલે અહીં બે દિવસ રોકાણ ઠેરવ્યું, અને સુતારવાડે જઈ મજબૂત ખુત્રો ખરીદ્યો. આમે ય એને આગલો ખુવો જોઇતો જ હતો.

વર્દ્ધમાન શેઠના આડતિયાની પેઢીએ એને કાપિતાન જાન રૂટરની ઓળખાણ થઈ. એણે વલંદા સરકારનો હુકમ બજાવી કેદીઓ આણ્યા હતા. ધાબલને એમાં કંઈ અજુગતું નહોતું લાગતું. 'ઉસ્તલાન્દર'ને સજા મળી ગઈ હતી. સાથે નેમચંદ શેઠને પણ સજા મળી ગઈ હતી. નાખવો ખુશ હતો. એણે કાપિતાન સાથે મૈત્રી કરી લીધી. ફરી એને મોંએ એણે ચંપકમ્ અને તંગમની વાત સાંભળી.

કાપિતાન નેમચંદ શેઠને મળવા જવાનો હતો. નેમચંદ શેઠની પેઢી મદુરૈમાં હતી. એના વેપારનું મુખ્ય બંદર, ખાડીને સામે કાંઠે સરજમીન ઉપર સુરબાયા હતું. 'રાવળનાથ' ત્યાં જ જતું હતું. ધાબલે કાપિતાનને 'રાવળનાથ' ઉપર મહેમાન બનાવ્યો. ભોળો નાખોદો આ પશ્ચિમ ધરાનાં માનવીઓની પરોણાગતથી બહુ પ્રસન્ન થયો.

આખરે 'રાવળનાથે' સુરબાયામાં લંગર નાખ્યું. ઠેઠ રાયપુર બંદરેથી ઉઘાડેલા સઢ હવે પરમાણ પરથી પણ ઊતરી ગયા. 'રાવળનાથ'ના સથા ઉપર ઊંટડાઓ ઊભા થયા અને ફાલકા ખાલી થવા મંડયા.

સફર પૂરી થઈ હતી.

ખંડ ૬ : આંધળો પાડો

સુરબાયા બંદર તે કાળે, ને આજે પણ, જાવાનું ધીકતું બંદર છે. મદુરૈની ખાડીમાં એ મુખ્ય બારું છે. અહીં દેશપરદેશનાં વહાણો આવતાં ને આબકારી તથા જકાતી માંડવી ને અરમારી ચોકીઓ અહીં હતી.

'રાવળનાથ'ને જોઇ જકાતીઓ અને ચોકિયાતો સાવધાન થઇ ગયા. ધાબલ અહીં અનેક વાર આવી ગયો હતો. એ હજુ કોઇ વાર જોકે પકડાયો ન હતો, પણ આ પાણીમાં એનાં પઠાણ આવે કે જાતજાતના ઉત્પાત શરૂ થતા; અને એ બધાંમાં ધાબલનો ખભા સુધી હાથ છે એ વિષે અફસરોને જરા યે શક ન હતો! છતાં આજ સુધી ધાબલ પકડાયો ન હતો.

'રાવળનાથ' લંગર નાખી માલ ઉતારવા લાગ્યું, એટલે ધાબલ નેમચંદ શેઠને મળવા ચાલ્યો. વર્દ્ધમાન શેઠની જાવાની પેઢી મદુરૈ–મદુરા–મથુરા–દ્વીપમાં હતી અને ખંભાતની પેઢી જેવો જ એનો દમામ અને સાખ હતાં. જાવામાં તે કાળે આવી અનેક ભારતીય પેઢીઓ હતી પણ મુખ્યત્વે તો ખંભાતની અને પછી બીજે દરજ્જે સૌરાષ્ટ્રની પેઢીઓ હતી. એમના જેટલી ગબ્બર નહિ પણ સંખ્યામાં અનેકગણી વધારે દક્ષિણ ભારતીય ચેટ્ટી(શ્રેષ્ઠી)ઓની પેઢીઓ હતી. દક્ષિણ ભારતીઓ જાવાની પ્રજામાં દૂધમાં સાકર પેઠે ભળી ગયા હતા.

ધાધલે નેમચંદ શેઠને સુરબાયા સુધીના ખબર આપ્યા. થોડા દહાડામાં 'નૃસિંહસ્વામી' પણ આવી પહોંચશે એ સમાચાર પણ આપ્યા. શેઠને 'રાવળનાથ'થી બહુ સંતોષ થયો હતો, પણ ડાહ્યા વાણિયા વેપારની વાતમાં બહુ સંતોષ દેખાડતા નથી, કારણ સંતોષ દેખાડે તો સામો ધણી ભાવ વધારી નાખે!

ધાધલે 'ઉસ્તલાન્દર'નો ખરખરો કર્યો. નેમચંદ શેઠ જરા ખંધાઈથી એની સામે જોઇ રહ્યા અને ધાબલના મુખ ઉપર કંઇક ભાવ પારખવા એણે આંખો ઝીણી કરી; પરંતુ ત્યાં કોઇ ભાવ જ નહોતો દેખાતો. ઊલટું કાપિતાન રૂટરે તો ધાબલનાં માણસોનાં ખૂબ વખાણ કર્યાં હતાં.

ધાધલે છેવટે કહ્યું કે માલ ઉતારી 'રાવળનાથ' ચાર દહાડા સુક્કાં ઉપર જશે અને પડખે બાઝેલા કહા સાફ કરી નવી કલફાત અને ચોપડ લગાડશે. શેઠ સંમત થયા. પછી ધાધલે કહ્યું કે પોતે, અજો માલમ અને ચાર બિડિયાતો હવે 'રાવળનાથ' ઉપરથી ઊતરી જવાના છે, અને ફરી બાર મહિને ઘરની સફર શરૂ થાય ત્યારે હાજર થઈ જશે. દરમ્યાન

જાવા સાગર ને ગુજરાતના રાજપૂત નાવિકો

ઇસ્વી ૧૫૧૧માં અલ્ફૉન્સો અલ્બુકર્ક કોચીં–મલબાર–થી મલક્કા જવા નીકળ્યો. એની સાથે તે વખતે ૧૮ વહાણોનો કાફલો હતો. કાફલો સિંહલદ્વીપને પ્રદક્ષિણા કરી પૂરવ તરફ વધતો જ રહ્યો. પણ આખરે સર નાખવાએ કબૂલ કર્યું કે એ રસ્તો ભૂલ્યો છે. થોડા દહાડા પછી એને એક વહાણ મળ્યું. સર નાખવા અલ્બુકર્કે કાફલાને એ વહાણ તરફ હંકાર્યો અને પડખે આવતાં જોયું કે એ ગુજરાતનું વહાણ હતું અને એના ઉપર શસ્ત્રસજ્જ નાવિકો હતા. પૂછપરછ કરતાં અલ્બુકર્કને લાગ્યું કે તે ખરા રસ્તાથી બહુ છેટે નહોતો નીકળી ગયો. આ કિસ્સો (Commentaries vol. iii, p 58. તથા Ferrand T. J. A. 11/12-1918 p. 165) વર્ણવતાં, એ સફરનો બયાનકાર લખે છે: 'આ રસ્તો બીજી કોઈ પણ પ્રજા કરતાં ગુજરાતીઓ વધારે સારી પેઠે જાણે છે; એનું કારણ એ છે કે આ પૂરવના દેશો સાથે ગુજરાતનો વેપાર બહુ મોટો છે.'

—સુકાની

રામસિંહ નાખવો 'રાવળનાથ' સંભાળશે.

શેઠને આ વાત ન રુચી; પણ વહાણ બાંધ્યું હતું, ધાબલને નહોતો બાંધ્યો, એટલે સંમત થવું પડ્યું. સહજ કુતૂહલ થતાં નેમચંદ શેઠે પૂછ્યું: 'દેવા ધાબલ, બાર મહિના અહીં વહાણ વગર જાવામાં શું કરશો?'

'એ નેમચંદ શેઠ! અમે તો ઈયાં કંઇ વાર આવી ગ્યા છિયેં. અમને ઇયાં બ્હોળાં કામ છે. જેમ તું વેપાર કરીશ, એમ અમે ગિરાસિયાગીરી કરશું!' એટલું કહી નાખવો ઊભો થયો, શેઠને જુહાર કર્યા અને ખાણ ખાઈ છૂટેલા આંધળા પાડા પેઠે બહાર પડ્યો.

ખંડ ૭: બે પિરાહુ

ધાબલે સુરબાયામાં નાનકડો ડેલો વસાવ્યો હતો. એની સાથે અનોજી, લખુભા, અમરૂભા અને માનસંગ 'રાવળનાથ' ઉપરથી ઊતર્યા. ચાર દહાડા પછી જરૂમુદ્રી (સુકાની) અહમદ સુપર્ત્રો ડેલામાં રહેવા આવ્યો. સાથે મદાંગ, રાજન્ અને ઈસાક–ત્રણ નાવિકોને લેતો આવ્યો. આ એકેએક જણ મગરીના પેટમાંથી સોંસરો નીકળે એવો હતો! વલંદા અમલદારો આ ડેલા ઉપર પણ સખત નિગરાણી રાખવા લાગ્યા.

'રાવળનાથ' ઉપર આબકારી અને જકાતી માણસોએ વારાફરતી દરોડા પાડવા માંડ્યા. બંદરમા અનેક વાયકાઓ ચાલતી હતી. 'રાવળનાથે' અફીણ છુપાવ્યું છે; 'રાવળનાથ' મહિસૂરના સુલતાન હૈદરઅલીના હીરા વેચવા લાવ્યું છે; 'રાવળનાથ' બલી માટે હથિયાર લાવ્યું છે! દર એકાંતરે 'રાવળનાથ' ઉપર છાપા પડવા લાગ્યા; ઘામટની કુંડીઓમાં પણ મીંદડીઓ (બિલાડીઓ–લોખંડના આંકડા) ફેરવવા મંડ્યા; પણ કંઇ અજુગતો માલ હાથ ન પડ્યો એટલે વલંદાઓ નિરાશ થયા.

એક સાંજે બે પિરાહુ ખાડીમાં આવ્યાં ને 'રાવળનાથ'ની નજીક જઈ નાંગર્યાં. ખાડીમાં પડેલી વલંદા ફ્રિગેટ સાવધાન બની ગઈ: હવે નક્કી કૈંક ખેપાન થવાનું! અને ખરેખર, એક રાતે એમાંનું એક 'રાવળનાથ'ને પડખે આવ્યું. ઝટઝટ હાથોહાથ પેટીઓ ને કોઠીઓ પિરાહુમાં ઊતરી ને પિરાહુ ખાડી બહાર ચાલ્યું. ફ્રિગેટે લંગરનો રસ્સો કાપી એની પૂઠ પકડી. આખરે ચોરી પકડાઈ ગઈ તેથી ફ્રિગેટનો કપતાન ખુશ થતો હતો.

પિરાહુ ધાર્યા કરતાં વધારે ઝડપી નીકળ્યું. પ્રહરેક સુધી ફ્રિગેટને દોડાવી. પણ આખરે ફ્રિગેટે એને આંબી લીધું. ફ્રિગેટે બંદૂકો નોંધી અને પિરાહુને પાછું ફરવાનો હુકમ કર્યો. જરા રકઝક કરી જાવીઓ પાછા ફર્યા. સવારના સ્મરાંગ બંદરમાં પિરાહુનો માલ ફેંદી નાખ્યો. માલમાં હલકા તમ્બાકુની ભૂકી, ગુડાકુ અને ચીરોડી નીકળ્યાં. પિરાહુના જાવીઓએ કકળાટ કરી મૂક્યો અને વલંદા અફસરો ભોંઠા પડ્યા!

પાછા ફરતાં ફ્રિગેટે જોયું કે 'રાવળનાથ'ની પાસે નાંગરેલું બીજું પિરાહુ લંગર ઉપર ન હતું! આખરે 'રાવળનાથે' દાવ નાખ્યો હતો! તાબડતોબ ધાબલની ડેલી પર દરોડો પડ્યો. ધાબલે અફસરોનો ખૂબ આદરથી સત્કાર કર્યો. એ તો ક્યારનો 'રાવળનાથ'થી છૂટો થઈ ગયો હતો. બંદરમાં તો જુસાં બિસિયાર પિરાહુ પડ્યાં છે. અફસરો ક્યા પિરાહુની વાત કરતા હતા? રાતની સાઠમારીની વાત સાંભળી ધાબલ ખડખડાટ હસવા મંડ્યો. સરકારી ફ્રિગેટ? અને બજર, ગુડાકુ ને ચીરોડી પૂંઠે દોડી!

અફસરોના હાથ બહુ સળવળતા હતા, પણ હાથ ઉપાડવાને કારણ નહોતું મળતું. એમણે ધાબલને સ્મરાંગ છોડી જવાનો હુકમ કર્યો. ધાબલે બહુ કચવાઇને એ હુકમ માથે ચડાવ્યો. એને એ જ જોઇતું હતું!

ખંડ ૮: 'સુવર્ણભૂમિ'

પ્રાચીન આર્યોની સાહસભૂમિ! પ્રાચીન કવિઓએ એને સુવર્ણભૂમિ કહી છે. મ્યોમ્યાં (બ્રહ્મદેશ), મલયૂ, સુમાત્રા, જાવા, બલી, કલિમન્થન (બોર્નિયો), શૂલવેપી (સેલેબીસ), હાઇમાન, થમ્પા, કાંબૂજ, મુઆંગથાઈ અને એ બાજુના હજારો દ્વીપ, તે સુવર્ણભૂમિ. અહીં ભારતીય સાહસે વસાહતો સ્થાપી, રાજ્યો ચલાવ્યાં, સામ્રાજ્યો સ્થાપ્યાં ને ભારતનાં ધર્મ, સંપ્રદાયો, સંસ્કાર અને દર્શન પ્રસરાવ્યાં. અહીંના ઋષિ અગત્સ્ય; અહીંની દેવતા રામ; આ ભૂમિ તે રામાયણની ભૂમિ; અનેક પૌરાણિક કથાઓની ભૂમિ; બે હજાર વર્ષ સુધી તો ઇતિહાસદૃષ્ટ આ આર્યભૂમિ. તે પહેલાંના ઇતિહાસ આડે કાળની આંધી છે. જો ઇસ્લામના પ્રચાર પછી પણ કોઈ ભૂમિ ભારતીય સંસ્કારનાં પ્રાચીન રૂપે દર્શન કરાવતી હોય તો તે આ જ ભૂમિ. ભારતનાં અરુણદર્શન આજે પણ, કાં તો દક્ષિણ ભારતમાં, કે કાં તો અહીં થાય છે.

વાનરરાજ સુગ્રીવના શબ્દોમાં અહીં 'સમુદ્રમવગાઢાંશ્ચ પર્વતાન્' જોનાર આજે પણ એ શબ્દો યાદ કરે છે. મહર્ષિ વાલ્મીકિએ આ ભૂમિ પ્રત્યક્ષ ન જોઈ હોત તો રામાયણ ન લખાયું હોત. અને એ સુવર્ણભૂમિનું રત્નજડિત લોલક તે બલી દ્વીપ. અહીં ગાઢ જંગલો છે, ઉત્તુંગ પર્વતમાળ છે, જાજ્વલ્યમાન જ્વાલામુખીઓ છે. આકાશમાં સોનાની નગરીઓ દેખાય છે. અહીંની અભેદ્ય વૃક્ષરાજિમાં વાઘ, ગેંડા, સૂવર અને મહિષાસુર સ્વચ્છંદે ફરે છે. અહીં જબ્બર નાગ રહે છે, વૃક્ષડાળો પર હાથીની સૂંઢ જેવા જાડા અજગરો વસે છે; અને અહીં વસે છે પરીક્ષિતના પ્રાણ હરનારો તક્ષક.

અને સહુથી અજબ તો અહીં વસે છે વનમાનવી! ન નર કે ન વાનર. જાવી બોલીમાં એને 'જંગલનો માનવી' કહે છે. 'ઓરાંગ' એટલે માનવી અને 'ઉતાન' એટલે જંગલ. 'ઓરાંગઉતાન' એ જ ખરેખર કિષ્કિંધાના વાનર સુભટોનો વંશજ છે. એ ફળમૂળ ખાઇ રહે છે, એકપત્નીવ્રત પાળે છે; પોતાનાં સંતાન પર અત્યંત પ્રીતિ રાખે છે; વૃક્ષની ડાળે ઝૂંપડાં બાંધી રહે છે; કોઈનું નામ લેતો નથી; ધારે તો માત્ર મુષ્ટિથી વાઘની પણ ખોપરીના ચૂરા ઉડાડી દે એવું એનામાં બળ છે. અને અહીં વસે છે નરભક્ષી રાક્ષસો, સક્કાઈ અને દિયાક્કુ.

આ જંગલોમાં હજારો ભારતીય મંદિરો, મહાલયો, સ્તૂપો, યૂપો, પુષ્કરિણીઓ ને વાપીઓના અવશેષ ઊભા છે. કહે છે કે હજુ પુરાતત્ત્વવિદની નજરે ન પડેલાં અનેક સ્થાપત્યો પહાડોની ટોચે જ્વાલાજોગણીને પડખે ઊભાં છે. એ હજુ તો દીઠાં છે આ નલ, નીલ અને જાંબુવાનના વંશજ ઓરાંગઉતાને, અથવા રાવણ અને કુંભકર્ણના વંશજ સક્કાઇએ અને દિયાક્કુએ!

અને એ પહાડો વચ્ચે જાવા સાગર અનેક નાનીમોટી પંથારો પાથરી વહી રહ્યો છે.

ખંડ ૯: સંજાતની સોંપણી

આઘોર જંગલની કાળી દીવાલો વચ્ચે પાણીની એક સાંકડી કેડી ઉપર નજર રાખી, જરૂમુદ્દી સુપર્વો તૂતક ઉપર ઊભો હતો. એને પડખે દેવો ધાધલ હતો. આસપાસની નીરવતા ડરામણી હતી. સામેનું જંગલ દિવસે પણ અંધારું હતું. રાત્રે તો એ કાળી ભીંત જેવું નક્કર લાગતું હતું. વચમાંની નાનકડી પાણીપંથાર, જાણે કોઈ કંદરા જેવી લાગતી હતી.

એક ઘુવડ બોલ્યું; કંદરાની ભીતરમાં એક કંદિલ ઝબક્યું; સુપર્વોએ હાથમાંનું કંદિલ ત્રણ વાર ઊંચુંનીચું કર્યું; અને અંધારામાં દાબેલા હલેસાંઓ સળવળ્યાં. થોડી વારે અવાજ આવ્યો: 'તાહુ મકન, ના-ખોદા!' (જેને ન ખાવાનું ખાતાં આવડે, નાખવા!)

'તાહુ સિમ્પાન્, ઓરાંગ બલી!' (એને ચૂપ રહેતાં પણ આવડવું જોઇએ, ઓ બલીના માનવ!) નાખવાએ જવાબ આપ્યો.

'બયક્, નાખોદા!'(બહુ સારું,નાખવા)અંધારાંએ જવાબ આપ્યો. આ સંકેતવાક્યો હતાં. ગોઠવેલી કડીઓ મળી ગઈ હતી. માલનું એક સંપાન પિરાહુની સોડે પડ્યું. એક યુવાન કઠેડો કુદાવી પિરાહુના સથા પર ઊતર્યો. જાવીઓએ તુરત નીચે બેસી જઈ સથા ઉપર માથાં અડાડ્યાં. આવનાર રાજવી હતો. 'સલામત તુવાંકુ' (ખમા, બાપુને) ધાધલે કહ્યું.

'સિમ્પાઈ, મુબારક દેવરાજ! (તમારું આગમન મુબારક હો, દેવ-રાજ!) કુમાર અમિતશીલોએ જવાબ આપ્યો.

શિષ્ટાચારનો વખત ન હતો. અહીં સુધી વલંદાઓની ફ્રિગેટો કોઇ વાર આંટા મારતી હતી. પિરાહુના તળનાં પાટિયાં ઊઘડ્યાં. અંદર બંદૂકો, તમંચા, છરા, ગોળી, તરવાર, કટાર, બારૂદ અને જામગરીઓ ભર્યા પડ્યાં હતાં. કુમારની આંખો અંધારામાં પણ ચમકી ઊઠી.

'બેઠ (બેસ).' કુમારે કહ્યું. સંજાત (હથિયારનો સરંજામ) સંપાનમાં ઉતારી લીધી કે સંપાન અદૃશ્ય થઇ ગયું. એને સ્થાને ગટ્ટા(એટલે કાચું રબર)ના ગંધાતા લોંદાઓથી ભરેલો તરાપો આવી ઊભો થઈ ગયો.

કુમાર અમિતશીલો હવે પરોણાગત માટે તૈયાર હતો. ધાધલ એને પિરાહુના આવાસમાં લઈ ગયો. કુમારે જરિયાન સરોંગ (વેષ્ટિ) પહેર્યું હતું. કમરે નાજુક રત્નજડિત કીરીસ, અને ઉઘાડું અંગ. સોળે કળાએ એ રાજવી લાગતો હતો.

'દેવરાજ નાખવા! બલીના સર નૌકાપતિ, મારા પિતા ભદ્રશીલો વતી હું આપનો આભાર માનું છું. અમને સંજાતની હમેશ જરૂર હોય છે, અને એ મેળવવી દિવસોદિવસ મુશ્કેલ થતી જાય છે.'

કુમારે ભારતના ખબરઅંતર પૂછ્યા અને અહીંના સરસમાચાર દીધા. તે કાળે જેમ ભારત તેમજ આ સુવર્ણભૂમિ પરદેશીઓના નહોર-થી ઘવાઇ રહી હતી, અને ભારતનાં રજવાડાં પેઠે જ, અહીંનાં રજ-વાડાં પણ કુહાડીના હાથા બનતાં જતાં હતાં. બલી દ્વીપ હજુ સ્વતંત્ર હતો. આસપાસથી શરણે આવેલાં રજવાડાંઓને બલીમાં આશ્રય મળતો હતો. જાવાના પૂર્વ ભાગના વિષયો ઉપર હજુ બલીની સત્તા ચાલતી હતી. વલંદા સામે બલીનાં બળ હતાં બે: એક તો એની અંગ્રેજો સાથેની મૈત્રી; અને બીજી એની આરમાર.

ધાધલે ચંપકમ્ અને તંગમની વાત કરી. કુમાર બહુ એકાગ્રતાથી સાંભળી રહ્યો. સામાન્ય કેદીઓની કદાચ એ પરવાહ ન કરત, પણ કેરલનું ચટ્ટવિલ (આઠ ઘર) એ તો બલીના અષ્ટકુલ રાજન્ જેવું છે. એ ચટ્ટવિલની કુંવરીઓ! થોડી વાર વિચાર કરી એણે કહ્યું, 'બલી બહુ જ નાનો દ્વીપ છે દેવરાજ, પણ એની ઉત્તર અને દક્ષિણ વચ્ચે અગમ્ય પહાડોનો દુર્ગ છે. એમાં આખી સેના છુપાઈ જાય તો યે ખબર ન પડે.

'જે જાય જાવે'

આપણી પ્રાચીન કહેવત છે કે 'જે જાય જાવે, તે પાછો કદી ન આવે; પણ જો આવે તો (એટલું ધન લાવે કે) એનાં પરિયાં ને પરિયાં ખાવે.' આ માહાત્મ્ય વર્દ્ધમાન શેઠ જેવા વહાણવટીઓ અને દેવરાજ જેવા દરિયા-સારંગોનું હતું અને ઠેઠ વેદકાળથી માંડીને મુકાબલે લગભગ ગઈ કાલ સુધી મોજૂદ હતું.

ઋગ્વેદમાં સમુદ્રને 'ધરણમ્ રયીનામ્' સંપત્તિનો આધાર કહીને વર્ણવ્યો છે. બાણભટ્ટે શ્રીહર્ષચરિતમાં કહ્યું કે 'અબ્ભ્રમણેન શ્રીસમાકર્ષણમ્'–સમુદ્ર ઉપર ભ્રમણ કરનારાઓ લક્ષ્મીને સહજે ખેંચી લે છે. ચારુદત્ત તરફથી ઘરેણાંનો દાબડો લઇ એનો પરિચર વસન્તસેનાના આવાસમાં દાખલ થાય છે ત્યારે એ આવાસનો અઢળક વૈભવ જોઈ એ ચકિત થઈ જાય છે અને વસન્તસેનાના સેવકને પૂછે છે–'ભવતી કિં યુષ્માકમ્ યાનપાત્રાણિ વહન્તિ?' અર્થાત્ તારી શેઠાણીનાં શું વહાણો ચાલે છે?

એ જાવામાં એક કાળે, હજુ બે ચાર સદીઓ પહેલાં જ, ગુજરાતી, તમિળ અને બીજા થોડા ભારતીઓની પેઢીઓ ધીખતી હતી અને ઘણાંખરાં શહેરોનાં નામ તમિળ શહેરો ઉપરથી પડ્યાં હતાં. ઉત્તર ભારતની મથુરા નગરી જેવી દક્ષિણ ભારતની મદુરૈ નગરી અને એના નામ ઉપરથી જાવામાં પણ મદુરૈ નગરી ભાર-તીઓના વેપારથી જ એક કાળે સમૃદ્ધ બની હતી. —'સુકાની.'

નાયર કુંવરીઓની ભાળ મેળવવી એ સામાન્ય માનવીનું કામ નથી. કદાચ જલધિમંત્રીશ્વર ગજમદો એ ભાળ મેળવી શકે.

અજયપાળ ઉત્સુક થઇ ગયો. એણે કહ્યું કે એ પોતે મંત્રીશ્વર પાસે જવા તૈયાર છે. અમિતશીલો જરા હસ્યો: 'આ કાળ વિષમ છે, કુમાર.' એણે કહ્યું; 'જલધિમંત્રીની મુલાકાત લગભગ અસંભવિત જેવી છે. એ મહારાજાના ભાઇ પણ છે, અને મંત્રી પણ છે.'

અજયપાળને વીલો પડી ગએલો જોઈ કુમારે ઉમેર્યું, 'અને મારા શ્વસુર પણ છે.' એણે આંગળીએથી મુદ્રા કાઢતાં કહ્યું, 'કદાચ આ મુદ્રા તમારી મુલાકાતને સંભવિત બનાવી દેશે.' અજયપાળે ઝટ મુદ્રા લઈ લીધી.

એવામાં સુપર્વો અવાજ કર્યા વગર આવાસમાં દાખલ થયો ને સથા સુધી નમીને બોલ્યો: 'કંપલ વાલંદા, દાતો! (વલંદાનું વહાણ, મહારાજ!)'

'દરી માના?' (કઈ બાજુથી?)

'લાઉન દિ હદપ્પન, દલો!' (દરિયા તરફથી, મહારાજ!)

કુમાર સફાળો ઊભો થયો અને સથા ઉપર આવ્યો. ઉત્તરમાંથી તારાજડિત આકાશમાં ઊંચો ઓળો દેખાતો હતો. વલંદા ફ્રિગેટ આવી રહી હતી. કુમારે સરોંગ ઊંચું ચડાવી લીધું. ઘડીભર કઠેડા ઉપર એ ટટ્ટાર ઊભો થઇ ગયો. પછી સ્વસ્થતાથી ધાધલ અને અજયપાળને નમન કર્યું અને સૂતાં મગરાં પણ ન જાગે એવી સિફતથી પાણીમાં સરી ગયો!

ખંડ ૧૦: અફીણના દાણી


વલંદા ફ્રિગેટ ધીમેધીમે નજદીક આવી પહોંચી. આ બલીનાં પાણી હતાં, પણ આસપાસ કોઈ આરમાર ન હતી એટલે એ નચિંત હતી. પિરાહુ પાસે આવીને એણે પડકાર કર્યો. પડકારનો કશો જવાબ ન મળ્યો. પિરાહુ ઉપર તમામ માણસો ઘોરતાં હતાં! ચોકિયાત પણ ખુવાને અઢેલીને ઘોરતો હતો. આવા ગાફેલ 'ઓરાંગ જાવા' (જાવી માણસો) વિષે વલંદાઓનો તિરસ્કાર વધ્યો. એક અફસર અને ચાર નાવિક પિરાહુ ઉપર ચડ્યા. એક જાવીને લાત મારીને ઉઠાડ્યો. જાવીએ મુખીને ઉઠાડ્યો. મુખીએ જરૂમુદ્દીને ઉઠાડ્યો. જરૂમુદ્દીએ અજા (અનુસંધાન પૃ. ૩૧૦મે)




એક રમકડાના વિમાને અમેરિકાના બે યુવાન ભાઈઓ ઑર્વિલ અને વિલ્બર રાઈટને પહેલું વિમાન બનાવવાની પ્રેરણા આપી.



ઓહાયો પરગણાના એક પાદરીના એ પુત્રોને સાહસિક વડીલો પાસેથી સ્વતંત્ર નિર્ણયશક્તિ, હિંમત ને યાંત્રિક બુદ્ધિનો વારસો મળેલો.




તેમનાં મોટાં ભાંડુઓ કૉલેજમાં ગયાં, પણ આ બે જણે માધ્યમિક શિક્ષણ પૂરું કરી નાનાં યંત્રો શોધવાનું ને સાઈકલો બનાવવાનું પસંદ કર્યું.



બંને ભાઈઓ ગંમત ખાતર પતંગ ઉડાડતા. તેમાંથી આખરે તેમણે હવામાં સરતા ગ્લાઇડરને ચડાવવાના સિદ્ધાંત પર પ્રભુત્વ મેળવ્યું.




અગાઉના શોધકોના ઘણા નિર્ણયો છોડી દઈને ઉડ્ડયનના સૌથી મહત્ત્વના પ્રશ્નોનો નિકાલ તેમણે પાંખો અને આડા સુકાનથી આણ્યો.



૧૯૦૨ સુધીમાં તેમણે ત્રણ ગ્લાઇડરો બનાવ્યાં અને કૅરોલિનાના કિટ્ટી હૉકના રેતીના ઢગલાઓ પર હજારો વાર સફળ રીતે ઉડાડ્યાં.



હવાનાં ઉચ્ચાલન અને ઉડ્ડયનના બીજા સિદ્ધાંતોનો અભ્યાસ કરવા તેમણે હવાનો એક બુગદો બનાવ્યો ને પછી વિમાનઘર બાંધ્યું.




૧૯૦૩ના સપ્ટેમ્બરમાં તેમણે પહેલું વિમાન પૂરું કર્યું. એનું વજન ૭૫૦ રતલ, પાંખોનો વિસ્તાર ૪૦ ફૂટ હતો. ને તેમાં બે પંખા હતા.



ઉડ્ડયન કરવાનું માણસનું સ્વપ્ન જુગજૂનું છે. પુરાણોમાં ઍપૉલો જેવા ઘણા પ્રાચીન દેવોને સ્વપ્ને ઊડવાને માટે શક્તિમાન કલ્પ્યા છે.




ઉડ્ડયનની પહેલવહેલી યંત્રરચના ૧૫૦૫માં ઇટલીના પ્રતિભાવાન કલાકાર લીઓનાર્ડો દ વિન્ચીએ કરી. તેણે ચામાચીડિયાને આધારે વિમાનનો પહેલો નકશો તૈયાર કર્યો, નાનાં ગ્લાઇડર ઉડાડયાં, ને વિમાનછત્રી પણ કલ્પી.



પછી પતંગથી, ગરમ હવા ને હાઇડ્રોજનભરેલાં બલૂનથી, અને ગ્લાઇડરથી મનુષ્ય થોડી ક્ષણો માટે ઊડતો થયો. ૧૮૫૧માં ફ્રાન્સના જિફાર્ડે વરાળથી ચાલતું બલૂન સફળતાથી ઉડાડયું. પણ હવા પર પ્રભુત્વ સ્થાપી ન શકયો.



એ પ્રભુત્વ તો રાઈટ બંધુઓનાં જ વિમાને સ્થાપ્યું. ૧૯૦૩ની ૧૪મી ડિસેમ્બરે કરેલા એમના પહેલા અખતરામાં એમનું વિમાન જોકે સાડાત્રણ સેકન્ડ જ હવામાં રહીને નીચે પડ્યું. પણ આથી તે જરાય હતાશ ન થયા.



અંતે ૧૯૦૩ની ૧૭મી ડિસેમ્બરે કિટ્ટી હૉકના હિમશીતલ રેતીના ઢગલા પર ઊભા રહીને પાંચ માણસો અને એક કિશોરે એન્જિનથી ચાલતા, હવાથી ભારે ને માણસને લઇ જતા અંકુશિત વિમાનનું પહેલું સફળ ઉડ્ડયન જોયું.



પહેલવહેલું ઑર્વિલે વિમાન ઉડાડયું. તે ૧૨ સેકન્ડમાં ૧૨૦ ફૂટ ઊડ્યું. તે જ સવારે બીજાં ત્રણ ઉડ્ડયનો થયાં: ૧૧ સેકંડમાં ૧૯૫ ફૂટ, ૧૫ સેકંડમાં ૨૦૦ ફૂટ ને ૫૯ સેકંડમાં ૮૫૨ ફૂટ. છેલ્લા ઉડ્ડયનમાં વિમાન થોડું જોખમાયું.



પહેલાં તો દુનિયાએ આ બનાવોની ઉપેક્ષા કરી, પણ પછી તેનો સત્કાર થયો. રાઇટ બંધુઓએ દુનિયાને અર્પેલી એ મહાન સિદ્ધિ માટે તેમને ભારે યશ ને આર્થિક બદલો મળ્યાં. તેમની સિદ્ધિ એ નિરંકુશ સાહસનું સ્મારક છે.

દેવો ધાધલ (અનુસંધાન પૃષ્ઠ ૩૦૮થી) માલમને ઉઠાડયો. અજા માલમે નાખવાને ઉઠાડ્યો. આખરે નાખવાને વલંદાઓએ સવાલ પૂછ્યા. જવાબ મળ્યો કે પિરાહુ ગટ્ટા લેવા આવ્યું છે. ગટ્ટાનો તરાપો પાસે પડ્યો છે! એની ગંધ જ એ વાત કહી દેતી હતી. ફ્રિગેટનાં માણસોને ખબર ન હતી કે આ મડદાલ જેવો દેખાતો નાખવો તે ખોફનાક દેવો ધાધલ છે! પરંતુ કાલી કાલી વાતોથી ફ્રિગેટ બની જાય એમ ન હતું. એણે ગટ્ટાના ગોળા ચૂંથવા માંડયા. ખૂબ ખૂંદતાં અંદરથી રેશમમાં વીંટાળેલા અફીણના બાર દડા મળ્યા. ફ્રિગેટના અમલદારે નાખવાને માથા ઉપર ધોલ મારી. નાખવો જાણે ડઘાઈ ગયો! તરાપામાંનું બધું અફીણ લઈ ફ્રિગેટ ઊપડી ગઈ. આ બલી પાણીમાં વિશેષ ઊભા રહેવું એને માટે પણ સલામત ન હતું. સાથે પિરાહુ ઉપરનાં બે શરાબનાં પીપો પણ ઉપાડી ગઇ. અફસરોને બેધ્યાન કરવા માટે જ આ પીપો ત્યાં રાખ્યાં હતાં!

આમ, 'અસ્બન' પિરાહુ અફીણના દાણચોર તરીકે બદનામ થયું. એણે બલીની અરમારને હથિયાર વેચ્યાં તેની ગંધ કોઇને ન આવી. (ચાલુ)

કાયદામાં કશું નિશ્ચિત નથી, સિવાય કે ખર્ચ.
અનુભવનો એક કાંટો શિખામણનાં સો ગુલાબો બરાબર છે.
પોતાને ભારે માનતા માણસને બીજાઓ બહુ હળવી રીતે સ્વીકારે છે.'

ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા કુલપતિ કઝિન્સ ના ઘડતરકાળનાં સંસ્મરણો

૫-ભારતનો સંપર્ક

"આ મારું પહેલું અઠવાડિયું મિસિસ બિસન્ટની કાળજીભરી ગોઠવણ પ્રમાણે આરામ અને સુંદર સહવાસમાં વીત્યું. બધું જ વાતાવરણ અનુકૂળ થતું લાગ્યું. વૃક્ષો-પક્ષીઓની જાતજાતની નવીનતા ખૂબ જ આકર્ષક બની. વૃક્ષોમાં રાજા તો વટવૃક્ષ જ હતું. એક વિશાળ કુટુંબની માફક તેની શાખાઓ પ્રસરીને ફરી ભૂતળને મળી તેનો ટેકો બની જતી હતી. અઠવાડિયું ગયું એટલે 'ન્યૂ ઇન્ડિયા'ના ઉપતંત્રી તરીકે મેં પ્રારંભ કર્યો. અધ્યારથી ૯ માઈલ દૂર મદ્રાસના બંદર પર, જ્યાં મોજા ઊછળતાં હતાં ત્યાં અમારી ઑફિસ હતી. જોકે જરૂર પડે કે કામ લાગે એ માટે અમે બર્ડનહેડથી બાઇસિકલો ખરીદી લીધી હતી. પણ ચાર જ દિવસને અંતે સાઇકલ-સવારી બંધ કરવી પડી.

વરસાદનું ઝાપટું પડ્યું હોય એટલા પરસેવે રેબઝેબ થતો હું ઑફિસે પહોંચ્યો. અને એવી હાલતમાં જ્યારે તંત્રીશ્રીની સામે જઈ વંદન કરી ઊભો રહ્યો ત્યારે તેમણે, એક કલાવિવેચક કોઈ અણગમતી તસ્વીર જોઇને કરે તેમ, તેમની ભૂરી આંખો મારી સામે ઊંચીનીચી કરી જોયું. 'અરે તમે, ભીંજાઈ ગયા છો!' ખરી વાત હતી. પરસેવાથી મારાં ભવાં ટપકતાં હતાં. કોઈની સાથે મને તુરત નીચે મશીન-રૂમમાં મોકલ્યો. ત્યાં કપડાં સૂકાં થતાં દરમિયાન પૂર્વદેશોનું પત્રકારત્વ અને છાપખાનું કેમ ચાલે છે તે જોવા મળ્યું.

તે પછી મહામાન્યા(chief)ની ગાડી રોજ સાડાઆઠ વાગ્યે મને લેડબીટર ચેમ્બર આગળ લેવા આવતી. ડ્રાઈવરની સીટ આગળ હું બેસી જતો અને એમનું ટિફિન કૅરિયર મારા બે ગોઠણ વચ્ચે ઊભું સાચવતો. તે વખતે મહામાન્યા(બિસન્ટ)ના હાથમાં રોજનાં અનુકૂળ અને પ્રતિકૂળ રાજકીય છાપાં હોય જ. રસ્તામાંથી તેમનો સેક્રેટરી, ઉપતંત્રી અને બીજો જુવાન મદદનીશ તંત્રી ભળી જતા, 'ન્યૂ ઇન્ડિયા'ની ઑફિસે પહોંચતાં સુધી વચ્ચે આવતા ટાયન પેઠમાં એક જુવાન વકીલ શ્રી સી. પી. રામસ્વામી ઐયરની સાથે સલાહ લેવા ઊતરી પડતા. આ નામ મને ખટક્યું હતું કારણકે એ ભાઈ તો જે. કૃષ્ણમૂર્તિ અને નિત્યાનંદના ખટલામાં બિસન્ટની સામે ઊભા રહ્યા હતા. પણ હવે રામસ્વામી એક વર્ષ જૂની હોમરૂલ-લડતમાં બિસન્ટના સહકારી થયા હતા. એમની સાથેની થોડી મુલાકાતો પછી તેમના વિષેની મારી ખટક દૂર થઈ ગઈ અને અમે જિંદગીભરના મિત્ર બન્યા.

એ સમયના મદ્રાસના નવેમ્બરના આકાશમાં ઇતિહાસ રચાતો હતો. જોકે હું કંઈ ઇતિહાસકાર નથી, પણ ભવિષ્ય તરફ ધકેલી જતા જે બનાવોમાં બિસન્ટ એક સર્વસ્વીકૃત નેત્રી બન્યાં તે બધાં આંદોલનનાં સ્વરૂપોનો હું સાક્ષી હતો. ક્યાંક અંગત ભાગ પણ લીધેલો. તેની માત્ર સ્મૃતિ અંકિત કરું છું.

આયર્લૅન્ડમાં હું શિક્ષક હતો ત્યારે જ, પહેલાં મનથી ને પછી સમજપૂર્વક મેં મારા કામ અને વર્ગવ્યવસ્થામાં પ્રકૃતિ અને કલાનો સંસ્પર્શ લાવવા માંડ્યો હતો અને મને પ્રતીતિ થઈ હતી કે તેના વિના કેળવણી ખાલી ખોખું જ છે. તેથી જ પ્રજામાં અતૃપ્તિ રહે છે અને ખોરાકના અભાવે જેવા રોગો આવે છે તેને મળતા જ વાસનાના રોગ જન્મે છે. ભારતના વાતાવરણમાં આ ભાવના ફરી જાગૃત થઈ. મારી પત્નીને પણ એમ જ લાગ્યું અને ભાડે આણેલા પિયાનો ઉપર તેણે રિયાઝો શરૂ કરી. અમારી આસપાસ ઉત્સુકોનું એક નાનું મંડળ જામ્યું અને ઑલકૉટ બાગના ઉપરને માળે દર રવિવારે જમાવટ થતી.

થિયૉસૉફિકલ કાર્યપ્રવાહના ઇતિહાસમાં આ એક નવી જ શરૂઆત હતી. આમ તો થિયૉસૉફી અને કલાકારો વચ્ચે હેળમેળની પ્રથા પડેલી જ હતી. કોઈકોઈ વખત ગીતો ગવાતાં. થિયૉસૉફિકલ કન્વેન્શન સાથે સ્થાનિક કળા-હુન્નરનાં પ્રદર્શનો પણ થતાં. કર્નલ ઑલકૉટના અવસાન બાદ તે બધું અટકી પડ્યું હતું. ઈ. ૧૯૧૫ની ૫મી ડિસેમ્બરે 'આર્ટ્સ-લીગ' (કલામંડળ) સ્થપાયું ને તેની વિધિસરની સભા ૧૬મી ડિસેમ્બરે ઍની બિસન્ટને પ્રમુખપદે મળી. ગ્રેટાએ પિયાનો વગાડ્યો. પ્રમુખશ્રી અને શ્રી જિનરાજદાસ પણ બોલ્યાં. આ સભાના કાર્યક્રમો આરંભમાં તો તદ્દન પાશ્ચાત્ય ઢબના હતા. પછીથી સ્થાનિક સંગીતને પણ યોગ્ય સ્થાન મળ્યું. આખરે ચિત્રકળા સાથે પૂર્વીય પ્રભાવ પ્રવેશ્યો.

એની શરૂઆત આમ થઈ. કલકત્તાની ઇન્ડિયન સોસાએટી ઑવ ઓરિયેન્ટલ આર્ટ(પૂર્વની કળાઓની ભારતીય સંસદ)ના હેવાલ પર મેં અગ્રલેખ લખ્યો હતો. ૧૯૧૫ની ૧૭ નવેમ્બરના સાંજની આવૃત્તિમાં તેને પ્રથમ સ્થાન મળ્યું. તેનો થોડો સાર નોંધીએ: 'ઈ. ૧૯૦૭માં કલકત્તામાં સ્થપાએલી આ સંસદ, જેની સભ્યસંખ્યા ૧૩૦થી કદી વધી નહોતી છતાં જેણે જુવાન ભારતીય કલાકારોની કૃતિઓ પ્રદર્શિત કરી ઇંગ્લંડ અને ફ્રાન્સને ભારતીય કલાકારો વિષે ચર્ચા કરતા કરી મૂક્યા છે અને કલા ઉપર પ્રકાશનો તેમજ ચિત્રસંપુટો પ્રકટ કર્યાં છે તેનું મહત્ત્વ નવીન ભારતમાં ઘણું છે. એના પ્રયાસોથી ભૂમિનાં આગળ વધેલાં સંતાનોમાં કલ્પના-પ્રેરિત એકતા ઉત્પન્ન થશે. પશ્ચિમની ક્રિયાકુશળતા અને પ્રગતિનો લાભ લઈ ભારત ભલે સમૃદ્ધ બને, પણ જો કળાકારો એ સમૃદ્ધિ લઇ તેમનું પોતાનું દર્શન અને રીતિઓ વિસારે પાડશે તો સમૃદ્ધિને બદલે દારિદ્રય જણાશે.'

આ લેખ સદરહુ સોસાએટીના મુખ્ય પુરુષોના હાથમાં પહોંચ્યો અને મદ્રાસ તરફના એક પ્રધાન દરજ્જાના અખબારે (અમારા પત્રે) તેમના સાચા પ્રયાસોની યોગ્ય નોંધ લીધી તેનો તેમને આનંદ પણ થયો હતો એમ મેં પછીથી જાણ્યું. મેં લેખમાં 'અમે' તરીકે લખ્યું હતું છતાં લેખકનું નામ છતું થઈ ગયું. પૂર્વીય કલામાં ડૉ. આનંદકુમારસ્વામી પછીનું સ્થાન ધરાવતા બાબુ અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ પોતે લખેલી 'દક્ષિણ ભારતની કાંસ્યપ્રતિમાઓ'નું પુસ્તક મને ભેટ મોકલી આપ્યું. એક મોટી પરિષદ કરતાં આપણને ઓળખનાર મિત્રનું મૂલ્ય વધી જાય છે.

બંગાળના કળાકારો વિષેનું મારું જ્ઞાન 'મૉડર્ન રિવ્યૂ'માં દર મહિને છપાતી છાપો પૂરતું જ હતું. મૂળ કૃતિઓ જોવાની મને બહુ ઇચ્છા હતી. એવામાં અદૃષ્ટે વળી એક ચાલ ચલાવી. ૧૯૧૬ની ૬ઠ્ઠી જાન્યુઆરીએ 'ઇન્ડિયન સોસાએટી ઑવ ઓરિયેન્ટલ આર્ટ'ના પ્રમુખ સર જૉન વૂડરૉફે સોસાએટીનું આઠમું વાર્ષિક પ્રદર્શન જોવા મને નિમંત્રણ મોકલ્યું. તે સાથે મારા અને બીજાં પત્રોમાં લખવાનું પણ સૂચવ્યું.

એ કાગળ મેં મહામાન્યાના ટેબલ પર તેઓ જુએ એમ બીજા કાગળો સાથે મૂક્યો, અને આ મહાલયમાંથી દેખાતો મહાન દેશ જોવાની મારી ઉત્કંઠા મારા મનની ધારણા મુજબ ભાવિ પૂરી પાડશે કે નહિ તેના નિર્ણયની રાહ જોઇ રહ્યો.

મને તેમણે ઑફિસમાં બોલાવ્યો અને કહ્યું: 'મેં કાગળ વાંચ્યો. તમે જાઓ એ જ ઠીક છે. અહીં ખોટ તો જણાશે; પણ શું થવાનું છે તે કોઈ જાણતું નથી.' મારા કરતાં ભાવિ વાંચવાની તેમનામાં વધુ શક્તિ હતી. તેમની દૃષ્ટિ રાજપ્રકરણમાં હતી, પણ 'ભારતમાતા' નામથી

કલ્પેલ સમુદાયની પ્રવૃત્તિનું તેમને દર્શન થયું હતું.

હજાર માઈલ ઉપરનો પ્રવાસ કરી, ૧૪મી જાન્યુઆરીએ મદ્રાસથી કલકત્તા પહોંચતાં ભૂગોળ, ઇતિહાસ અને રાજકારણથી ભરેલા આ દેશનો એક મોટો પટ પહેલી જ વાર નીરખવાનું મને મળ્યું. મનના એકાંત ભાગમાં 'આ ભારત' એવું પાટિયું મારવા જેટલી વાસ્તવિકતાની બે કદમ નજીક હું પહોંચ્યો. બે રાત અને વચ્ચે એક દિવસના એ ગાળા દરમ્યાન મેં સ્ટેશને સ્ટેશને માણસોની વિવિધતા માણી. પાણીના નળ આગળ મોં ધોતા માણસો, નાસ્તાની દુકાનો આગળની ભીડ, અમલદારોના રોફ અને તામિલ તેલુગુ બંગાળી જવાનોનો કલરવ, તેમજ અરણ્યો, નદીઓ, હોડીઓ, વૃક્ષરાજિઓ બધાંમાં મારું મન રોકાતું અને પ્રસન્નતા અનુભવતું.

સર જૉન વૂડરૉફ મને સ્ટેશને લેવા આવ્યા હતા. તેમના મહેલાત જેવા મકાનમાં તેમણે બહુ વિવેકપૂર્વક ભેગા કરેલા ઉત્તર ભારત તથા હિમાલયનાં કળા-શિલ્પોનાં, અમુક લક્ષણો પ્રમાણે ગોઠવેલા નમૂના જોઇને એક નવી સૌન્દર્યભરતી અનુભવી. સર જૉન હાઇકોર્ટના પ્રમુખ ન્યાયમૂર્તિ તેમજ આગમો અને શાક્ત સ્તોત્રોના પ્રખર વિદ્વાન હતા.

પ્રદર્શન માટે ખાનગી સમય રાખ્યો હતો. જાહેર લત્તામાં જ્યાં એક મોટી ઑફિસ થઈ શકે એવા વિશાળ મજલા પર એ ગોઠવ્યું હતું. સુરુચિ ને વ્યવસ્થાએ સમગ્ર વિસ્તારમાં લાલિત્ય ફેલાવ્યું હતું. લંડન, લીવરપુલ કે માંચેસ્ટરનાં પ્રદર્શનોની ભરચકતા અને નાટકી ઝળહળાટ સાથે સરખામણી કરવાનું મન થાય એવું હતું. મેં આઇરિશ નાટ્ય-સમુત્થાન અને પુસ્તકાલય-પ્રવૃત્તિ વેળાએ મેળવેલા અનુભવો યાદ આવ્યા.

વળી આ પ્રસંગ ને પ્રવૃત્તિમાં પરિચય કરાવવાને શ્રી અવનીન્દ્રનાથ અને શ્રી ગગનેન્દ્રનાથનો સાથ મળ્યો એ મારું વિશેષ સદ્ભાગ્ય હતું.

ઈ. ૧૮૯૬માં મિ. ઈ. બી. હૅવેલ નામના એક અંગ્રેજ કળાશિક્ષક કલકત્તાની સરકારી કળાશાળાના પ્રિન્સિપાલ બન્યા. તે કલા-કસબના જાણકાર હતા, તે ઉપરાંત માનવીમાં રહેલી સર્જક શક્તિના પ્રકારને તેમજ કળા અને શિલ્પમાં એ શક્તિની સાચી સફળતાને ઓળખી શકતા હતા. તેમણે શાળામાંથી પરદેશી નમૂના દૂર કર્યા અને લુપ્ત થએલા સંસ્કારનું પ્રજાને ગૌરવ થાય ને સર્જક બળોને પ્રેરણા મળે એવાં ભારતીય ચિત્રોના નમૂના ભેગા કરી વિદ્યાર્થીઓ સામે મૂક્યા. એ કાર્યમાં ઠાકુર કુટુંબમાંથી તરુણ અવનીન્દ્રનાથ તેમના પંથમાં ભળ્યા. કળાનાં વહેણ વાળનારમાં તે પહેલા હતા. એમની સાથે એમના ભાઇ ગગનેન્દ્રનાથ જોડાયા. પછી તો ઘણા સાથી મળ્યા. તેમાંથી નંદલાલ વસુ તેમના મુરબ્બીઓની હારમાં મુકાય એવા પ્રથમ દરજ્જાના કલાકાર થયા.

બીજે દિવસે સવારે સર જૉન મને ઠાકુરને ઘેર લઈ ગયા. ત્યારે ઠાકુરે સરકારી શાળાનો અધિકાર છોડી ઘર આગળ જમાવટ કરી હતી. ત્યાં એકાએક રવીન્દ્રનાથ ઠાકુર આવ્યા. પોતાની 'ગીતાંજલિ'ની પ્રસ્તાવનાના લેખક યીટસના દેશબંધુ આવેલા છે જાણી મને મળવાને તે શાંતિનિકેતનથી ખાસ આવી પહોંચ્યા હતા. 'ગીતાંજલિ' વાંચી મેં તો તેમને કોઇ અપ્રતિકાર્ય સત્ય ને નિષ્કલંક સૌંદર્યદર્શી વિનમ્ર સાધુ જેવા કલ્પ્યા હતા. પણ અહીં તો લહેરભરી વિનોદમૂર્તિ જોવા મળી.

પ્રદર્શન ખુલ્લું મુકાયું તે પછી મારે 'ન્યૂ ઇન્ડિયા' માટે જીવંત બંગાળી ચિત્રકારોનાં ચિત્રો પર વૃત્તાન્ત લખવાનો હતો. બહારની દુનિયામાં, રસ્તામાં, બજારમાં બધી જાતની ધમાલ ચિત્રકારના ચિત્ર અને રંગપાટી જેવો ભેદ પ્રવર્તાવી રહી હતી.

પ્રાંતના ગવર્નર લૉર્ડ કાર્માઈકલના આવવાની વકી હતી. ત્યાં પ્રદર્શનમાં એકાએક અવનીન્દ્રનાથે કહ્યું: 'ચાલો, ગવર્નરને મળો.' બહારની ધાંધલનો પાર નહોતો, પણ પ્રદર્શનની અંદર કોઇને ખબરે પડી નહિ કે ગવર્નર ક્યારે આવ્યા છે. સ્કૉટલંડના ઝાકળભર્યાં પર્વતીય પ્રભાત જેવા ચહેરાની સ્મૃતિ આપતા પ્રભાતના પોશાકવાળા એમણે પ્રસન્નતાથી મારી ભેટ કરી. એમણે કેટલાંક ચિત્રો ખરીદ્યાં હતાં અને કેટલાંક નોંધમાં લીધાં હતાં. તે જોવા એ મારો હાથ પકડી લઇ ગયા.

'નામદાર, આપ એક દિલ્લગીભર્યું ઉદ્ઘાટન-પ્રવચન આપશો ને?' આ પ્રસંગને અંગે કંઇ કહેવાના છે તે જાણી મેં હિંમત કરી પૂછ્યું.

''ન્યૂ ઇન્ડિયા'ના તમારા લેખમાં કહેવા જેવું બધું આવી જાય છે. અમે તેની ઘણી પ્રતો છપાવી નાખી છે, એટલે હવે ઉદ્ઘાટનની કોઇ વિધિ કરવાની રહેતી નથી.' એમણે કહ્યું. એ સાંભળી હું ભારતમાં આવ્યો તેનો સંતોષ મનમાં જ અનુભવી રહ્યો.

શ્રી રવીન્દ્રનાથે મને આ પ્રવૃત્તિમાં રસ ધરાવનાર ઘણા હિંદીઓ અને બ્રિટિશરોનો પરિચય કરાવ્યો. મેં તેમને સૂચવ્યું કે આ પ્રદર્શન આખું યે મદ્રાસમાં રજૂ થવું જોઇએ અને તેની સાળભાળ હું કરીશ, તેમજ યોગ્ય રૂપે તેનો સમારંભ કરીશ. તદનુસાર ૧૯૧૬ની ૧૯મી ફેબ્રુઆરીથી ૧૪મી માર્ચ સુધી મદ્રાસમાં એ પ્રદર્શન 'યંગ મેન્સ ઇન્ડિયન એસોસીએશન'ના મકાનમાં ખુલ્લું રહ્યું. મારા ઉત્સાહમાં શ્રીમતી બેસન્ટ અને તેમના તેજસ્વી ધારાશાસ્ત્રી મિત્ર શ્રી રામસ્વામી ઐયરે ખૂબ સહકાર આપ્યો. મદ્રાસના ગવર્નર લૉર્ડ પેન્ટલૅન્ડ તે જોવા આવ્યા. એમને મેં સાથે ફરી ચિત્રો બતાવ્યાં. દરમ્યાન તેમણે મારા સંબંધી ઘણી પૂછપરછ કરી. 'ન્યૂ ઈન્ડિયા'માંના આઇરિશ હોમરૂલને લગતા લેખો સાથે મારા સંબંધનો તેમને ખયાલ આવ્યો જ હશે.

એ પ્રદર્શનથી મદ્રાસના સંસ્કાર-ભવનમાં ખૂબ જ જાગૃતિ આવી ગઈ. પ્રચારકાર્ય પણ ઘણું થયું. છતાં એક પણ ચિત્ર વેચાયું નહિ. કાર્યકર્તાઓને તો સંતોષ થયો હતો. આને તેમણે ઐતિહાસિક કાર્ય ગણ્યું.

એ જ મહિને આયર્લૅન્ડમાં ૧૯૧૬માં ચાલતા વિપ્લવના તારસમાચારો મારા હાથમાં પડતાં તેમાં નવો પલટો આવ્યો. તેથી મને અને એટાને અંગત દુઃખ અને લાગણી થાય એવું બન્યું. શ્રી બેસન્ટમાં લોહીનું પોણું તત્ત્વ આયરિશ હતું, પણ હૃદય તો આખું યે આયર્લૅંડનું હતું. ઇંગ્લંડે ત્યાં ચારે તરફ લોહીલુહાણ જોરતલબીનું શાસન ચલાવ્યું હતું. એમાં અમારાં ઘણાં આપ્તજનો બલિ બની ગયાં હતાં. 'આઇરિશ નાગરિક' (આઇરિશ સિટિઝન) પત્રમાં મારી સાથે કામ કરતો મિ. સ્કેફિંગ્ટન ટોળાને સમજાવવા બહાર નીકળ્યો તેને લશ્કરે પકડ્યો અને ગોળીએ દીધો. પછી તો પૅટ્રિક પિયર્સ કેળવણીકાર, તેનો ભાઈ—મારાં નાટકોમાં ઊતરતો તે—વિલિયમ, જેમ્સ કૉનૉલી અને બીજા અનેકના જાન ગયા. એક જુવાન એમન દ વેલેરા જન્મથી અમેરિકન છે એમ જણાતાં તેને જીવતો રહેવા દીધો. ત્યારે એ નામ મને પણ અજાણ્યું હતું. પાછળથી તે જગવિખ્યાત બન્યું.

ભાવિકથન ખરું પડ્યું

મદ્રાસ આવ્યાને નવ માસ થયા નહોતા ત્યાં મને જણાયું કે પત્રખાતામાં મારી જગ્યા એક આર્થિક બોજો થઇ પડી હતી. કાપકૂપની વાતો થતી હતી. એવામાં બનારસથી મિ. એરંડેલ હિંદુ કૉલેજના આચાર્યની જગ્યા છોડી બેસન્ટના કાર્યમાં સહાય કરવા આવી પહોંચ્યા. તેમના આવ્યાથી મને સમજાયું કે હું જગ્યા ખાલી કરું તો જ તેમનું ચોકઠું ગોઠવાય. બેસન્ટે મને ઑફિસમાં બોલાવી જણાવી દીધું કે ૧૯૧૬ના જૂન પછી મારે માટે કામ નથી એટલે ઇંગ્લંડ પાછા જવાનો ખર્ચ આપી દેવાશે! મારે શું કહેવું? અમે કંઇ થોડા સમયની સફર માટે તો આવ્યાં જ નહોતાં. ભાડાના પૈસા મળશે તો એટલા પૈસાના ટેકાથી હું ભારતમાં બીજું કામ શોધી લઇશ એવા મનસૂબા મેં કર્યા.

કોઇને ખબર ન પડે તેમ અમે આકાશી વૃત્તિ પર પંદર દિવસો વિતાવ્યા. અમારી કલામંડળી ચાલુ જ હતી. એવામાં બેસન્ટનાં શિક્ષણકાર્યો સંભાળતા સેક્રેટરીને ખબર પડી ગઇ કે અમે અધાર છોડી જવાનાં છીએ. તેમણે મને તુરત મળી જણાવ્યું કે બેસન્ટે સ્થાપેલી મદનપલ્લીની કૉલેજમાં અંગ્રેજીના એક વધુ પ્રોફેસરની જરૂર છે, પણ કૉલેજની શક્તિ માત્ર સો રૂપિયા પગાર આપવા જેટલી છે. મેં કહ્યું, 'એક વાર થિયૉસૉફીની સ્વતંત્ર હવા લીધા પછી બીજા ધર્મ-બંધિયાર વાતાવરણમાં જવા કરતાં આ સારું છે.'

સવારમાં જ મને બેસન્ટ તરફથી નિમણૂકનો પત્ર મળ્યો. સાથે હાઇસ્કૂલમાં ચેટા અંગ્રેજી શીખવે તે માટે રૂ. ૫૦ વધારાના આપવા ઠરાવ્યા. એ વર્ષની નાતાલના દિવસોમાં અમે અધારની એક મંડળી સાથે નીલગિરિ પર ૭૫૦૦ ફૂટ ઊંચાઇએ આવેલી ઉટકામંડની મુલાકાત લીધી. મ્હૈસૂરનાં જંગલો જોયાં. ગામડાના હાથી પર સહેલ કરી. મહાબલિપુરમનાં નક્કર પાષાણના ખડકોમાં કોતરેલાં મંદિરો ને શિલ્પોનું આશ્ચર્ય અનુભવ્યું. અર્ધનારીશ્વરનું રહસ્ય વિચાર્યું. ભારતીય કલાકારે અદ્‌ભુત રીતે વિશ્વમાં નરનારીની ભિન્ન શક્તિઓને એકતાનું આદર્શ રૂપ આપી કલ્પનાનો કેટલો ઊંચો આંક અંકિત કર્યો છે!

ભારતીય સંસ્કૃતિમાં અમારો રસ અને પરિચય વધતો ચાલ્યો. લેડબીટર ભવનમાં ચેટાને કર્ણાટકી સંગીતકારો પાસેથી ૭૨ રાગો ને ૧૯ તાલોની સમજ પ્રાપ્ત થઇ. તેની સંખ્યાઓ, શાસ્ત્ર અને સ્વરૂપો તથા સમયપરંપરાનો વિચાર કરતાં તો અમે જે ગાનપ્રકાર જાણ્યો હતો તે બાલગીતો જેવો લાગ્યો.

એવામાં ભારતના રાજકારણી રંગો ઘેરા બનતા હતા. હું તેમાંથી તદ્દન બહાર હતો, પણ હું તેનું સ્વરૂપ સમજી શક્યો. શ્રી બેસન્ટે ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસના મુંબાઇ-અધિવેશનમાં હાજરી આપી. કૉંગ્રેસનું ધ્યેય સીધું સરળ હતું: એકતા, નવજાગૃતિ અને સંસ્થાપના. એમાં ત્રીજું ધ્યેય ભારત ને બ્રિટનના સંબંધોને સ્પર્શતું હતું.

શ્રીમતી બેસન્ટે ભારતમાં આવતાં જ જોઈ લીધું હતું કે શાળા-કૉલેજોમાં જતો હિંદુ વર્ગ પરદેશી કેળવણી દ્વારા ધર્મ વિષયે લઘુતાનું વિષ લઇ રહ્યો હતો. એટલે તેમણે પ્રાચીન ધર્મબળ ને વ્યક્તિ તેમજ સમાજને હિતકારી આચરણોની પ્રતિષ્ઠા કરવા ભારતમાં ભારતીય સ્વરૂપની કેળવણી માટે આગેવાની લીધી હતી. પણ તેમના પ્રયત્નોમાં સરકારી તંત્ર વિરોધ કરી રહ્યું હતું. એ બધાં અનિષ્ટોનું નિવારણ કરવા તેમણે ૧૯૧૫ની કૉંગ્રેસમાં તત્કાળ હોમરૂલની માગણી જાહેર કરી. પણ તે વખતના કૉંગ્રેસ-પ્રમુખે તેમને 'અધીર આદર્શવાદી' તરીકે સંબોધ્યાં હતાં.

ગાંધીજી એ જ અરસામાં દક્ષિણ આફ્રિકામાંથી આવ્યા હતા. તેમણે તો પોતાના ભાષણમાં સરકારને 'શેતાની તંત્ર' કહી હતી અને તે ખાતર મિસિસ બેસન્ટ અને ગાંધીજી વચ્ચે પહેલી જ વાર વિરોધનાં ચિહ્ન જાહેર થયાં હતાં. તેમના આદર્શો એક જ હતા, પણ રીતો નિરાળી હતી. પણ મિસિસ બેસન્ટે આગળ કદી નહોતી એવી દેશવ્યાપી જાગૃતિ આણી દીધી હતી. એટલે ઇ. ૧૯૨૦માં કૉંગ્રેસે ભૂત અને વર્તમાન બંધનો તજી ભાવિની રચના કરવા મહાત્મા ગાંધીજીની નેતાગીરી સ્વીકારી ત્યારે રાષ્ટ્રીય પ્રાણ પૂર્ણપણે જાગી ઊઠ્યો હતો ને પરિણામો દેખાવા માંડ્યાં હતાં.

ઇ. ૧૯૧૬માં બેસાન્ટ ૬૯ વર્ષનાં હતાં. એ વયે ૧૯૧૦ના પ્રેસ-ઍક્ટની સામે તે અતુલ શૌર્યથી ઝૂઝ્યાં. સરકારે તેમની સામે મોરચો ઊભો કર્યો ને 'ન્યૂ ઇન્ડિયા' માટે રૂા. બે હજારની જામીનગીરી લીધી."

આ સમયમાં માર્ગરેટ કઝિન્સે પણ ભારતીય સમાજમાં પરિચયો વધાર્યા હતા ને મિસિસ બેસન્ટની વધુ નિકટ આવ્યાં હતાં. તેઓ કર્વે વિદ્યાપીઠની સેનેટનાં સભ્ય બન્યાં હતાં અને ઈ. ૧૯૧૬ના જૂનની મુંબાઈમાં મળેલી બેઠકમાં તેમણે યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં 'ધર્મ-સામંજસ્ય' (Congregative Religion) એક વિષય તરીકે દાખલ કરાવેલું. શ્રી સરોજિની નાયડુનાં પણ તે મહેમાન થઇ આવ્યાં હતાં. જ્યારે 'ન્યૂ ઇન્ડિયા' છોડવાનો વખત આવ્યો ત્યારે તે બહુ લાચાર અને નિરાશ બની ગયાં હતાં. ડૉ. કઝિન્સનું જ્ઞાનબળ પણ છેવટ આવી રહ્યું હતું. છતાં 'જે થશે તે સારું જ થશે' માની પત્રકારત્વને બદલે શિક્ષણના ક્ષેત્ર માટે તેમણે તૈયારી કરી. (ચાલુ) **ર. મ. રા.**

લાગણીજન્ય રોગો (અનુસંધાન પૃ. ૩૧૫થી)

પણ જો શત્રુના ભય સમયે વ્યક્તિ લડતી કે ભાગી જતી નથી તો તે ક્રોધ કે બીકનો ભોગ બને છે. ધારો કે તેને શત્રુની ખબર નથી, અગર તેનો કાલ્પનિક શત્રુ અદૃશ્ય થતો નથી પણ તે હરઘડીએ ને અહર્નિશ સામો ને સામો ડોકાયા કરે છે. આવું આપણા વિકટ જીવનસંગ્રામમાં ક્યાં નથી બનતું? બજાર તૂટવાનો ભોગ બનેલો વેપારી કોની સામે લડવાનો હતો કે ક્યા જતો રહેવાનો હતો? લોહીઉકાળો કરાવે એવા ઉપરી અમલદાર સાથે વર્ત્યા વગર નોકરિયાતને ક્યાં ચાલે એમ છે? પ્રેમિકા અને રૂઢિચુસ્ત વડીલો વચ્ચે અટવાયા કરતો વિરહી યુવાન કે કંકાસી પત્ની સાથે પડ્યું પાનું નિભાવી લેતો ગૃહસ્થ આ બંનેની દશા સતત ભય વચ્ચે રહેવાથી તંગ જ્ઞાનતંત્રવાળા બન્યા છતાં શાંતિથી હુકમ ઉપાડતા સૈનિકો જેવી નથી શું?


ઉપર દર્શાવેલી સ્થિતિઓમાં પરિસ્થિતિને પહોંચી વળવા માટે શરીરમાં જે લડવાની તૈયારીઓ ઊભી થાય છે, તે નથી તો કામમાં પરિણમતી કે નથી તે ભય દૂર થતાં ઢીલી પડતી. સદાયે લડવાની શારીરિક તૈયારીઓ રાખીને જીવતા માનવીનું શરીર છેવટે ભાંગીને ભુક્કો ન થાય તો બીજું થાય પણ શું? પરિણામે માંસપેશીઓના સતત સંકોચનને લીધે શરીરની પ્રતિકારશક્તિ હણાય છે, કે હૃદયનું ઝડપી કામ ચાલુ રહે છે, કે લોહીના વધેલા દબાણને લીધે હૃદય પરનો બોજો ચાલુ રહે છે યા અપચો ને આંતરસ્રાવી ગ્રંથિઓનો બગાડો પેદા થાય છે.

ઊર્મિઓની ખેંચ(તાણ-tension)ને ઢીલી કરવાના ત્રણ માર્ગ છે: કાર્ય, વાણી ને વિચાર. ઊર્મિઓને મોકળી કરવા માટે તરત કાર્યરત થઈ જવું. વાણી કરતાં કાર્ય અને વિચાર કરતાં વાણી અસરકારક ઉપાય છે. છેવટે સ્વસ્થ (revelant) વિચારસરણી પણ કંઈક રાહતદાતા નીવડે છે. કોઈક માણસો સારી રીતે વિચારી મન મનાવી લઈ, અણગમતા સંજોગો સાથે સમાધાનકારક વલણ ધારી શકે છે અને આંતરિક શક્તિઓને બીજે રસ્તે વાળી લે છે. પણ જ્યારે માનવી સંજોગોને કે પોતાની જાતને સાનુકૂળ બનાવી ન શકે કે પોતાની જાતને પીડતી બાબતો વિષે વિચારમેળ પણ સાધી ન શકે ત્યારે ખરી મુશ્કેલી ઊભી થાય છે. લાંબા વખતથી ચાલી આવતી ને પુરાઇ રહેલી શરીરની બધી તૈયારીઓ તથા તાકાત શરીર ઉપર જ પછડાટ ખાવાથી માંદગી આવી પડે છે. આમ બને છે ત્યારે વ્યક્તિને શું અને કેમ બન્યું તે સંબંધે જરા પણ ખયાલ નથી આવતો. જો આમ થતું હોત તો એ સંબંધે એણે ક્યારની યે અગમચેતી વાપરી હોત.

ઊર્મિઓના પ્રકાર કરતાં એના પ્રત્યેનો વર્તાવ કે એનો ઉપયોગ મહત્ત્વની બાબત છે. માતાપિતા ને કુટુંબીઓના ગાઢ પરિચયને લીધે ઊર્મિતત્ત્વ 'વારસા'માં પણ મળે છે. પરંતુ મોટે ભાગે તો લાગણીજન્ય રોગો થવામાં પરિસ્થિતિ અને વ્યક્તિત્વ બંને અગત્યનો ભાગ ભજવે છે. માણસના બાળપણની પરિસ્થિતિ અને તેની કેળવણી બંને તેના વ્યક્તિત્વને ઘડનારાં છે. લાગણીઓ દબાવાથી આરોગ્ય જળવાય છે એવું પણ નથી. એ જાળવવા માટે તો 'ખરી' બાબતો માટે 'ખરી' ઊર્મિઓ હોવી જોઇએ અને એમને ખાસ રસ્તે વાળવી જોઇએ. 'ખરી' એટલે વાસ્તવિક અને વાજબી.

લોકપ્રિય લેખમાળા
માંદગીનાં મૂળ
૧૯

લાગણીજન્ય રોગો



શરીરમાં કોઈ પણ જાતની વિક્રિયા ન હોવા છતાં ઘણી વાર રોગનાં ચિહ્ન એવાં આબાદ હોય છે કે જાણે ખરો રોગ થયો હોય! વસ્તુત: તે લાગણીની તીવ્રતા કે ઊર્મિના ઉશ્કેરાટમાં-થી ઉદ્‌ભવતા માનસિક આઘાતનાં પરિણામ હોય છે, જેને અંતે લોહીનું દબાણ, હૃદયરોગ કે હોજરીના ચાંદા જેવા ભયંકર રોગો પણ આવી પડે છે.

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઊર્મિઓનું સ્થાન મગજમાં છે. મનની એ સ્થિતિઓ છે. આપણા વિચારો અને પ્રેરણાઓને એ પુષ્ટિ આપે છે. જ્યારે ઊર્મિઓ-ની ઊણપ હોય છે ત્યારે બાબતો પરત્વે દુર્લક્ષ્ય બનીએ છીએ. માણસો અને વસ્તુઓ પરત્વે ભાવના ઉપજાવનાર ઊર્મિઓ છે. આનંદ આશ્ચર્ય ઉત્કંઠા ને ઉપકાર, ક્રોધ ભય ક્લેશ ને તિરસ્કાર, આ દરેક લાગણી વિશિષ્ટ પ્રકારની ભાવના ઉત્પન્ન કરે છે.

ઊર્મિનું સ્થાન ઊર્મિ-મગજમાં છે. અહીં સંવેદનાઓ સ્વીકારાય છે અને અહીંથી જ ઊર્મિઓ ઉત્પન્ન થાય છે. અહીં સંવેદનાઓ અને ઊર્મિ-ઓનું જોડાણ થાય છે. વળી, ઊર્મિ-મગજ સાથે મગજનાં ઉચ્ચ કેન્દ્રો પણ સંબંધ ધરાવે છે. આપણા વિચાર ને કાર્યમાં ઊર્મિતત્ત્વ જોડાએલું તો હોય છે, પણ ઊર્મિઓની તુલના કરનાર મગજનાં ઉચ્ચ કેન્દ્રો છે. આ કેન્દ્રો આપણને બોધપાઠ લેવાનું અને પ્રસંગને બરાબર ઓળ-ખવાનું શીખવે છે. મહત્ત્વનું કામ કરતાં કે મૂકી દેતાં પહેલાં વિચારવાનું ટેવે છે. આમ, મગજનાં ઉચ્ચ કેન્દ્રો આપણને ઊર્મિ-મગજની ઊર્મિઓ-ના પૂરમાં તણાઈ જતાં અટકાવે છે.

જાણવા જેવું છે કે ઊર્મિઓનું મૂળ માનસિક નહિ પણ શારીરિક છે. જ્ઞાનતંતુ-કોષોની કામગીરીઓમાંથી તે પેદા થાય છે. મધ્યસ્થ જ્ઞાન-તંત્રના કોષોનો નાશ કરવામાં આવે તો ઊર્મિઓમાં ભંગાણ પડે છે. આમ,આપણી ઊર્મિઓ આપણી માનસિકક્રિયાઓ જેવી જ છે.આપણી માનસિક ક્રિયાઓ જ્ઞાનતંતુકોષોની કામગીરીઓને આભારી છે.

અનુમાન છે કે આપણા મગજમાં નવ અબજ કરતાં વધારે કોષો છે. તે દરેક પાડોશી કોષો સાથે જોડાએલો છે. કોષો વચ્ચેની વિજ-ળિક અને રાસાયણિક કામગીરીઓના લીધે વિચારો, સંવેદનાઓ, સ્મરણો,ભાવનાઓ ને ઊર્મિઓ પેદા થાય છે.આથી બધાં શારીરિકકામ થાય છે.આમ,બધાં કામો મનના આધારે થાય છે તો મન પણ થોડા અંશે શારીરિક તો ગણાય જ ને! (જોકે મન જેવો કોઈ અવયવ છે જ નહિ.)

ઊર્મિઓની શરીર ઉપરની અસરોના સાધારણ દાખલા આ રહ્યા; પ્રેમની ભરતી વખતે હૃદય જોરથી ધબકે છે, શ્વાસોચ્છ્‌વાસ ઝડપી બને છે. ક્રોધ કે ભયની અસર નીચે મારવા કે નાસવાની તૈયારી કરવા માટે ચામડીમાંથી લોહી ખેંચાઈ જઈ માંસપેસીઓમાં જમા થાય છે. આશ્ચર્ય વખતે ક્ષણભર શ્વાસોચ્છ્‌વાસ થંભી જાય છે; હૃદયનો એકાદ ધબકારો પણ બંધ પડે છે. આનંદના પરિણામે શ્વાસોચ્છ્‌વાસ ઊંડા બને છે. શરીર-માં થતા ફેરફારોમાંના થોડા અહીં વર્ણવ્યા છે. ઊર્મિઓની અસર નીચે સુમારિનલ ગ્રંથિઓના સ્રાવોમાં વધઘટ થાય છે, અને તેના પરિણામે શરીરની અંદર અવનવા ફેરફારો યોજાય છે.

ઊર્મિને લીધે ઉત્પન્ન થતા ચહેરાના અને અંગભંગના આવિર્ભાવો પાછા જાતે જ ઊર્મિઓને ઉત્તેજનારા છે. આનંદ વેળાના ચહેરાના પ્રસન્ન ભાવો મનની આનંદની સ્થિતિને પુષ્ટિ આપનારા ને વધારનારા નીવડે છે. જ્યારે અસુખ હોય ત્યારે ઊતરેલો ચહેરો મનની અસુખ સ્થિતિને વધારનારો નીવડે છે. આમ ઉદ્વિગ્ન કરતાં પ્રસન્ન મુખમુદ્રા જાળવી રાખવાની ઉપયોગિતા સ્પષ્ટ થશે.

હવે,આ ઊર્મિઓ જ્યારે કાબુ બહારની બને છે, વાચા કે કાર્ય દ્વારા એની તાણનરમ નથી પડતી,ત્યારે એના પ્રત્યાઘાતો આપણા શરીરના અવયવો દ્વારા પ્રદર્શિત થાય છે. એની અસરો અસાધારણ હોવાથી આપણે એને 'રોગ' નામે ઓળખીએ છીએ. આ સમયે આવતી માંદગીમાં કોઈ શારીરિક રોગ કે વિક્રિયા તો હોતાં જ નથી, પણ રોગનાં ચિહ્નો એવાં તો આબાદ હોય છે કે ખરા રોગના ભુલાવામાં પડી જવાય છે.

વ્યક્તિના ઘરના, સમાજના કે ધંધાના લાંબા વખતના અસંતોષના કારણે ઊભી થએલી ઊર્મિઓની તાણ વાચા કે કાર્ય દ્વારા મોકળાશ ન પામે ત્યારે શરીર એને કોઈ ને કોઈ અવયવ દ્વારા પ્રકટ કરે છે. આ વખતે થતાં ચિહ્નો કોઈ પણ રોગને આબેહૂબ મળતાં આવે છે. અગર તો ચિંતા નિરાશા, રોગની બીક ને ચિત્તવૃત્તિના બીજા બગાડ થઈ આવે છે.

કોઈ પણ શારીરિક વ્યાધિ વિના ઉબકા થઇ આવવાનું કારણ શું હોઈ શકે? પરિસ્થિતિની કોઈ બાબત રોગી સહન કરી શકતો નહિ હોવાનું તે સૂચક છે. આ રીતે છાતી પર ભાર લાગવાની ફરિયાદ અને લાંબા નિસાસા એ રોગીના મન પરના બોજાનું દર્શક છે, જે તે રોગ દ્વારા બીજાને કહી દૂર કરવા માગે છે. થાક લાગવાનું એક કારણ માનસિક ક્લેશ પણ હોય છે. એમાં પણ એટલી બધી શક્તિ વપરાઇ જાય છે કે બીજાં કાર્યો માટે તે થોડી રહે છે અને તેથી થાક વરતાય છે.

શરીરમાં થતા દુખાવા ને ચસકા એ ત્રાસજનક પીડા છે. આ માટે શરીરમાં કોઈ ઠેકાણે રહેલો ચેપ કારણભૂત લેખવામાં આવે છે, પણ આની ગેરહાજરીમાં ઊર્મિની તાણ કારણભૂત હોવા સંભવ છે.

ઊર્મિની અસર નીચે માંસપેશીઓની ખેંચ થવાથી દુખાવા અને ચસકા થઇ આવે છે. જો હાથમાં દુખાવા થતા હોય તો એવો અર્થ ઘટાવી શકાય કે રોગી કોઇને મારવા ઇચ્છે છે, પણ વેરી સાથે જોડાએલી પ્રેમ કે માનની લાગણીને લીધે તે તેમ કરી શકતો નથી.

પરિસ્થિતિના અસંતોષને લીધે વ્યક્તિ પોતાની જાત ઉપર આવી જઇ શહીદની જેમ તે પોતાની જાતને ખણવા મંડી પડે છે, ને ખજવાળ કે ચૂંટનો રોગ જણાયછે. ચિંતાના બોજા હેઠળ 'પગધ્રૂજવા' 'ચક્કર આવવા' ને 'શરીરમાં તાકાત નહિ' હોવાની ફરિયાદો સામાન્ય છે. આજે જોકે હૃદય-રોગ વિશેષ પ્રમાણમાં નજરે પડે છે, પણ ચિંતાપરાયણ માનવીઓને હૃદય-રોગનાં ચિહ્નો સતાવ્યા વિના નથી રહેતાં; કારણ કે ઊર્મિઓનું સ્થાન હૃદય ગણાય છે એટલે ચિંતા વખતે કેન્દ્રનું સ્થાન તે બને એમાં નવાઈ પણ શી? કોઈ મિત્ર કે સગાનું હૃદય રોગથી આકસ્મિક મૃત્યુ થતાં તે વ્યક્તિ પોતે હૃદય-રોગના વહેમમાં પડ્યા વિના નથી રહેતી. આ વખતે તેને હૃદયમાં દુખાવો, નિરાશા, અનિદ્રા, કાનમાં અવાજો, ચક્કર ને ચીડિયાપણું સતાવે છે. જો તે ખરેખર હૃદય-રોગી હોય તો વળી ઊર્મિની તાણને લીધે એમાં વધારે બગાડો થઇ આવે છે, જે હૃદયની તાકાતના ભુક્કા ઉડાવી દે છે. માનસિક ખેંચ ન હોય તો આવો પ્રાણઘાતક બગાડો થવાને ઘણો સમય લાગે એ પણ ચોક્કસ છે.

માનસિક કારણોને લીધે લોહીનું દબાણ પણ વધે છે. લાગણીઓનો બોજો હળવો થતાં લોહીના વધેલા દબાણનાં ચિહ્નો અદૃશ્ય થાય છે.

પણ લાગણીઓના પૂરનું મોટું તત્ત્વ ઝૂંકનાર તો પેટ છે. પરીક્ષા આપવા જતાં અગાઉ પોચા મનના વિદ્યાર્થીને ભૂખનાશ, ઊબકા કે ઝાડા ક્યાં નથી સતાવતા હોતા? પૈસાની ઉથલપાથલ કે બજારોના ભાવમાં પલ્ટો થતાં વેપારીને અપચો, ગરબાઇનો દાહ ને પેટની વેદના સતાવે છે. અન્નમાર્ગના અવયવોના રોગો ઊભા થતાં પહેલાં ઘણા રોગીઓને વ્યક્તિત્વની માનહાની થવાના કારણે પ્રથમ પાચન અંગેની ફરિયાદો થાય છે. પછી મોટા ભાગે હોજરીનું ચાંદું કે આંતરડામાં મ્યૂકસ કોલાઇટિસ થઇ આવે છે. આ રોગોના ઊથલા ખાવાનાં કારણો પાછળ ચિંતા થાક અને માનસિક નબળાઈ મહત્ત્વનો ભાવ ભજવે છે.

હોજરીનું ચાંદું થવામાં બીજું કારણ ક્રોધ છે. ક્રોધ—ખાસ કરીને જાત ઉપર ક્રોધ થવાથી હોજરી વધારે સંકોચાય છે. આથી વધારે જઠરરસ સ્રવે છે ને તેથી ચાંદું થઈ આવે છે. લાંબા વખતની કે વારંવારની ચીડના કારણે કમળો પણ થઈ આવે છે. આ વખતે કલેજા કે પિત્તાશયમાંથી પિત્ત આંતરડાંમાં આવતું અટકે છે, અને તે લોહીમાં ભળવાથી કમળો થાય છે. જો કમળો ન થાય તો પિત્ત વગર ચરબીવાળો ખોરાક પચવામાં મુશ્કેલી ઊભી થાય છે. આથી જ જમતી વખતે પ્રસન્ન ચિત્ત રાખવાનો આયુર્વેદનો આદેશ જીવનમાં ઉતારવા જેવો છે.

મેદરોગ(વધારે પડતાં વજન)ની પાછળ પણ માનસિક કારણો હોવાનું કહેવામાં આવે તો નવાઈ ન પામશો. ચિંતા કે સુખેચ્છાઓનું બીજી રીતે નિવારણ ન થતાં માનવી પુષ્કળ ખાઇને પણ તેના નિવારણનો માર્ગ શોધી લે છે! ઊર્મિભર્યા જીવનની શૂન્યતા ભરપાઈ કરવા માટે પણ માનવીને ખાવાની અબળખા ઊપડે છે. લાગણીઓની ઉષ્માને બદલે ખોરાક વતી એ શૂન્યતા પુરાવાથી તેને માનસિક શાંતિ અને સંતોષને બદલે બદલામાં જાડ્ય મળે છે.

આપણું શ્વસનતંત્ર પણ ઊર્મિઓના પૂરમાં હિલોળે ચડે છે. ચિંતાજનક સ્વપ્નો પછી કેટલાકને દમનો હુમલો થઈ આવે છે. શરદીનું કારણ વિષાણુઓનો ચેપ છે, પણ વારંવાર અને ચાલુ શરદીના ભોગ બનનારમાં બીજાં કારણો હોવાની શંકા રહે છે. અમેરિકામાં આવા રોગીઓને માનસ-ચિકિત્સા વતી રોગમુક્ત બનાવી શકાયા છે. એક સ્ત્રીને વારંવાર શરદી થઇ આવતી. પણ એક વાર તો આખો શિયાળો ઉગ્ર શરદી રહી. તાવ પણ હતો, એટલે ક્ષય હોવાની શંકા ઊભી થઈ. પણ માનસ-ચિકિત્સાલયમાં માલૂમ પડ્યું કે સ્નેહ અને સંભાળની તેની તીવ્ર ઇચ્છા અધૂરી રહેવાના પરિણામે જ્યારે જ્યારે તે અતિશય દુ:ખ અને સંતાપ પામતી ત્યારે ત્યારે તેને શરદી થઇ આવતી હતી.

લાગણીઓના સંઘર્ષને લીધે અનિદ્રા પણ આવી પડે છે. વેદના કે રોગ ન હોય છતાં પણ અનિદ્રા સતાવવાનું કારણ ચિત્તક્ષોભ હોઇ શકે છે. કેટલાક માણસો બિલકુલ ઊંઘ ન આવવાની ફરિયાદ કરતા હોય છે પણ તપાસ કરતાં રાત્રે તેમનાં નસકોરાં બોલતાં હોવાનું તો સગાંઓ કબૂલ કરે છે. ધંધાની કે માંદગીની ચિંતાને લીધે ઊંઘ ન આવે એ સ્વાભાવિક છે, પણ અનિદ્રાના રોગીને ચિંતા ફગાવી દેવાનું કહેવામાં આવે તો તે કોઈ પણ ચિંતા કે ફિકર ન હોવાનું બેધડક કહે છે. પરંતુ ઝીણવટભરી પૂછપરછ કરતાં એને મૂંઝવતા પ્રશ્નો અને ચિંતા પકડાઈ આવ્યા વિના નથી રહેતાં.

માથું દુખવાનાં શારીરિક કારણો તો છે જ, પણ જાણીતાં કે અજાણ માનસિક કારણોને લીધે પણ આ પીડા થઇ આવે છે. ચશ્માં, સાઇનસોના ચેપની નાબૂદી ને આંતરડાંની સાફસૂફી કરવાથી રાહત તો મળે છે પણ તે કામચલાઉ જ. જિંદગીના કેટલાયે પ્રસંગો માથું ચડાવનારા નથી હોતા? ચીડિયલ પત્ની પતિ માટે માથું ચડવનાર છે, કચકચિયો ગ્રાહક વેપારીનું અને ક્રોધી શેઠ નોકરનું માથું દુખવનાર છે.

તિરસ્કારની અસરને લીધે ચામડીના રોગો થઈ આવે છે. કરેલા કે કરવાના કૃત્ય માટે ગુનાની લાગણી પેદા થવાને લીધે ખાસ તરેહની બેદરકારી ઊભી થાય છે. આ બેદરકારીના કારણે જુદાજુદા પ્રકારના અકસ્માતો થાય છે. આ અકસ્માતો જોકે લાગે છે તો અનિવાર્ય, પણ તે અજાણ પ્રેરણાથી જાતને શિક્ષા કરવા થતા હોય છે!

માનસિક નિરુત્સાહના કારણે આંતરડાં લોચો બનવાથી અંદરના પદાર્થો આગળ ન વધવાના કારણે બધકોષ આવી પડે છે; જ્યારે ચિંતા વખતે આંતરડાં અક્કડ ને વધારે કામગરાં બનવાથી ઝાડા થઇ આવે છે.

માંદગી બે પ્રકારની છે: શારીરિક અને માનસિક. પણ આ બન્ને સાથે ન હોય એ ધારવું ખોટું છે. બળિયા, ડિફ્થેરિયા, ન્યૂમોનિયા ને બીજા ચેપી રોગો માનસિક રોગો નથી ગણાતા, પણ હોજરીનું ચાંદું દમ અને હૃદયરોગ વગેરે માનસિક રોગો ગણાય છે. પણ ચેપી રોગો વખતે માનસિક કારણો હાજર ન હોય એવું પણ બનતું નથી.

ન્યૂમોનિયાનું કારણ ન્યૂમોકોક્સ જીવાણુ અને ટાઈફૉઈડનું કારણ ટાયફૉઈડ બેસીલાઈ છે. પણ વ્યક્તિમાત્ર ચેપ સામે લડવામાં જુદી પડે છે અને એક જ વ્યક્તિ એક વખત કરતાં બીજી વાર ચેપનો જલદી ભોગ થઈ પડે છે. આનું શું કારણ? પ્રયોગોથી સાબિત થયું છે કે હોજરીની આંતરત્વચા લાગણી અનુસાર ફિક્કી કે લોહિયાળ બને છે. આ રીતે લાગણીઓની અસર હેઠળ જીવાણુઓથી રક્ષનાર શ્વેત કણોવાળા લોહીના બંધારણમાં પણ ફેર પડે છે. ઓછા કે નબળા શ્વેત કણો હોય ત્યારે ચેપી રોગ જલદી લાગુ પડે છે.

ભય વખતે આપણામાં લડવાની કે ભાગવાની તાકાત શાથી પેદા થાય છે? ત્યારે માંસપેશીઓ અક્કડ બને છે. એને પોષણ પૂરું પાડવા માટે ઝડપી શ્વાસોચ્છ્વાસને લીધે લોહીમાં વધારે પ્રાણવાયુ આવે છે, ને લોહી ઝડપથી ફરે છે. આમ, ભયને પહોંચી વળવા માટે શરીરમાં પૂરતી તૈયારીઓ થાય છે,—યુદ્ધ સમયે દેશભરમાં જાગ્રતિ આવે એમ. આમાં કશું અસાધારણ નથી કે કોઈ માંદગી આવી પડતી નથી. તૈયારીઓ મુજબ શરીરની ક્રિયાઓ થાય છે. ભય દૂર થતાં કોઈ પણ નુકસાની વિના તૈયારીઓ વીખરાઈ જાય છે. (અનુસંધાન પૃ. ૩૧૩મે)

પચ્ચીસ વર્ષ પહેલાં



શ્રાવણ ૧૯૮૭
અંક ૯૧

'આંધ્ર ને કુશન રાજ્યની ભસ્મીભૂત સત્તામાંથી લગભગ ચોથા સૈકામાં ગુપ્ત રાજાઓની આણ આર્યાવર્ત ઉપર ફરી વળી. ઈ. સ. ૩૮૦માં સમુદ્રગુપ્તના પુત્ર ચંદ્રગુપ્ત બીજાએ વિક્રમાદિત્યનું નામ ધારણ કરી રાજ્યાસન શોભાવ્યું. એ વિક્રમાદિત્યે રુદ્રસેનને દેહદંડ દઇ ગુજરાત, માળવા અને કાઠિયાવાડ ઉપર સાર્વભૌમ સત્તા સ્થાપી.

ગુજરાતના સંસ્કારના મણકા પરોવતી તેના પ્રાચીન ઇતિહાસની રેખા આ રીતે આગળ ચાલે છે તેનો આ સારભાગ વાંચવો ચૂકવા જેવો નથી :

'ગુજરાતમાં પરાનદત્ત નામે ગુપ્તોનો સૂબો નિમાયો. પરાનદત્ત બ્રાહ્મણોનો પક્ષપાતી હોવાથી ગુજરાતમાં બ્રાહ્મણોનો ધાર્મિક અને રાજકીય દોર વધ્યો. ધર્મ ને રાજસત્તા ગૂંથી દેવામાં બ્રાહ્મણ-બુદ્ધિનો ચમત્કાર હતો. બ્રાહ્મણ હિંદુ સમાજની બુદ્ધિ હતી, ક્ષત્રિય તેનો હાથ હતો. વૈશ્ય તેનો વ્યવહાર હતો ને શૂદ્ર તેની શુદ્ધિ રૂપે હતા. મનુસ્મૃતિના આધારે ગુપ્તો શાસન કરતા. ક્ષત્રિયોના અનંત નાદ જેવી ગીતા તે સમયે લખાઇ કહેવાઇ છે. એમાંનો કૃષ્ણ ને અર્જુનનો સંવાદ ક્ષત્રિયના કર્મયોગનો પ્રતિઘોષ છે.

ગુપ્ત કાળ એ હિંદુ ધર્મ અને સંસ્કૃત સાહિત્યની દૃષ્ટિએ સુવર્ણયુગ ગણાય. સોમપાન અને માંસભક્ષણ બ્રાહ્મણોએ છોડયાં તે સાથે ડુંગળી કે લસણ પણ વર્જ્ય ગણાવા માંડયાં. મથાળાં બાંધેલી સંસ્કૃત લખવાની નાગરી લિપિ નાગરોએ ઉપજાવી. કાલિદાસનો જીવનકાળ આ ગુપ્તવંશમાં સમાય છે. સંસ્કૃત ભાષા જોકે રાજદ્વારી ભાષા હતી, જ્ઞાન ઉપાર્જિત કરવાની ભાષા હતી, છતાં બ્રાહ્મણ અને ક્ષત્રિય સિવાય બીજા સમાજમાં વ્યવહારની ભાષા તરીકે તો પ્રાકૃત ભાષાનું જોર ધીરેધીરે વધતું હતું. જૈન શાસ્ત્રોએ માગધી ભાષા અપનાવી હતી, બૌદ્ધોએ પાલીને પોષી હતી. ઘણાંખરાં પુરાણો એ સમયે લખાઈ ચૂક્યાં હતાં.

ઈ. સ. ૪૯૫માં હિંદનાં દ્વાર જેવા ખૈબરઘાટ અને સિંધના રસ્તા હૂન લોકોથી ઊભરાવા માંડયા. ઉધાઇઓના પડ જેવા, શરીરે શ્વેત ને સંસ્કારમાં અધમ એ હૂનોના હુમલા સામે ગુપ્ત સત્તા ટકી શકી નહિ. આર્યોની સમાજરચના પણ હચમચી ગઇ. આર્ય લોહીમાં ભેળ થતો અટકાવવા જ્ઞાતિસંસ્થાના વાડા બંધાવા માંડયા; ધાર્મિક વાતાવરણ વિચિત્ર-હેમમાં ફેરવાતું ગયું. પણ અંતે હૂન પણ હિંદુ થઇ ગયા અને કોઈક ક્ષત્રિય તો કોઈ વૈશ્યના વાડામાં પેસી ગયા. ઈ. ૫૩૦માં બાલાદિત્યના મરણ સાથે ગુપ્ત સત્તાનો લોપ થયો.

આવી ચક્રવર્તી ગુપ્ત સત્તાના અંત સમયે સૌરાષ્ટ્રમાં વલભી(વળા)ની સત્તા જામતી હતી. એ વખતે ગુજરાતમાં ચાલુક્યો, રાષ્ટ્રકૂટનાં દ્રાવિડ રાજ્યો ને વલભીઓ એમ ત્રણ સત્તા હતી. ખંભાતમાં રાષ્ટ્રકૂટ રાજ્યની હદ હતી. વલભી મહારાજા શ્રી ધારાસેન (૫૭૧) શૈવમાર્ગી હતો. એ કાળે બ્રાહ્મણોને ગામનાં ગામ દક્ષિણામાં મળતાં ને એ દાન તામ્રપત્રે લખાતાં.

ઈ. ૬૦૬માં કનોજમાં હર્ષની ભાગ્યરેખા ખીલતી હતી. ઉત્તર હિંદમાં ચક્રવર્તી થવા તે સર્જાયો હતો. એની સામે માત્ર ગુજરાત ટકી શક્યું. બાકી નર્મદાથી માંડી હિમાલયની તળેટી સુધી તે સત્તાધીશ હતો. નાલંદાનું વિદ્યાપીઠ એ સમયે સંસ્કૃતિના કેન્દ્ર સમું હતું.

ગુજરાત એવી પરિસ્થિતિમાં મુકાયું છે કે સારા યે હિંદમાં વહેતાં વહેણ ત્યાં આવીને ઠર્યાં છે. હર્ષના કાળે ગુજરાત સંસ્કારના ત્રિવેણીસંગમ જેવું હતું. ઈ.સ. ૬૩૦માં ભરૂચમાં પ્રશાંતદાદા ગાદીએ હતો. તેણે અનાર્ય નાગ લોકો(રાનીપરજ)ને હરાવ્યા. પણ આનર્તના હતભાગ્યે ગુર્જર અને મિહીર લોકોનાં પરદેશી ટોળાં, જે હૂનના હુમલા વખતે ક્ષત્રિય તરીકે સૂર્યચંદ્રના વંશજો રૂપે પેસી ગયા હતા તેઓ, પોતાની સત્તા જમાવવા ટાંપી રહ્યા હતા.

હર્ષનું સામ્રાજ્ય આથમે તે પહેલાં હિંદની સંસ્કૃતિને જડમૂળથી ઊખેડી નાખે એવી ઝનૂની સત્તા મક્કા-મદીનામાં ઊછરતી હતી. હઝરત મહમ્મદ પયગમ્બરના જીવન (૫૭૦–૬૭૨) સુધીમાં ઇસ્લામ પગભર થયો હતો. અરબો સિંધની સરહદ પર નોબત ગગડાવી રહ્યા અને ઈ. ૭૧૦માં સિંધનું બ્રાહ્મણ રાજ્ય ઉથલાવી અરબોએ પ્રથમ પોતાની સત્તા બેસાડી. જોકે ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાઓ સાથે અરબોને સંધિ કરવી પડેલી. પણ સિંધ પર અરબ રાજ્યનો અર્થ ઘણો ગંભીર હતો. અરબોએ ખોલેલાં હિંદનાં એ દ્વાર પછી ખુલ્લાં જ રહ્યાં.


પણ આર્યાવર્તની સંસ્કૃતિને સજીવન કરે એવી પુનર્રચના ફરી પાછી દ્રવિડ દેશમાં થઈ રહી હતી. જેને પ્રતાપે બૌદ્ધધર્મને જન્મભૂમિમાંથી દેશવટો લેવો પડયો એવો શંકરાચાર્યનો એ અદ્વૈતવાદ લંકાથી કાશ્મીર સુધી પ્રસરી



↑ હૂણ ઘોડેસવાર



←દાનપત્ર: જેમાં ત્રાંબાનાં બે જાડાં પતરાં ઉપર દાન આપ્યાનો દસ્તાવેજ કોતરીને તેના બે પૃષ્ઠ–ભાગ સામસામાં આવે તે રીતે ગોઠવી, મથાળે બે છિદ્રોમાં કડીઓ ભરાવી જોડેલાં હોય છે. તે પૈકી એક કડીમાં દાન આપનાર રાજવીની મહોર (મુદ્રા–સીલ) ઉપસાવેલી હોય છે. ઉપર ગુજરાતના વલભી મહારાજ્યના રાજવીની નંદી-છાપની એવી મુદ્રાથી જોડાએલા દાનપત્રનું ચિત્ર આપ્યું છે.



પ્રાચીન હિંદી લિપિઓના નમૂના: (૧) બ્રાહ્મી, (૨) ખરોષ્ટી, (૩) ગુપ્ત અને છેલ્લી નાગરી.

ગયો. શંકરાચાર્યે ગુજરાતની સીમા જેવા વસઈ પાસે નિર્મળના એકાંતમાં સમાધિ લીધી. ગુજરાતમાં દ્વારકા શૈવ ધર્મનો મઠ થઈ રહ્યો. જેણે જ્યોતિર્લિંગનાં દર્શન કર્યાં હશે તે શૈવ ધર્મનો મર્મ સમજી શકશે. હિંદની સંસ્કૃતિમાં બૌદ્ધ, જૈન અને આર્ય ધર્મને નિરનિરાળા ગણવામાં આપણી મોટી ભૂલ છે. ખરું જોતાં તો જળ એક પણ માટલાં જુદાં માંડેલાં. સાક્ષાત બૌદ્ધ ધર્મ હિંદમાંથી લોકે અદૃશ્ય થયો, પણ એ જતાં પહેલાં એનું સકળ તત્ત્વ હિંદુ ધર્મમાં આવી ગયું હતું. પહેલાંનો આર્ય ધર્મ હવે બ્રાહ્મણ ધર્મ મટીને હિંદુ ધર્મ (એટલે કે સકળ હિંદવાસીનો ધર્મ) થતો હતો. શંકરાચાર્યે પાડેલા જિંદગીના ચાર વિભાગમાં સંન્યસ્ત આશ્રમમાં નાતજાતનો થતો લોપ એ બૌદ્ધ ધર્મનું તત્ત્વ છે. બૌદ્ધ ધર્મ સાકારે ગયો, પણ નિરાકાર રહ્યો. દેહ ગયો પણ એનો આત્મા તો રહ્યો જ.

બૌદ્ધ ધર્મે સુંદર ગુફાઓ, સ્તૂપો ને વિહારો સર્જ્યાં; શૈવ ધર્મે મનોહર શિખર સાથેનાં મંદિરો રચ્યાં. મૂર્તિપૂજાના ખોળામાં જ શિલ્પકળા સચવાઈ છે. મૂર્તિ ને મંદિરની વિવિધ રચનામાં રાષ્ટ્ર અને ધર્મોની રેખાઓ પડી છે. પુરાણોની અસંખ્ય કલ્પનાઓને પથ્થર રૂપે સાકાર કરવાની પ્રતિજ્ઞા મૂર્તિઓ અને મંદિરોને વરે છે. મૂર્તિઓ પ્રજાની મનોભાવના અને કલા-કલ્પના રૂપે છે. સંસ્કારોનું એ નવનીત છે. શંકરાચાર્યનો દિગ્વિજય એ આર્યાવર્ત ઉપર દ્રવિડ સંસ્કૃતિનો વિજય હતો. આર્ય આચારવિચારનું પાલણપોષણ અને રક્ષણ મુસલમાન કાળમાં દક્ષિણે કર્યું.

પણ હવના ચક્રવર્તી રાજ્યના અસ્ત સાથે હિંદની સંસ્કૃતિની કેન્દ્રિત સંસ્થા તૂટી પડી. મહારાજ્ય પડતું એટલે નાનાં રાજ્ય ઊભાં થતાં; મોટો ધર્મ નબળો પડયે નાના પંથ શરૂ થતા. લગભગ આઠમી સદી પછી ભારતની સંસ્કૃતિ પ્રાંત ને પ્રજાના કટકાઓમાં વહેંચાઈ, પણ હિંદના સર્વે કટકા એક જ માળાના મણકા જેવા છે. હજાર વર્ષે આજ પણ કાશ્મીરથી લંકા સુધી હિંદુ સંસ્કૃતિનો આત્મા એક જ રહ્યો છે.

ઈ. ૭૬૫માં વલભી સત્તાનો સૌરાષ્ટ્ર ને લાટમાં અંત આવ્યો, પણ વલભી ધૂળમાં દટાયા પહેલાં બીજી બાજુ પાટણનું નસીબ ખીલતું હતું. પાટણ લગભગ છસો વર્ષ ગુજરાતની રાજધાની રહ્યું. રાષ્ટ્રકૂટો ને ચાલુક્યોનો અંત આવે તે પહેલાં ગુર્જરો અને મિહીરો આનર્તના માલિક થઇ બેઠા. ઈ. ૮૦૫માં થએલા વનરાજ ચાવડાનું નામ મશહૂર છે. ગુર્જરોના છત્ર નીચે આનર્ત નામ બદલાઇને ગુજરાત થયું. ઈ. ૯૧૬માં નાગભટ્ટની સરદારી નીચે ગુર્જરોએ કનોજ સર કર્યું.

ઈ.સ. ૯૯૬માં કનોજના શૈવધર્મી રાજા મૂળરાજે સિદ્ધપુરનો રુદ્રમાળ બાંધવો શરૂ કર્યો, અને તેણે પ્રયાગ ને કનોજથી ઔદીચ્ય બ્રાહ્મણો બોલાવી ગુજરાતમાં વસાવ્યા. ત્યાર પછીનાં ચાર વર્ષમાં ચામુંડે ગુજરાતમાં કૂવા તથા વાવ બંધાવ્યાં. ઈ. સ. ૧૦૨૨માં ઉદયમતિએ પાટણમાં રાણીવાવ બંધાવી. મોઢેરામાં સૂર્યનું મંદિર પણ તે જ અરસામાં સ્થપાયું.

પણ ગુજરાતની પનોતી બેસી ચૂકી હતી. લગભગ ૧૦૨૫માં મહમદ ગીઝની મથુરા લૂટી સોમનાથ ઉપર ઊતરી આવ્યો. સોમનાથનું લૂંટાવું એ હિંદુ ધર્મ અને હિંદુ રાજ્યના ઓટ થવાનાં ચિહ્ન છે. હિંદુઓ કાયર થઇ ગયા હતા. હિંદુઓની અમાવાસ્યા પાસે ઇસ્લામનો બીજચંદ્ર આવી રહ્યો હતો. પ્રાચીન સમાજના પાયા ડડળી ગયા હતા. મહમદ ગઝનવીનાં વળતાં પગલાંના પડઘા સંભળાતા હતા ત્યાં તો ભીમદેવ પહેલો પાટણનું રાજ્યાસન સંભાળવા આવી પહોંચ્યો. ધારાનગરીમાં ભોજ રાજા એ કાળે ધર્મ, જ્ઞાન ને કળાને પોષી રહ્યો હતો.

ભીમદેવ પછીનાં સો વર્ષ શાંતિનાં હતાં; કંઈક સમૃદ્ધિનાં પણ ખરાં. ઈ. સ. ૧૦૩૨માં વિમળશાહે આબુ ઉપર દેલવાડાનાં મંદિરો બંધાવ્યાં તે ગુજરાત માટે કૈંક સીમાસૂચક છે. જૈન ધર્મના વધતા પ્રભાવની એ તેજરેખા છે. ગુજરાતમાં વૈશ્યનો દોર જામતો હતો. કર્ણના વખતમાં ગિરનારનાં જૈન દહેરાં, મોઢેરાનું તળાવ અને મંદિર ચણાયાં, અને સાબરમતી ઉપર કર્ણાવતીનાં તોરણ બંધાવ્યા પછી ગુજરાતમાં અમર સંસ્કાર પાડનાર સિદ્ધરાજ જયસિંહ પાટણની ગાદીએ બેઠો. અરધી સદીના એના લાંબા રાજ્યમાં સલાટોએ મંદિરો બાંધ્યાં; ઓડ લોકોએ તળાવો ખોદ્યાં. તે પછીનું આજ સુધીનું ગુજરાત એ સિદ્ધરાજનું ગુજરાત છે. આજે ય પાટણમાં ગાજેલી જસમા ઓડણનો ગરબો ગવાય છે. પાટણનું સહસ્રલિંગ તળાવ ને સિદ્ધપુરનું બિંદુ સરોવર એ સમૃદ્ધિનાં સાક્ષીભૂત છે.

સિદ્ધરાજના મૃત્યુ પછી પાટણનો રાજધર્મ બદલાયો. કુમારપાળે (૧૧૪૩-૧૧૭૩) પંડિત હેમચંદ્રાચાર્યને સાંભળી જૈન ધર્મ અપનાવ્યો. બ્રાહ્મણ રાજસત્તા નબળી પડી, લવણપ્રસાદે આદિનાથ ને શત્રુંજય ઉપર જૈન દહેરાં બંધાવ્યાં. એ જ કાળે વડનગરમાં કોટ અને કીર્તિસ્તંભ બંધાયાં. વડનગરના નાગરો વેદનાં ભાષ્યો રચતા ને અખંડ હોમહવનથી ધર્મભાવના પોષતા. કાળની બલિહારી એ કે એ જ વડનગરમાં જૈનશાસ્ત્ર-કલ્પસૂત્ર લખાયું હતું!

કુમારપાળના મરણ સમયે ફરી પાછાં મુઘલ પડઘમ વાગવા માંડયાં હતા. વસ્તુપાળ ખંભાતમાં જૈન દહેરાં બંધાવતો હતો ત્યારે દિલ્હીમાં ચૌહાણનો ને ગુજરાતમાં સોલંકીનો અંત આવતો હતો. શહબુદ્દીન ઘોરીએ દિલ્હીના તખ્તને ઝડપી લીધું. પૃથ્વીરાજરાસાના વાચકો આગળ હિંદુ રાજ્યલક્ષ્મીની એ આથમતી દશાનું વર્ણન કરવું પડે એમ નથી. માંહોમાંહેની તકરારોથી દિલ્હીની રાજસત્તા નબળી પડી હતી. 'ઘર ફૂટ્યે ઘર ગયું.'

પાટણના દરવાજાને ઉધેઈ વળગે તે પહેલાં તો ધોળકામાં વાઘેલાને રાજ્યલક્ષ્મી વરી ચૂકી હતી. વિશળદેવ શિલ્પકળાના અવતાર જેવો હતો. ડભોઇ ને ચાંપાનેરના કિલ્લા એ કાળે બંધાયા. ત્યાર પછી તરત જ ગુજરાતની રાજ્યલક્ષ્મીને રાહુએ ગળી. લગભગ ૧૩૦૦ની સાલમાં કરણ ઘેલાને અલ્લાઉદ્દીન ખિલજીએ હરાવી મુસલમાની રાજ્યનો પાયો નાખ્યો. અહીંથી ગુજરાતના વૈધવ્યની કથા શરૂ થાય છે.

પાટણમાં જૈનોના વિજય સાથે સંસ્કૃત ભાષાનો લોકભાષા તરીકે છેડો આવવા માંડયો. લગભગ બારમી સદીથી શિલાલેખોમાં અપભ્રંશ લખાતું આવ્યું છે. જૈનોએ બ્રાહ્મણ શાસ્ત્રોને પોતાના ધર્મમાં ચૂસી લીધાં છે. હેમચંદ્રે બારમી સદીમાં નવું વ્યાકરણ રચ્યું એ સીમાસૂચક છે. એનો અર્થ એ નથી કે સંસ્કૃતનો તદ્દન અંત આવ્યો. સોમેશ્વરની કીર્તિકૌમુદીને


આપણે જાણીએ છીએ. પણ ધર્મ અને રાજ્યની એ શિષ્ટ ભાષા સામે ગુજરાતી ભાષા એ લોકસમૂહના વિજય સમી છે. અને એક હજાર વર્ષનો હિંદુ આત્મા જેટલો શિલ્પમાં છે તેટલો પુસ્તકોમાં નથી. ગુજરાતનું રહ્યુંસહ્યું શિલ્પ જ તેના સંસ્કારના–વિકાસના કે વિકૃતિના–આકાર રૂપે છે; સાહિત્ય નહિ.

કરણઘેલાના અંત સમયે લોકોના આચારવિચાર બંધાઈ ગયા હતા. જ્ઞાતિસંસ્થાના બંધ મજબૂત બન્યા હતા. લોકો એકંદરે સુખી હતા, કારણ સંતોષી હતા. ધર્મ તેમનું આશ્વાસન હતું. દરેકને પેટપૂરતું ખાવાનું અને પરણવાને સ્ત્રી કે પુરુષ મળી રહેતા. આજે સ્વપ્ન જેવો સુખી લાગતો એ કાળ સત્યુગ તો ન જ હતો, હતો તો કલિયુગ જ. વ્યક્તિનાં સુખદુઃખ તે કાળે પણ આજ જેવાં જ હતાં. દારિદ્ર્ય પણ હતું, અનીતિ પણ હતી; છતાં યે આજ જેવા લક્ષ્મી કે સત્તાના ભેદભાવ ન હતા. પૈસો સમાજમાં વહેંચાએલો હતો. રોકડાં નાણાંની જરૂર જીવનમાં બહુ ન હતી. જમીનની ઊપજમાંથી મોટે ભાગે જીવનવ્યવહાર ચાલતો. ભરણપોષણ માટે અથાગ મહેનત કરવી ન પડતી.

પ્રાચીન આર્યસંસ્કાર નિર્માલ્ય થયા હતા. સંસ્કૃતિ ડહોળાઈ ગઈ હતી. રીતરિવાજ 'ડ્રિલ' જેવા થઇ ગયા હતા. સ્ત્રીસ્વાતંત્ર્ય ધીરેધીરે ઓસરતું હતું. શક્તિની પૂજા અને શિલ્પમાં સ્ત્રીઓની પ્રતિમાઓ તે સ્ત્રીઓને અપાએલી છેલ્લી અંજલિ જેવી રહી છે. બારમી સદીના સૂર્યાસ્તે ફરી પાછાં છસો વર્ષ રક્તસ્નાન કરવાનું હતું. મોટા તોફાનની આગાહી હતી. આકાશ ઘેરાયું હતું. વીજળીના ચમકાર થતા હતા.'

ભારતનાં શિલ્પસ્થાપત્ય વિશેના ડૉ. હરિપ્રસાદની લેખમાળામાં રજૂ થએલા કેટલાક મનનીય વિચારો પણ નોંધપાત્ર છે:

'ઘૂમટવાળાં દેવળો સ્તૂપોમાંથી થયાં હશે. પણ આપણાં મંદિરોનાં શિખરો તો હિમાલયનાં એક ઉપર બીજું એવાં અસંખ્ય શિખરોનું સૂચન કરતાં હોય એમ મૂળ કૈલાસ કે કાલ્પનિક મેરુ પર્વત પરથી લેવાએલી સૂચના કે સંજ્ઞા રૂપે માનસિક છબી છે, એમ કલાવિવેચક મિ. હૅવેલનું માનવું છે. એક પર બીજું, એમ ઉપર ને ઉપર જતી શિખરોની પરંપરા આધ્યાત્મિક જીવનની દિનપ્રતિદિન ઉચ્ચ ને ઉચ્ચ થતી જતી દશાનું સૂચન કરવા માટે હશે. આ કલ્પના ઉપર હિંદના સ્થાપત્યમાં મંદિરોનાં શિખરોના અનેકવિધ પ્રકાર થયા છે; તેનાં થોડાં ચિત્રો આ લેખ સાથે આપ્યાં છે.



આધ્યાત્મિક જીવનની દિનપ્રતિદિન ઉચ્ચ થતી જતી દશાનું સૂચન કરતાં ભારતીય સ્થાપત્યમાં મંદિરોનાં શિખરોનાં વિવિધ રૂપો–મથાળેથી ડાબી બાજુએથી ગણતાં ક્રમવાર: (૧) ગુપ્ત સમયનું ગયાજીનું બુદ્ધ મંદિર, (૨) ખજુરાહો(માળવા)નું ચાલુક્ય સમયનું શિવમંદિર; રાજપૂત-ગુજરાત-કલા, (૩) સાતમી સદીનું ઓરિસ્સાનું ભુવનેશ્વરનું મંદિર; શૈવ કલા, (૪) દક્ષિણનાં ગોપુરમ ઘાટનાં શિખર, (૫) ચિતોડગઢમાંનું મીરાંનું મંદિર; ચાલુક્ય-ગુજરાત-કલા, (૬) રથ ઘાટનું દક્ષિણ હિંદનું મહાબલિપુરનું મંદિર.

પાછળથી ચક્રવર્તી મહારાજાઓના રથના ઘાટ શિખર અને ઘૂમટ જેવા થયા હતા. આકાશમાર્ગે વિચરતાં દેવ અને દેવતાઈ રાજાઓનાં વિમાનો પણ ઘૂમટ અને શિખરના ઘાટનાં કલ્પાયાં હતાં. રાજાઓ દુશ્મનોને હરાવતા કે નવા મુલકો જીતતા ત્યારે પોતાના ઇષ્ટદેવનો જય થયો એમ માની, તે પ્રસંગના સ્મરણમાં મંદિરો સ્થાપતા ને વિજયધ્વજ રોપતા. કોઈ ધનવાન માત્ર પુણ્યના વિચારથી પણ દેવાલય બંધાવતા, અને રાજાઓ તથા ધનવાનો ન મળે ત્યારે મહાજનના ઉઘરાણાથી પણ મોટા યજ્ઞયાગાદિ થતા અને એ સ્થળે કાયમનાં મંદિરો બંધાતાં. આમ, સમાજના આધ્યાત્મિક જીવનને પોષણ આપવાના શુભ અને પારમાર્થિક હેતુથી મંદિરો બંધાતાં. ત્યાં વારતહેવારે ઉત્સવો ઊજવાતા, મેળા ભરાતા, કથાવાર્તાઓ અને ભજનકીર્તનો થતાં, સંગીત નૃત્ય ને નાટકો થતાં. મંદિરોમાંનાં ચિત્રો ને આકૃતિઓ હાલનાં સંગ્રહસ્થાનો કરે છે તેમ પ્રજાસમસ્તની કેળવણીનું ને આનંદ આપવાનું કામ કરતાં. કોઈ મોટાં મંદિરોમાં પુસ્તકસંગ્રહ પણ રહેતા, તેમજ કોઇ વિદ્વાન આચાર્ય ત્યાં ગુરુકુળ કે પાઠશાળા પણ મફત ચલાવતા.

ઘણાં મંદિરો કોઇ ઉત્તમ જળાશય કે નદીકિનારે સૃષ્ટિસૌંદર્યની વચમાં બંધાતાં અને તેમની આસપાસ ફુવારા ને વાડી પણ કરવામાં આવતાં. રમતગમત, કેળવણી, સંસ્કાર, સત્સંગ, સામાજિક ઉત્કર્ષ અને આધ્યાત્મિક આનંદ પ્રસારવાનાં એ સૌ પ્રબળ સ્થાનો હતાં.

આપણાં પૂજાવિધિ, ધૂપદીપ ને આરતી, સમાસમાનાં દર્શન ને ઉત્સવો, ફૂલ ને સંગીત, ગુલાલ, ચંદન, કેસર અને સુગંધ શ્રદ્ધાળુ લો-

કોને ધીમેધીમે પણ ધાર્મિક બનાવે છે એમાં શક નથી. શિખર કે ઘૂમટ ઉપર મોટું કમળ હોય છે. કમળ હિંદુ પ્રજાનું બહુ માનીતું ચિહ્ન છે. સહસ્રદળ પદ્મ એટલે હજાર પાંખડીઓવાળું કમળ. એ જેમ પૂર્ણ કળાએ ખીલે છે તેમ, હે મનુષ્યો, તમે પણ તમારા આત્માને સોળે કળાએ ખીલવો એમ આ મંદિરો મૂગો ઉપદેશ આગ્રહથી આપી રહ્યાં છે! કમળ ઉપર સુવર્ણ-કળશ હોય છે. સોળે કળાએ આત્માને જેણે ખીલવ્યો છે તેને એ કળશમાંનું અમૃત મળવાનું છે. એમને મૃત્યુનો ભય નથી. ધર્મને માર્ગે ચાલનારાં ને આધ્યાત્મિક વિકાસ સાધનારાં અનંત સુખ અને અનંત જીવનનાં અધિકારી થાય છે. કમળ અને કળશનો અર્થ એ છે.

કુતુબમિનાર સર્વાંગસુંદર છે. અત્યંત ઊંચો છતાં એ રાક્ષસી કે બદસૂરત નથી લાગતો. ગોળ છતાં એ મિલના ભૂંગળા જેવો સાદો નથી. બાજુઓમાંથી છેક ઉપર સુધી ગોળ વાટા પાડીને એની બાજુઓ આંખને ગમે એવી આકર્ષક બનાવેલી છે, વચ્ચેવચ્ચે કોતરણીવાળા કંદોરા છે, અને ભરચક નહિ પણ આછાઆછા શણગારથી એને અલંકૃત કરવામાં અનહદ સુરુચિ બતાવવામાં આવી છે.

અમદાવાદના સુલતાનો હિંદી સંસ્કૃતિમાં જ ઊછરેલા હતા અને એમણે જે બાંધકામો કર્યાં એમાં બે મોટા સુધારા કર્યા તે નોંધવા જેવા છે. હિંદુ મંદિરોમાં દરવાજાની કમાનો તોરણો જેવી હતી, તે અમદાવાદનાં બાંધકામોમાં અર્ધગોળ ચંદ્રાકારની થઈ. મંદિરોની કોતરણીમાં અલંકારો મારવાડી સ્ત્રીનાં ઠાંસીઠાંસીને પહેરેલાં ઘરેણાં જેટલા થઇ ગયા હતા તે આમાં આછા ને પ્રમાણસર થયા, જેમ ગુજરાતી સ્ત્રીઓએ કર્યું છે. અલંકારો પોતાની લક્ષ્મી બતાવવાને નહિ, પણ શરીર શોભીતું દેખાય એટલા જ પહેરવા જોઈએ એ વિવેકના કારણે આપણી બહેનોના અલંકારો પણ સાદા ને શોભીતા બન્યા છે. ઇસ્લામની સાદાઈ ને હિંદુ ધર્મની પુષ્કળ અલંકારપ્રિયતાનું મિશ્રણ અમદાવાદની કારીગરીમાં સુંદર થયું છે.

હિંદી નગરોના ત્રણ પ્રકાર છે: Temple Cities, Castle Cities અને Ports (મંદિરનગરો, કિલ્લાબંધ નગરો અને બંદરો), એમ પ્રો. ગેડિસનું માનવું છે. ડાકોર, વડતાલ, દ્વારકા, પાલીતાણા એ આપણાં મંદિરનગરો છે; અમદાવાદ, પાટણ, ચાંપાનેર એ કિલ્લાબંધ નગરો છે; અને ઘોઘા, ભરૂચ, સૂરત, ખંભાત વગેરે બંદરો છે.


અસલ અરણ્યોમાં વૃક્ષોની ઘટાઓ નીચે ધર્મધ્યાન, યજ્ઞો ને પરિષદો થતાં. ગામો વસ્યા પછી મંદિરોમાં સ્તંભોની હારો કરી તે એ વૃક્ષોની સૂચક છે. યજ્ઞોમાં કેળના સ્તંભો કળશો કે કુંભોમાં મૂકતા. કુંભોમાં સ્તંભો ઉપરાંત પત્ર-પુષ્પ પણ મૂકતા. હાલના પથ્થરના સ્તંભોમાં એ કળશ કે કુંભોને બદલે કુંભીઓ થઈ છે અને એને પત્રો-પુષ્પોની કોતરણી કરવામાં આવે છે. સેંકડો વર્ષો થયા છતાં પોતાના હૃદયને આકર્ષણ કરતી વસ્તુઓને પ્રજા કેમ યાદ રાખ્યા કરે છે એ જાણવાલાયક છે.

મસ્જિદોના મિનારા એ ખાસ અમદાવાદની જ બનાવટ છે. એવા ગોળ ટોડા બીજે ક્યાંય જોવામાં આવતા નથી. એ ટોડા મૂળ કીર્તિસ્તંભ ઉપરથી થયા છે, ને કુતુબમિનાર કે ચિતોડના કીર્તિસ્તંભો સાથે એમનો મુકાબલો કરી શકાય. પરંતુ અમદાવાદમાં એ બબ્બેની જોડમાં ઊભા કરવામાં આવ્યા છે. પંદરમી-સોળમી સદીમાં અમદાવાદમાં એવા લગભગ એક હજાર રોજા ને મસ્જિદો હતાં અને તેમાંથી આવા બે હજાર કીર્તિસ્તંભો ઊંચા થઇને ગગન સાથે વાતો કરતા. મુલ્લાંઓ એની ઉપર બાંગ પોકારતા ને ઓરસના દિવસોમાં હિંદુ મંદિરની દીપમાળાઓની જેમ આ ટોડાઓ રોશનીથી દેદીપ્યમાન બની રહેતા.

આ ટોડાનો ગોળ ઘાટ, એની અંદરથી ઉપર જવાનાં પગથિયાં, એના ઝરૂખા ઉપર ચડીને આસપાસનો દૂર સુધી જોવાનો દેખાવ, એ બધું અત્યંત આનંદદાયક છે. આ ટોડાઓ ઉપરની કોતરણી બહુ જ સુંદર હોય છે. ઘણાખરા ટોડા તો, એક હલાવીએ તો સામેનો પણ હાલે એવી કોઈ કરામતવાળા હોય છે!

અને છેલ્લે 'માધુકરી'માંનો એક નુસખો:

ખુરશીની ખુરશી, અને જરૂર પડે ત્યારે ઊંચેથી વસ્તુઓ ઉતારવાની પગથીવાળી ઘોડી! ઘરમાં ઘણી વાર એવી ઘોડીની જરૂર પડે છે; પણ તેનો ઉપયોગ જૂજ થતો હોવાથી પાછળથી તેને રાખવાની વ્યવસ્થા મૂંઝવનારી થઈ પડે છે. તેને બદલે નીચેનાં પહેલાં બે ચિત્રોમાં બતાવી છે તેવી ઘોડી બનાવડાવી હોય તો જરૂર પડે ત્યારે તેને ઘોડી તરીકે વાપરી શકાય, અને તે ઉપયોગ પત્યે તે કાયમ ખુરશી તરીકે (પહેલા ચિત્રમાં બતાવ્યા મુજબ) ખપ લાગે. આમ બેવડા ઉપયોગનું આ ઉપસ્કર કેમ બનાવવું તેની ક્રમવાર સૂચના નીચેના ચિત્રમાં આપી છે. ગમે તે હોશિયાર સુતાર એ જોઇને બનાવી આપશે.



અથાણું



જિતેન: આજ ચાર દિવસથી હું દૂધ પર છું.
અનંત: તેમાં શી ધાડ મારી? મારી બેબી તો છ માસથી દૂધ પર છે.

'જુઓ, તમે મારા નાનુને માર્યું એ હું જરા યે ચલાવી લેવાની નથી. તમે એને માર્યો જ કેમ?'

'પણ એણે બહુ અસભ્યતા દેખાડી; મને બૅંસ જેવી કહી.'

'તે એમ કંઈ માર માર્યે છોકરાં ન સુધરે, સમજ્યાં. એને મારવા કરતાં તમે જ ખાવામાં જરા પરહેજી પાળોને!'

દસેક વર્ષના પરિણીત જીવન પછી મારા જીવનમાં હવે અગાઉ કરતાં તદ્દન ઊલટો જ પલટો આવ્યો છે. હવે મારા બૂટ મારો કૂતરો લાવી આપે છે અને મારી પત્ની મારા પ્રત્યે ભસે છે.

'ચિત્રસંગ્રહ કેમ કરશો? એ નામે હમણાં પ્રકટ થએલું પુસ્તક મારે વાંચવા જોઇએ છે.'

ગ્રંથપાલ: 'હા, એ આપું; પણ એમાંનાં બધાં ચિત્રો કપાઇને એ ચોપડી પાછી આવી છે.'

'તમે છેલ્લી નોકરીમાં કેટલાં વર્ષ કામ કર્યું?' નવા ઉમેદવારને મૅનેજરે પૂછ્યું.

'ત્રીસ વર્ષ, સાહેબ.'

ઉમેદવારની સામે જોઈ એના જવાબમાં શંકા લાગતાં મૅનેજરે ફરી પૂછ્યું: 'ત્યારે તમારી ઉંમર?'

'પાંત્રીસ વર્ષ.'

'એ તે કઈ રીતે બને? પાંત્રીસની ઉમરમાં ત્રીસ વર્ષનું કામ કેમ થાય?'

'ઓવર ટાઈમ, સાહેબ.'

ફોટોગ્રાફીમાં ચિત્રવિષયની રચના

ફોટોગ્રાફી હરીફાઈને અનુલક્ષીને નિરૂપણ

પહેલુંઇનામ: 'જળપાન'-ઇબ્રાહીમ પટેલ, અમદાવાદ; બીજુંઇનામ: 'જીવનસંધ્યા—વિનોદ વસા, મુંબાઇ; ત્રીજું ઇનામ: 'માનોલાડકવાયો'-હેમેન્દ્ર શાહ, અમદાવાદ. નોંધપાત્ર : (૧) 'મૉર્નિંગ ફિશિંગ': ઉપેન્દ્ર ભટ્ટ, અમદાવાદ; (૨) 'આપઘાત કે ગાંડપણ?'—જી. પી. ચંદારાણા, માંગલોર; (૩) 'બાદામી ગુફામાંનું શિલ્પ'-ઈન્દ્રકાન્ત પટેલ, વડોદરા.

બલવન્ત ભટ્ટ


ચિત્ર-સંયોજનના પાંચ મુખ્ય મુદ્દાઓ—રચના, દૃષ્ટિકોણ, પ્રકાશ, વેતરણ અને છાપ વિષે અગાઉ આપણે વિચારી ગયા છીએ. ('કુમાર' અંક ૩૮૯ પૃ. ૧૯૬) તે પૈકી પ્રકાશ, વેતરણ અને દૃષ્ટિકોણ પર વિસ્તારથી લખાઇ ગયું છે અહીં હવે 'રચના' ઉપર સમજીએ.

ચિત્ર-વિષયની રચના સમજપૂર્વક થવી ઘટે. ચિત્ર-વિષયમાં અનેક ચીજોનો સમાવેશ થાય છે. ચિત્ર-લક્ષ્યની આગળ તથા પશ્ચાદ્‌ભૂમિમાં ઘણી વસ્તુઓ હોય છે. આ અનેકવિધ ચીજો ઉપર છબિકારનો કાબૂ પ્રત્યેક ચિત્ર લેતી વખતે હોતો નથી. એ સંજોગોમાં રચના બુદ્ધિપૂર્વક ન કરી શકાય. આમ ચિત્ર-રચનાને પોતાની મર્યાદાઓ હોય છે.

રચનાની દૃષ્ટિએ ચિત્ર-વિષયને પાંચ વિભાગોમાં વહેંચી શકાય. સ્ટિલ-લાઇફ (સ્થિર પદાર્થ), પોર્ટ્રેટ (તસ્વીર). લૅન્ડસ્કેપ (દૃશ્ય), આર્કિટેક્ચર (સ્થાપત્ય) અને કૅન્ડિડ તથા ઍકશન (અદલ તથા ગતિશીલ-ક્રિયાત્મક). પહેલા ચાર પ્રકારના વિષયોમાં મોટે ભાગે સમજપૂર્વકની રચનાને અવકાશ છે. પણ પાંચમા વિષયનાં ચિત્રો લેતાં છબિકારે પોતાની કુશળતા અને કૈંક કિસ્મત ઉપર આધાર રાખવો પડે છે.

'સ્ટિલ-લાઇફ' અને 'ટેબલ ટૉપ' ફોટોગ્રાફીમાં રચના ઉપર છબિકારનો પૂરેપૂરો કાબૂ હોય છે. એમાં તે પુખ્ત વિચારપૂર્વકની ને મનપસંદ ગોઠવણ કરી શકે છે. વિષયના પ્રત્યેક અંગોપાંગને મરજી પ્રમાણે તે યોજી શકે છે. આથી રચનાની દૃષ્ટિએ સ્ટિલ-લાઈફ-ફોટોગ્રાફી સરળ બને છે. પરંતુ એમાં છબિકારની સમજ બહુ ઊંડી જોઇએ. સંયોજન જેમ સીધુંસાદું તેમ 'સ્ટિલ-લાઈફ' ચિત્ર વધુ આકર્ષક બનવાનું. પણ ઘણી વાર સીધીસાદી રચનાને કલાત્મક બનાવવામાં જ કસોટી થાય છે.

'સ્ટિલ-લાઈફ'ના વિષયો તો નિર્જીવ હોવાથી તેને ફાવે તેમ રચી-ગોઠવી કેવાળી-મચકોડી શકાય. પરંતુ તસ્વીર (પોર્ટ્રેટ)નો વિષય હમેશાં





↑ ઉપર: દક્ષિણની બાદામી ગુફામાંનું એક મનોહર શિલ્પ
← ડાબી બાજુ: 'આપઘાત કે ગાંડપણ' (બે નોંધપાત્ર ચિત્રો)

સજીવ હોવાથી (પછી ભલે તે જન જનાવર કે જળચર હોય) માનવી સિવાયનાં બીજાં પ્રાણીઓના હાવ-ભાવ કે ગતિ ક્રિયા છબિકારના હાથમાં હોતાં નથી. આથી માનવ-તસ્વીરની રચના સંયોજનની દૃષ્ટિએ કૈંક સુલભ છે. જોકે તેમાં પણ કલાત્મક તસ્વીરના સર્જન માટે છબિકાર અને એના પાત્રની વચ્ચે વિચારની એકતા સધાવી જોઇએ. છબિકારે પોતાના પાત્રની ચિત્ર-શક્યતાઓ સમજવી જોઇએ અને પાત્રે પોતાની અપેક્ષાઓ સમજાવવી જોઇએ. મતલબ કે છબિકાર તથા પાત્ર વચ્ચે સુસંવાદ સધાવો જોઈએ. તો જ કલામય તસ્વીર સર્જાય.

દૃશ્ય-ફોટોગ્રાફીમાં મુખ્ય વિષયો નિર્જીવ તથા અચલ હોય છે. જેમકે કોઇ ગામડાની ભાગોળ, હરિયાળાં ખેતરો, પર્વતોની હારમાળા કે અરણ્યની વૃક્ષરાજિ વગેરે. જોકે આવાં દૃશ્યોમાં પણ સજીવતાનો રણકાર લાવવા એકાદ પ્રાણીને સાથોસાથ ઝડપવામાં આવે છે, ત્યારે તે પ્રાણીનું સ્થાન ચિત્ર-વિસ્તારમાં મુકરર કરવા પૂરતો છબિકારને પ્રાણીની ગતિ ઉપર આધાર રાખવો પડે છે. એટલે અંશે એમાં છબિકાર પરાવલંબી બને છે. સ્થાપત્યની ફોટોગ્રાફીના વિષયો પણ છબિકારના અંકુશમાં હોય છે. વિષય તથા ભાવને અનુરૂપ પ્રકાશ, દૃષ્ટિકોણ અને રચના તે સહેલાઇથી પસંદ કરી શકે છે.

પણ 'કૅન્ડિડ અને ઍકશન' ચિત્રો સૌથી વધુ મુશ્કેલ છે. એના વિષયો ઉપર છબિકારનો બિલકુલ અંકુશ હોતો નથી. તે વિષયને ગોઠવી પણ શકતો નથી. એના સુંદર સર્જન માટે તો છબિકારે કેવળ

ત્વરિત નજર અને પોતાની કલા-દૃષ્ટિ ઉપર વિશ્વાસ રાખી ચાંપ દાબવાની હોય છે. આવા ગતિમય વિષયો ઝડપવામાં એક કરતાં વધુ એક્સ્પોઝર લેવાં જરૂરી છે. અલબત્ત, છબિકારનું પોતાનું કૌશલ જ ચિત્ર-સર્જનમાં મહત્ત્વનું અંગ છે. છતાં પણ કલામય સર્જનમાં તક–અકસ્માત–કિસ્મતને સ્થાન તો છે જ. તેને અભાવે ઘણીવાર હાથવેંતમાં આવેલું સારું ચિત્ર અણધારીરીતે બગડી જાય.

હવે આપણે આ વખતની હરીફાઇનાં ચિત્રો તપાસીએ. ઉનાળાની ગરમીમાં, કૂંડીમાં વહેતા નળની ધારામાંથી તરસ છિપાવતી બકરીમાં શ્રી ઇબ્રાહીમ પટેલની કલા-દૃષ્ટિએ ચિત્ર નિહાળ્યું અને 'જળ-પાન' ચિત્ર સર્જ્યું. ચિત્ર-વિષય અભિનવ અને અઘરો છે. પ્રકાશ મૃદુ અને સંયોજન રુચિકર છે. એકાગ્ર બકરીના આંખમાં તૃપ્તિ પણ છે. જોકે ચિત્ર-વેતરણ બરાબર નથી. ચિત્રનો ડાબી તરફ લંબાએલા નળવાળો આખો ભાગ નિરર્થક છે. ચિત્ર-સંદેશને તેમાંથી કાંઇ પૂર્તિ મળતી નથી, ઊલટું નળની રેખા, આપણી નજરને ડાબી તરફથી ચિત્રની બહાર ઘસડી જાય છે. વિષયની રેખાઓ જોતાં પણ સંયોજન નબળું પડે છે. મૂળ ચિત્ર(૬"×૮")ને ડાબી તરફથી અને નીચેથી અનુક્રમે પોણા બે અને પોણો ઇંચ (નળ ઉપરના ખીલા આગળથી તથા કૂંડીની નીચલી પાળના મથાળાથી) કાપવાથી સંયોજન જોરદાર બને છે.

શ્રી વિનોદ વસાએ 'જીવન-સંધ્યા' ચિત્રમાં ભાવવાહી તસ્વીર ઉતારી છે. એક્સ્પોઝર સાચું છે, પરંતુ પશ્ચાદ્‌ભૂમિ વિષયના ભાવમાં ડખલ કરે છે. ચહેરાનો ઝોક ચિત્રમાં અસ્થિરતા લાવે છે. ગરદનનો વળાંક સુધારતી વેતરણ દર્શાવીને તે અહીં છાપ્યું છે.

પોતાના લાડકવાયા બાળકને ખવડાવતી શ્રમજીવી માતાના શ્રી હેમેન્દ્ર શાહના ચિત્ર 'માનો લાડકવાયો'માં ચિત્ર-વસ્તુ આકર્ષક છે, કૅમેરાનો દૃષ્ટિકોણ સુરુચિકર નથી. પશ્ચાદ્‌ભૂમિમાં આવેલાં વાસણો આંખને ખૂંચે છે. ચાર હાથ, ચાર પગ અને એક મોંના આ 'કૅન્ડિડ' ચિત્રમાં સર્જનની નવીનતા સાથે માનવહૃદયનો ભાવ આલેખાયો છે. સાથે છબિકારના કૌશલની કચાશ પણ છૂપી રહેતી નથી. સંયોજનના નિયમો ઉપર એમણે વધુ ધ્યાન આપ્યું હોત તો ઉત્તમ ચિત્ર બનત.

નોંધપાત્ર ઠરેલાં ત્રણ ચિત્રોના વિષયો એકમેકથી અનોખા છે. પ્રત્યેક વિષય વિશિષ્ટ દૃષ્ટિ અને સમજ માગે છે. શ્રી ચંદારાણાનું ચિત્ર 'આપઘાત કે ગાંડપણ?' પ્રેસ-ફોટોગ્રાફીનો સુંદર નમૂનો છે. આવા અકસ્માત મૃત્યુનો વિષય જવલ્લે જ લેન્સ સમીપ ખડો થાય છે. શ્રી ચંદારાણાએ એક ઉત્તમ તકનો લાભ ઉઠાવ્યો છે. આ જ વિષયને તેમણે જુદાજુદા કોણથી ઝડપી, પાંચ-સાત ચિત્રો ઉપજાવવાની જરૂર હતી. ફિલ્મનું ડેવેલપમેન્ટ જરૂર કરતાં વધુ થવાથી નેગેટિવ ઘટ્ટ બની છે, જેના પરિણામે પ્રિન્ટમાં ગ્રેઈન્સ દેખાય છે.

ભાઈ ઉપેન્દ્ર ભટ્ટના 'મૉર્નિંગ ફિશિંગ' ચિત્રમાં ઊગતા સૂર્યનાં કિરણો નચાવતાં પ્રભાતનાં પ્રશાન્ત પાણીમાં સ્થિર ઊભેલી હોડીઓ વચ્ચે જાળ ફેંકતા માછીમારની ગતિ ઝડપી છે. શ્રી ઇન્દ્રકાન્ત પટેલે 'દક્ષિણની પ્રસિદ્ધ બદામી ગુફા'ના શિલ્પમાંની શિવ-પાર્વતીનું લીલાભર્યું પ્રેમસ્વરૂપ ઉઠાવ્યું છે.

બલવન્ત ભટ્ટ

ટિકિટસંગ્રહ એ સંસારવ્યાપી શૉખનો વિભાગ



ગયા માસ (જુલાઇ)ના ૨૩મી તારીખે લોકમાન્ય ટિળકની જન્મશતાબ્દી નિમિત્તે બહાર પડેલી ટિકિટના અનુસંધાનમાં તે દિવસે ભારત સરકારે પ્રકટ કરેલા સાદા 'ફર્સ્ટ-ડે કવર' પર લોકમાન્યનું સફેદ છાયાચિત્ર નિરૂપ્યું છે. એ દિવસ માટે યોજાએલી રદ્દીકરણની છાપ આ અંકના છેલ્લા પાને આપી છે.

અમેરિકાની ઘણી ટિકિટો તેની અભિનવ અને આકર્ષક આકૃતિઓ માટે જાણીતી છે, તેમાંની બે (શ્રી હિંમત સી. શાહના સૌજન્યથી) આ સાથે આપી છે. ડાબી બાજુની ટિકિટ પર કુદરતની એક અજબ રચના નિરૂપેલી છે. અમેરિકાના ન્યૂ હૅમ્પશાયર રાજ્યના એક સીધા ઊંચા ખડકના એક પડખા પર હવા અને વાતાવરણના અવસાદથી અદ્દલ એક વૃદ્ધ માનવીનો ચહેરો કંડારાઈ ગયો છે. આજથી દોઢસો વર્ષ પર એ પર્વત શોધાયો હતો તેના સ્મરણમાં બહાર પાડેલી આ ટિકિટ પર નીચેના ભાગમાં રાજ્યનું નામ તથા તેનો મુદ્રાલેખ 'Live Free or Die' આપેલાં છે. ¶ બીજી ટિકિટ, આ વર્ષે (જાન્યુઆરીમાં) આવી ગએલી, ત્યાંના વ્યવહારડાહ્યા ને વિવેકબૃહસ્પતિ ગણાતા મહાપુરુષ, મુદ્રક વિજ્ઞાની ને રાજનીતિજ્ઞ બેન્જામિન, ફ્રાંકલિનની ૨૫૦મી જયંતીના સ્મરણમાં બહાર પાડી છે, જેના ઉપર ફ્રાંકલિનની વિખ્યાત શોધ(આકાશી વીજળીને જમીન પર આણીને ઉપયોગમાં લઇ શકાય તે સૌપ્રથમ સ્થાપિત કરતી શોધ)નું સુંદર ચિત્ર છે. એમાં, ફ્રાંકલિને વરસાદી તોફાનમાં એક મોટો પતંગ ચડાવીને તેની રેશમી દોરીને છેડે લોખંડની ચાવી બાંધી હતી અને તેના દ્વારા વીજળીને જમીન પર ઇચ્છા પ્રમાણે લાવી શકાય એ અખતરો સિદ્ધ કર્યો હતો.

અનુસંધાન] **આપણી રાષ્ટ્ર-મુદ્રાનું સાચું સ્વરૂપ** [પૃ. ૩૨૨થી

ગ્રંથોમાં ગણાવેલાં મહાપુરુષનાં ૩૨ લક્ષણોના સૂચક છે. બુદ્ધ બત્રીસલક્ષણા અતિપુરુષ હતા ને એ બત્રીસ લક્ષણો દિઘનિકાય ને વિશુદ્ધિમગ્ગ ગ્રંથોમાં વર્ણવ્યાં છે. દાખલા તરીકે પગના તળિયામાં ચક્રનું ચિહ્ન, જે ભગવાન બુદ્ધના પગમાં હતું.

નીચેના ચક્રમાંના ૨૪ આરા તે બૌદ્ધ ધર્મે બોધેલાં ૨૪ સત્યોના સૂચક છે. એ ૨૪ સત્યો આ પ્રકારે છે: (૧)ભોગવિલાસનો અને (૨) દમનનો ત્યાગ; (૩ થી ૬) ચાર આર્ય સત્ય; (૭ થી ૧૪) આઠ અષ્ટાંગિક માર્ગ અને (૧૫ થી ૨૪) દસ શીલ.

આ મૂળ લેખના લેખક અને ભારતના જાણીતા ઇતિહાસવિદ્ ડૉ. રાધાકુમુદ મુખરજી (જેઓ આપણી પાર્લામેન્ટના સભ્ય પણ છે તેઓ) અંતમાં સૂચવે છે કે અશોકે પ્રવર્તાવેલા ભગવાન બુદ્ધના ધર્મચક્રના આદર્શને વફાદાર રહેવા માટે આપણે પણ આપણી રાષ્ટ્રમુદ્રામાં ફેરફાર કરીને ધર્મચક્રને તેના મૂળ તથા મહત્ત્વના સ્વરૂપે ને સ્થાને સિંહોના ખભા પર સ્થાપવું જોઇએ, જ્યાંથી તે પોતાનું ભવ્ય સ્વરૂપ વિલસી રહે.

આપણી રાષ્ટ્ર-મુદ્રાનું સાચું સ્વરૂપ



ચલણી નોટો, સરકારી ટિકિટો, દસ્તાવેજો, કાગળો વગેરે પર દેખાતું આપણું રાજ્યચિહ્ન સામાન્યરીતે જે 'અશોકચક્ર'ના નામથી ઓળખાય છે, એ ખયાલ હકીકતે ખોટો છે. સારનાથમાંથી મળી આવેલા સમ્રાટ અશોકના રચેલા સિંહસ્તંભ ઉપરથી તે લેવામાં આવેલું હોઈ તે 'અશોકચક્ર'ના ભળતા નામે ઓળખાય છે. પણ વસ્તુતઃ એ ચક્ર અશોકનું નહિ પણ ભગવાન બુદ્ધનું છે. એનું સાચું નામ 'ધર્મચક્ર' છે, અને ભગવાન બુદ્ધે સારનાથના મૃગવનમાં જે પહેલું પ્રવચન કર્યું તેમાં એમણે જ સ્વમુખે 'ધર્મચક્ર-પરિવર્તન'નો બોધકારી એ શબ્દ પહેલવહેલો વાપરેલો. ધર્મચક્રનું પરિવર્તન કરવાના બોધનો અર્થ એ હતો કે દેશમાં તલવારનું રાજ્ય નહિ પણ ધર્મનું–એટલેકે સત્ય ને કલ્યાણનું રાજ્ય સ્થાપો. અશોકે પછી એ 'ધર્મચક્ર' શબ્દને ભગવાન બુદ્ધના ઉપદેશના પ્રતીક રૂપે અપનાવ્યો, અને તેની આકૃતિ પોતે રચેલાં સર્વ સ્મારકોની ટોચે મુકાવી.[1]

તદનુસાર સારનાથના સ્તંભમાં પણ એ ધર્મચક્ર હતું. પણ આજની આપણી રાજ્યમુદ્રામાં છે તે તેનું સંપૂર્ણ ને સાચું રૂપ નથી. સારનાથના સ્તંભના મૂળ સ્વરૂપમાં તો, સ્તંભને મથાળે પરસ્પરને પોતાની પીઠ અડાડીને ઊભેલા ચાર સિંહોની વચ્ચે એક મોટું ચક્ર મૂકેલું હતું અને એ જ મુખ્ય 'ધર્મચક્ર' હતું. હજી આજે પણ એ ચાર સિંહોના મસ્તકોની વચ્ચેના ભાગમાં, એ ચક્રને ધરી રાખતો દંડ બેસાડવા માટેનું આઠ ઇંચના વ્યાસનું એક મોટું છિદ્ર મોજૂદ છે. ચાર સિંહોએ ધારણ કરી રાખેલું એ મૂળ ધર્મચક્ર કાળબળે ત્યાંથી તૂટી પડ્યું. એના ટુકડા સારનાથના મ્યૂઝિયમમાં રાખેલા છે તે પરથી એનું કદ કેટલું મોટું હશે તેનો ખયાલ આવી શકે છે.

ભારત સરકારે સ્વીકારેલી હાલની આપણી રાજ્યમુદ્રાની આકૃતિમાં એ ધર્મચક્ર અગ્રસ્થાને નથી બલકે ગૌણ અને ઊતરતા સુશોભનના સ્થાને છે. ચાર સિંહોની બેઠકના ફલક (abacus) પર ચોમેર કંદોરા રૂપે હાથી, બળદ, ઘોડો ને સિંહ એમ ચાર પ્રાણીઓની વચ્ચેવચ્ચે એ ચક્રની ચાર આકૃતિઓ સુશોભન રૂપે આવે છે, જ્યાં એ ચક્ર કરતાં તો પ્રાણીઓની આકૃતિ મોટી છે! એ ચાર પ્રાણીઓનો સંકેત પણ સમજવા જેવો છે. એ ભગવાન બુદ્ધના જીવનના ચાર મુખ્ય તબક્કાઓ–ગર્ભાધાન, જન્મ, અભિનિષ્ક્રમણ અને બોધપ્રાપ્તિ–ના પ્રતીક રૂપે ત્યાં આલેખ્યા છે.[2]

આમ, આપણી રાષ્ટ્ર-મુદ્રામાંનું ધર્મચક્ર એ તેના મૂળ ને મહત્ત્વના સ્વરૂપ તથા સ્થાને આજે નથી. એ હશે ત્યારે કેવું હશે તેનો ખયાલ આ સામે આપેલા તેમજ એવાં જ બીજાં સ્તંભશિખરોનાં ચિત્રો પરથી આવી શકે છે. ઈ. પૂર્વેની બીજી સદીના સાંચીના સ્તૂપમાં પણ એની આકૃતિ મળે છે જે નીચેના ચિત્રમાં વચ્ચે આપી છે. પછી તો એ કલાપ્રણાલી દક્ષિણ તરફ પણ આગળ પ્રસરી અને નાગાર્જુનકોંડા તથા અમરાવતીના શિલ્પાવશેષોમાં પણ આજે તે મળી આવે છે (જુઓ બીજાં બે ચિત્રો). પાછળથી એ ધર્મચક્ર સિંહને બદલે હાથીઓના ખભા ઉપર ટેકવેલું મળી આવે છે. કલાવિવેચકો આ ફેરફારને વધારે સાર્થ ગણે છે, કારણ કે સિંહ કરતાં હાથી ભારતીય સંસ્કૃતિને વધુ નિકટનો ને વધુ ગૌરવશાળી છે.







બીજી એક હકીકત નોંધવા જેવી છે કે અશોક-સ્તંભના શિખર ઉપર સિંહ વડે ધારણ કરાએલા મુખ્ય ધર્મચક્રને ૩૨ આરા હતા, જેની પ્રતીતિ સારનાથમ્યૂઝિયમમાંના તેના ભગ્નાવશેષો પરથી થાય છે.(સાથેનું ચિત્ર એ રીતે દોષિત છે.) ૨૪ આરા તો નીચેના ફલકમાંના નાના ચક્રમાં છે (જે આપણા રાષ્ટ્રધ્વજમાંના ચક્રમાં પણ ઉતારાયા છે). ધર્મચક્રના ૩૨ આરા તે બૌદ્ધ ધર્મના (અનુસંધાન સામેના પાના નીચે)

---

(૧) 'ધર્મો રક્ષતિ રક્ષિત:'–અર્થાત્ ધર્મનું તમે રક્ષણ કરો, ને ધર્મ તમારું રક્ષણ કરશે, એવા ધર્મનો સૂક્ષ્મ ભાવ સ્ફુટ કરવાને ચક્રનું રૂપક યોજવામાં આવ્યું છે. ધર્મચક્ર એટલે ગોળ ગતિમાન ચક્રની જેમ સદા ગતિમાન રહેતો ધર્મ. (૨) એ પ્રાણીઓનો બીજો સંકેત એ છે કે એ ચાર પશુઓ ચાર દિશાનાં રક્ષક મનાય છે,–ગજ પૂર્વનો, અશ્વ દક્ષિણનો, વૃષભ પશ્ચિમનો ને સિંહ ઉત્તરનો. ચાર દિશાએ ચાર ગતિમાન પશુઓ ને એકએકને આંતરે ચક્રની આકૃતિ એમ સૂચવે છે કે ભગવાન બુદ્ધે પ્રવર્તાવેલું ધર્મચક્ર ચારે દિશામાં સતત ગતિમાન રહે.

કલાવાર્તા

સ્વ. ભાઈ ઈશ્વરલાલ ગજ્જર

વ્યાપારવાણિજ્ય અને શાહસોદાગરોની ભૂમિ તરીકે પકાએલા ગુજરાતના કલા અને સંસ્કારના ક્ષેત્રમાં પણ કદી ઓટ રહી નથી. એમાં પણ ગણનાપાત્ર વ્યક્તિઓ પાકતી આવી છે. ભવિષ્યમાં એવા ગણનાપાત્ર શિલ્પકાર થવાની આશા આપતા કુસુમિત કલાકાર શ્રી ઈશ્વરલાલ ગજ્જરનું ગયા જૂન માસની ૧૯મીએ ભરજુવાનીમાં, ને તે યે પાછું કમનસીબ સપંદશથી, મૃત્યુ થતાં ગુજરાતે એક વધારે રત્ન ગુમાવ્યું. કાષ્ઠ-શિલ્પમાંની એમની કુશળતા તો ભારતભરમાં પ્રતિષ્ઠા પામી હતી.

સૂરત જિલ્લાના કઠોર પરગણાના ઘોરણપારડી નામે ગામડામાં એક ગરીબ પણ સંસ્કારી ને કારીગર પિતા શ્રી બાલુભાઇ ગજ્જરને ત્યાં ઈ. ૧૯૨૮માં એ જન્મેલા. ગળથૂથીમાં જ માબાપના સુસંસ્કારોની સાથે એમને પરંપરાગત સુથારી કલાકસબની પણ બક્ષિશ મળી. કઠોરની ગળિયારા હાઇસ્કૂલમાં તેમના સંસ્કારો ને પછી વડોદરા યુનિવર્સિટીના કલાભવનમાં એમનાં કલાકસબ પાંગરી ઊઠ્યાં.

વડોદરામાં ફૅકલ્ટી ઑાવ ફાઈનઆર્ટ્સ ચાલુ થતાં એની ફાઈન આર્ટ્સ કૉલેજમાં પહેલવહેલા દાખલ થનાર વિદ્યાર્થીઓ પૈકીના એક હોવાની સાથોસાથ એ ફૅકલ્ટીનું કલેવર ઘડનારી વ્યક્તિઓમાં પણ ઈશુભાઇનો ઉલ્લેખ થતો, એટલી ઉજ્જ્વલ એમની કારકિર્દી હતી. અખૂટ જાતમહેનત, અડગ નિશ્ચય, સતત ખંત, ઉચ્ચ અભિલાષા, નિર્મળ પ્રેમ ને અજોડ



સર્જકતા વડે એમણે ઉચ્ચ કોટિના શિલ્પીની શક્તિ દાખવીને પોતાની સાથે પોતાની કૉલેજને પણ ખ્યાતિ અપાવી. ઈ. ૧૯૫૪માં તેઓ કલા ફૅકલ્ટીની છેલ્લી પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થતાં કલાની બી.એ.ની ઉપાધિ સાથે કૉલેજની ફેલોશિપ પણ એમને મળી. પછી કલાના એમ.એ.નો અભ્યાસ ચાલુ કર્યો. યોગાનુયોગ ભારત સરકારના શિક્ષણ-ખાતાની રૂ. ૨૫૦ની ઉચ્ચ શિષ્યવૃત્તિ મેળવવાનું સદ્ભાગ્ય પણ સાંપડ્યું. ફેલોશિપ ઉપરાંત આ શિષ્યવૃત્તિ મળતાં તેમની ગરીબાઈ થોડી હળવી બની. તદ્દન નબળી આર્થિક સ્થિતિને લીધે એમને ઘણી વાર તો એક ટંક જ જમીને ચલાવી લેવું પડતું અને બીજી પણ અનેક સાંસારિક મુસીબતો હતી. છતાં જ્યારે જોઇએ ત્યારે એમનો ચહેરો સદા પ્રફુલ્લિત જ રહેતો અને ગંભીર વાતાવરણ પણ એમની હાજરી થતાં જ પ્રસન્ન ને આનંદિત બની જતું.

અંગત મુશ્કેલી ગમે તેવી હોવા છતાં કોઇને તેની જાણ થવા દેતા નહિ. દિલ પણ એટલું જ દરિયાવ. કોઈ કંઈ બૂરું કરે, ગાળ દે કે



કૂકડાનું દ્વંદ્વ (સીમેન્ટમાં શિલ્પ)

મારવા તૈયાર થાય તો પણ પ્રેમથી જ વર્તતા. પોતાનું નામ 'ઈશ્વર', પણ 'ઈશુ' એમને ખૂબ ગમતું અને એ નામ સાર્થક પણ કરેલું.

અભ્યાસક્રમ સિવાયની કૉલેજની ઇતર પ્રવૃત્તિ-આનંદવિનોદ, પ્રવાસો, નાટકો વગેરેમાં પણ એમનો હિસ્સો અગ્ર રહેતો. સ્વભાવે ખૂબ હસમુખા ને આનંદી હતા ને કૉલેજની કૅન્ટિનમાંથી ક્યારેક મુક્ત કંઠે ગાઈ ઊઠતા ત્યારે બહારનું વાતાવરણ પણ ગાજી ઊઠતું.

માટી, પ્લાસ્ટર, પથ્થર, ધાતુ, સીમેન્ટ ને કાષ્ઠ એ બધા જ પદાર્થોમાં ઈશુભાઈ સહજતાથી શિલ્પકામ કરતા, પણ તેમની કલાફાવટ કાષ્ઠશિલ્પમાં તો ટોચે ચડી જતી. મુંબાઈ, હૈદરાબાદ, દિલ્હી, જ્યાંજ્યાં એમનાં શિલ્પ પ્રદર્શિત થયાં ત્યાંત્યાં એમને પારિતોષિકો ને પ્રશંસાપત્રો મળ્યાં હતાં. ઈ. ૧૯૫૪માં લલિત-



'ટૉર્સો' (ધડ): પથ્થરમાં શિલ્પ

કલા અકાદમીએ યોજેલા આધુનિક ભારતીય કલાના પ્રથમ પ્રદર્શનમાં 'મત્સ્યગંધા' નામક એમની કાષ્ઠપ્રતિમા માટે તેમને રૂ. ૫૦૦નું બીજું પારિતોષિક મળેલું. વડોદરામાં ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસ ભરાઈ તે વખતે કૉલેજમાં યોજાએલા કલાપ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલી એમની એક કૃતિ જાણીતા વૈજ્ઞાનિક ડૉ. હોમી ભાભાએ ખરીદ કરેલી.

ભારતના શિક્ષણખાતાએ 'નૅશનલ આર્ટ ગૅલરી' (રાષ્ટ્રીય કલાસંગ્રહ) માટે પણ એમની કૃતિઓની પૃચ્છા કરી છે તે પરથી એમની કલાવિશિષ્ટતાની પ્રતીતિ થશે.

કલાનાં સામયિકો

જૂન અંકમાં નિર્દેશેલાં કલાનાં સામયિકોમાં આજના આપણા અત્યંત સુપ્રતિષ્ઠિત ને સમૃદ્ધ કલાપત્ર 'માર્ગ'નો ઉલ્લેખ ન હોવા બાબત એક મિત્રે ધ્યાન ખેંચ્યું છે. એ અમારા ખયાલની બહાર ન હતું, પણ તેની થોડી વાનગીઓ સાથે જ તેનો પરિચય આપવાનો ઇરાદો હતો. જાણીતા વિદ્વાન મુલ્કરાજ આનંદના તંત્રીપણા નીચે ચાલતું એ ત્રૈમાસિક મૂળ તો Modern Architectural Research group નામના કલારસિક મંડળના મુખપત્ર તરીકે (એ મંડળના ચાર શબ્દોના પ્રથમાક્ષરોથી બનેલા MARG નામથી) શરૂ થએલું. એના ખર્ચાળ પ્રકાશનનો બોજો હાલ તાતાની પેઢી ઉઠાવે છે. એનો વિગતે પરિચય કોઈ વાર.




મધુકરી

છે પ્હાડ ઊંચો, ખડકો કઠોર,
હૂંફો ઝઝૂમી, પગથી ય ઝાંખી,
ને ખીણ ઊંડી: પણ વીર યાત્રી!
ડગે થતું છે વીર ને ચકોર;
આંતર્દૃષ્ટિ કરી નીરખ; ત્યાં જો! હસે આત્મશ્રદ્ધા!
(ઉત્તરાયન) —દેશળજી પરમાર

અગ્રણી અને સંસ્કારપ્રેમી શરાફ સ્વ. શેઠ પ્રાણલાલ દેવકરણ નાનજી

'દેના બૅંક', દેના વીમા કંપની' વગેરે નામોથી ભાગ્યે જ કોઇ ગુજરાતી નાગરિક અપરિચિત હોય. ભારતમાં પણ ગણનાપાત્ર બનેલી આ અર્થસંસ્થાઓની સ્થાપના પ્રમાણમાં બહુ તાજેતરની હોવા છતાં એના સ્થાપકની કુશાગ્રબુદ્ધિ કુનેહભરી વ્યવસ્થાશક્તિ અને અદ્દલ પ્રામાણિકતાને કારણે 'દેના' પ્રવૃત્તિઓએ તે તે ક્ષેત્રની પીઠ સંસ્થાઓમાં પોતાનું સ્થાન જમાવી લીધું છે. એનો સમગ્ર યશ જેમને જાય છે તે એ પેઢીઓના પ્રણેતા અને દેશના અર્થક્ષેત્રના એક અગ્રયાયી શ્રી પ્રાણલાલ દેવકરણ નાનજીનું ગયા માસની ૨૫મી તારીખે અવસાન થતાં ગુજરાતે જ નહિ–બલ્કે ભારત આખાએ આગેવાન ઉદ્યોગપતિ, કુશાગ્ર બુદ્ધિના વ્યાપારી અને અનુભવી બૅંકર ગુમાવ્યા છે; તેમજ સાહિત્ય અને લલિત કલાઓને ક્ષેત્રે એક સહૃદયી સંસ્કારપ્રેમીની ખોટ પડી છે. ગુજરાતને તો આ ખોટ ચિરકાળ સાલશે, કારણકે દેના સંસ્થાઓ દ્વારા દેશખ્યાત બનનારા ગુજરાતના સપૂત આ અર્થવીરે જેમ પોતાની કારકિર્દી દ્વારા ગુજરાતના નામને યે ઊજળું કર્યું છે, તેમ જ દેશના અર્થકારણમાં ગુજરાતને એક નિશ્ચિત સ્થાન અપાવ્યું છે; તે ઉપરાંત સાહિત્ય, સંસ્કાર, નાટ્યપ્રવૃત્તિ અને લલિત કલાઓને ક્ષેત્રે પણ પ્રત્યક્ષ રસ બતાવી અર્થસહાયો દ્વારા તેમણે ગુજરાતને ઘણી વાર પ્રોત્સાહક પુનરુજ્જીવન બક્ષ્યું છે.

જેમના પ્રથમ નામાક્ષરોથી અભિધાન પામીને ઉપર્યુક્ત 'દેના' પ્રવૃત્તિઓ આજે ધમધમી રહી છે તે, એક સાદા પણ નીતિનિષ્ઠ ને કુશળ વ્યાપારી પિતા દેવકરણ નાનજીને ત્યાં ઇ. ૧૮૯૪ની ૧૧મી જૂને મુંબાઇમાં તેમનો જન્મ થયો હતો. દેવકરણ શેઠ વ્યાપાર ઉપરાંત સંસ્કૃત ભાષાના વિદ્વાન તથા ધર્મશાસ્ત્રના વાચનમાં ઊંડો રસ ધરાવતા હોઈ તેમણે પુત્રની બાલ્યાવસ્થાથી જ તેમને વ્યવહાર-કૌશલના પ્રત્યક્ષ પાઠ આપવા ઉપરાંત ધર્મ, ભાષા અને સાહિત્ય પ્રત્યે પણ અનુરાગ પ્રકટાવ્યો હતો, જે તેમના જીવન સાથે ઉત્તરોત્તર ખીલતો જ



ચાલ્યો. સંસ્કૃત ભાષાનો પરિચય તો છેક નાનપણમાં પિતા પાસેથી શ્લોકો શીખતાં શીખતાં તેમણે મેળવેલો. આઠ-નવ વર્ષની વયે તેઓ એસ્પ્લેનેડ હાઇસ્કૂલમાં દાખલ થયા અને ત્યાંથી ૧૬ વર્ષની ઉમરે મૅટ્રિક પસાર કરીને તેમણે સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ઇન્ટરઆર્ટ્સ સુધી અભ્યાસ કર્યો, અને પછી શાળા તથા કૉલેજ બંનેની ઉજ્જ્વલ કારકિર્દી અટકાવીને ૧૮ વર્ષની ઉમરે તો તેઓ પિતાની વેપારની પેઢીમાં જોડાઈ ગયા. તેમની પહેલાં બે વર્ષે તેમના વડીલ ભાઈ શ્રી ચુનીલાલ બી.એ. સુધીનો અભ્યાસ કરીને પિતાની પેઢીમાં જોડાએલા. પિતાની છત્રછાયા નીચે આ બંધુબેલડી પરસ્પરના સહકારની ઓથે વ્યાપારી આલમનો અનુભવ લઈ રહી હતી ત્યાં જ ઇ. ૧૯૨૨માં પિતા શ્રી

આપણાં જંતુઓ-૮: આગિયો





ઉપર: આગિયો; બાજુએ: તેનું પેટાળ તથા પ્રકાશ.

ખાસ રૂપ કે રંગથી નહિ પણ માત્ર જેની નિરુપમ પ્રભા પર જ મુગ્ધ થઇને કવિઓએ અનેક કલ્પનાઓથી બિરદાવ્યો છે તે, રાતે ચળકચળક થતા આગિયાને સગી આંખે જોવાનો લહાવો બહુ જ ઓછાંને સાંપડયો હશે.

Beetlesના Malacodermata Groupના આ જંતુવિશેષનું અંગ્રેજી નામ Lampyris Noctiluca (Night-shining Fire-lamp) કે Glow-worm છે. ચોમાસામાં પ્રાયઃ સર્વત્ર, પણ આડે દિવસે માત્ર લીલીછમ વનરાજિ ધરાવતા ભેજવાળા પ્રદેશમાં તે જોવા મળે છે. દિનભર સૂકાં કે સડતાં પાંદડાં, ઘાસ કે મૂળિયાં ઓથે ભરાઇ રહેવું ને રાત પડયે મુક્ત ક્રીડનની મોજ માણવી, એ વિના કશું જ એને આવડતું નથી.

નાનો આગિયો કદમાં ઘઉંના દાણા જેવડો ને મોટો તો ખાસ્સો એક ઇંચનો! શરીર ચપટું, ને ઘેરા ચળકતા બદામી કે આછા નારંગી રંગનું. માથું ને ધડ ચોખ્ખાં જુદાં તરી આવે. નરને પાંખો બે જોડ: આગલી જડ, સૂકી, શીંગડા જેવી કઠણ ને બરડ જોડ છે તે પાછલી ઊડવાની નાજુક ને મુલાયમ જોડના ઢાંકણ તરીકે જ વપરાય છે. માદાને પાંખબાંખ કંઇ જ ન મળે. તે અંત લગી કીડાસ્વરૂપે જ જીવે છે. કદમાં નર કરતાં સહેજ મોટી.

આગિયાની પૂંછડીના અન્ત્ય ખંડની નીચેનાં બે ભીંગડાંમાંથી લીલો (કે પીળો) પ્રકાશ ફૂટે છે. માદાને વધારામાં ઉપાન્ત્ય બે ખંડો નીચે વિશેષ પ્રકાશ હોય છે તેથી જલદી નજરે ચડે. બીજા હેતુઓ માટે વપરાતા લીલા પ્રકાશની માફક આ પ્રકાશ પણ વિજાતીયને દેવાતા નિમંત્રણનો સૂચક છે. સંવનન વેળા તે ટોચે હોય છે, સંભોગ વેળા નહિ જેવો જ. ક્લેશ થતાં પણ તે ઘટે છે. માદા ફાવે ત્યારે ઈંડાં મૂકે છે. તે ફૂટતાં તેમાંથી કીડા નીકળે છે, જે પાછા કોશેટા રચે છે. કોશેટામાંથી પછી વિકસિત અવયવો ધરાવતા આગિયા થાય છે.

(શ્રી 'વનેચર'ના લેખ પરથી તારવીને)

દેવકરણ નાનજીનું અવસાન થતાં સૌથી નાના ભાઈ મનુભાઇને પણ પ્રીવિયસમાંથી અભ્યાસ અટકાવી પિતાની પેઢીમાં જોડાવું પડ્યું; પરંતુ કમનસીબે ઇ. ૧૯૩૬ના જાન્યુઆરી માસમાં એ અતિકુશળ નાના ભાઈનું યે અવસાન થયું.

આ પહેલાં ઈ. ૧૯૧૧માં જામનગરનિવાસી સ્વ. શેઠશ્રી ગોવિંદજી ઝવેરચંદનાં પુત્રી જયાવતીબહેન સાથે તેમનાં લગ્ન થએલાં. ઈ. ૧૮૭૯-માં સ્થપાએલી પિતાની દેવકરણ નાનજીની પેઢીના વડા ભાગીદાર તરીકેની જવાબદારી વહન કરવાની સાથે તેમની વ્યાપારવિષયક કારકિર્દી પણ ઉત્તરોત્તર વિકસતી ચાલી, જેણે માત્ર ગુજરાતના જ નહિ પરંતુ દેશસમસ્તના આગેવાન ઉદ્યોગપતિ અને વ્યાપારવીર તરીકે તેમનું નામ પ્રખ્યાત કર્યું: એમની સુપ્રસિદ્ધ દેના બૅંકની શરૂઆત ઈ. ૧૯૩૭માં થઇ. યુદ્ધ પહેલાં બૅંકની શરૂઆત કરનાર તેઓ પહેલા જ વ્યાપારી હતા. દેવકરણ નાનજી બૅંકિંગ કંપની લિમિટેડ, દેવકરણ નાનજી ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડ, દેવકરણ નાનજી ઇન્વેસ્ટમેન્ટ કંપની લિમિટેડ, દેના સન્સ લિમિટેડ વગેરે પિતાને નામે પ્રખ્યાત કરવામાં આવેલી અર્થક્ષેત્રે અગ્રણી સંસ્થાઓના ચૅરમૅન હોવા ઉપરાંત, તેઓ ૧૯૪૪થી '૪૮ સુધી બૉમ્બે શ્રોફ એસોસીએશન લિમિટેડના અને હિંદી વેપારીમંડળના બે વાર (૧૯૪૪ ને '૫૫માં) પ્રમુખ થયા હતા જેમાં પહેલી વાર તેમણે વ્યાપારી સમાજના વાજબી અને ન્યાયી હકોનું રક્ષણ કર્યું હતું, મુંબાઈની ગોદીમાં ૧૯૪૪ની ૧૪મી એપ્રિલે ધડાકો થતાં વાઈસરૉય લૉર્ડ વૅવેલ સાથે મુલાકાત લઈ મુંબાઇના નાગરિકો અને વ્યાપારીઓએ સહન કરેલી ખોટના બદલારૂપ સરકાર પાસેથી કરોડો રૂપિયા વ્યાપારી સમાજને તેમણે અપાવ્યા હતા, ફલતઃ ૧૯૪૬ની સાલથી તેઓ એ મંડળના ટ્રસ્ટી અને તેની કારોબારીની તથા કેટલી યે પેટાસમિતિઓના સભ્ય હતા; આ ઉપરાંત મિલો, શિપિંગ કંપનીઓ, ખાંડનાં કારખાનાં, મોટર કંપનીઓ, ખાણો અને બીજી મળી વીસેક જેટલી કંપનીઓના તેઓ ડિરેક્ટરપદે પણ હતા, પરંતુ ૧૯૪૮માં વડીલ ભાઈ ચુનીલાલના અવસાન બાદ તે બધાં જ પદો પરથી તેમણે રાજીનામાં આપ્યાં હતાં; ઇ. ૧૯૪૯થી '૫૫ સુધી 'ઇન્ડિયન બૅંક્સ એસોસીએશન'ના ચૅરમૅન; ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ બૅંક્સ'ના ફેલો અને ૧૯૪૯થી '૫૬ સુધી તેની કાઉન્સિલના સભ્ય; ૧૯૫૨થી '૫૫ સુધી 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચૅમ્બર ઑવ કૉમર્સ ઑવ ઇન્ડસ્ટ્રીઝ'ની મૅનેજિંગ કમિટીના સભ્ય; ૧૯૫૨થી '૫૬ સુધી નવી દિલ્હીના 'ઇન્ડિયન નૅશનલ કમિટી ઑવ ધી ઇન્ટરનૅશનલ ચૅમ્બર ઑવ કૉમર્સ'ના સભ્ય; ૧૯૫૩માં સૌરાષ્ટ્ર નાણાંસંસ્થાની સ્થાપના થઈ ત્યારથી ૧૯૫૬ સુધી તેઓ તેના પ્રમુખ હતા. મુંબાઈ સરકારે બહુમુખી વેચાણવેરો નાખ્યો ત્યારે વ્યાપારી સમાજનાં હિતો તરફ મુંબાઈ સરકારનું લક્ષ્ય દોરવા માટે અનેક પ્રધાનોને મળી તે બાબત મસલતો કરીને તેમણે વ્યાપારી સમાજનો સરકાર સમક્ષ સબળ કેસ રજૂ કર્યો હતો; શેરબજારનાં ધારાધોરણ માટે ભારત સરકારને સલાહ આપવા રચાએલી નિષ્ણાત સમિતિના તેઓ સભ્ય ને લીવરપુલ કૉટન એસોસીએશનના સભ્ય ઉપરાંત બૉમ્બે બુલિયન એક્સચેંજના ડિરેક્ટર હતા, ને મુંબાઈ યુનિવર્સિટીના ૧૯૫૩થી '૫૬ સુધી ફેલો હતા.

દેશહિત સદા યે તેમને અંતરે વસેલું રહેતું. પોતાની જીવનકારકિર્દી સાથે તેમણે દેશનું યે અર્થક્ષેત્રે હતું એ કરતાં અનેકગણું ગૌરવ વધાર્યું. ઉપરાંત દેશના નવઘડતરમાં પણ તેમણે પોતાની સેવાઓનો ફાળો આપ્યો છે. ઈ. ૧૯૪૪માં કસ્તૂરબા ગાંધી સ્મારક નિધિની મુંબાઈ-સમિતિના તેઓ અધ્યક્ષ અને બંગાળ દુષ્કાળ રાહતનિધિના માનદ ખજાનચી હતા. ઈ. ૧૯૫૩માં સ્થપાએલી સ્વદેશી લીગના ૧૯૫૬ સુધી તેઓ પ્રમુખ હતા. ધર્મ, સાહિત્ય, નાટ્ય, સંગીત, કળા, કેળવણી આદિ અનેકવિધ વિષયોના તેઓ ચાહક અને અભ્યાસી હતા. તેમનું મગજ એ ધર્મવિચારોનો તો જાણે ભંડાર હતું. તેમાંથી તેઓ અનેક શ્લોકો અને તાત્ત્વિક અવતરણો લખાવતા. ભજનો ને જૂનાં નાટકોનાં ગીતોનો તેમને અનુરાગ હતો અને તેની ટેપ રેકૉર્ડ ઉતરાવી લેતા. તેમની સવિશેષ રુચિ નાટકો ઉપર હતી. ગુજરાતી નાટ્યમંડળ અને નાટ્યપ્રવૃત્તિના ઇતિહાસલેખનથી માંડીને બીજી અનેક પ્રવૃત્તિઓમાં તેઓ પ્રાણ પૂરનારા હતા. ગુજરાતી નાટ્યમંડળની ૧૯૫૩માં સ્થાપના થઈ ત્યારથી ૧૯૫૬ સુધી તેઓ તેના અધ્યક્ષપદે હતા. વિધવિધ સાહિત્યપ્રકારોથી સમૃદ્ધ તેમનું પુસ્તકાલય ઘણું વિશાળ છે, અને એમનો ચિત્રસંગ્રહ વૈવિધ્યસભર છે.

તેમનો દેહ છેલ્લા એકાદ વર્ષથી રોગમાં ઘેરાવા લાગ્યો હતો, અને તેમણે ધંધાદારી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લેવા માંડી હતી. છેલ્લા બે માસમાં તેમની તબિયતે વધુ પ્રમાણમાં ઊથલો માર્યો હતો. આ દિવસો દરમ્યાન તેમનું ઈશ્વરચિંતન પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું. ૨૪મી જુલાઇની રાતે તેમણે પોતાના અંગત માણસ પાસે પત્રમાં લખાવ્યું: 'અંતકાળે માણસનો સ્વભાવ ઘણી વાર બદલાઈ જાય છે. ઉગ્ર સ્વભાવ શાંત પડી જાય અને શાંત સ્વભાવનો માણસ ઉગ્ર પણ થઇ જાય. મારા સ્વભાવમાં આવું કોઇ પરિવર્તન થયું હોય તો હું સૌની માફી માગી લઉં છું.' દેના સંસ્થાઓ તરફથી તૈયાર કરવામાં આવેલો તેમને માટેનો અભિનંદન-ગ્રંથ તેમને જ્યારે અર્પણ કરવામાં આવ્યો ત્યારે તેમણે પૂર્ણ સ્વસ્થતાથી તેનો સ્વીકાર કર્યો, આભારના શબ્દો ઉચ્ચાર્યા અને સૌને પ્રણામ કર્યા. આ ગ્રંથનું પ્રકાશન તા. ૨૫મી જુલાઈના બપોરના સાડા ત્રણના સુમારે કરવામા આવ્યું. તે પછી ચાર કલાકે દર્દનો ગંભીર ઊથલો ધૈર્ય ને સ્વસ્થાપૂર્ણ ચિત્તે સહન કરતાં કરતાં તેમણે મુંબાઈના પોતાના નિવાસસ્થાને દેહ છોડયો. તેમના અભિનંદન-ગ્રંથનું પ્રકાશન એ જાણે તેમની જીવનપૂર્તિનો અજબ આકસ્મિક યોગ બની રહ્યો.

ચ (અનુસંધાન સામેના પૃષ્ઠ પરથી ચાલુ) વર્ષગાંઠ આવી ને ગઈ, પણ એ તો એવા ને એવા સ્થિર, સ્થિત ને અફર જ રહ્યા હતા. એક રાષ્ટ્રીય સંસ્થા જેવા એ દીપતા. એમણે સરકાર તરફની 'લૉર્ડ'ની પદવી સ્વીકારવાની પણ ના પાડેલી, કારણ કે એ પોતાને હાઉસ ઑવ લૉર્ડ્ઝના મુકુટમંડિત અને રંગીન તથા સોનેરી પટ્ટીઓવાળા પોશાકમાં કલ્પી જ શકતા નહિ! વળી એમણે જેને માટે લોકો ઝંખે છે એવી 'ઓ. એમ.'(ઑર્ડર ઑવ મેરિટ)ની પદવીનો પણ અસ્વીકાર કરેલો, અને તે વખતે એમણે પોતાની લાક્ષણિકરીતે કહેલું કે 'એ પદવી તો મેં ક્યારની યે મારી જાતને આપી દીધી છે!'

એમની સો વર્ષની વય પૂરી થવામાં માત્ર છ વર્ષ જ ખૂટતાં હતાં એવામાં ૧૯૫૦માં એમના હર્ટફર્ડશાયરના રહેઠાણના બાગમાં એ લપસી જઈ પડી ગયા, જે ઈજાથી એમને મૃત્યુ વહેલું આવ્યું. છતાં જ્યારે એમને સ્ટ્રેચરમાં ઑસ્પિટલ લઈ જતા હતા ત્યારે પણ એમની આંખમાં એ જ ચિરપરિચિત ટીખળનો ચમકારો હતો!

એમને મોત પણ સ્વેચ્છિત મળ્યું: હર્ટફર્ડશાયરના 'આયૉટ સેન્ટ લૉરેન્સ' ગામડામાંના 'ન્યૂ રેક્ટરી' નામના મકાનમાં, જેને એમણે 'શૉઝ કૉર્નર' એવું નામ ૪૪ વર્ષ પહેલાં ત્યાં વસવા ગયા ત્યારે આપેલું. એ મકાન તેઓ 'રાષ્ટ્રીય ટ્રસ્ટ'ને ભેટ આપતા ગયા છે. જે કોઈ આજે એ મકાન જોવા જાય છે તેને અચરજ થાય છે કે શૉના જેવી પ્રણાલિકાભંજક પ્રતિભા આવા અકલ્પ્ય રૂઢ મકાનમાં કેમ રહી હશે! પરંતુ શૉએ પણ કદી લોકોની ધારણા પ્રમાણે ક્યાં કશું કર્યું છે? ચ.

(ઍન્થની ક્રૅાસ્બી-હિલની નોંધને આધારે)

વાંચેલું·વીણેલું·વિચારેલું·સાંભળેલું·જાણેલું
મળેલું·મેળવેલું·સાંપડેલું·સૂઝેલું

આજથી સો વર્ષ પહેલાં, ઈ.સ. ૧૮૫૬ની ૨૬મી જુલાઈએ બર્નાર્ડ શૉનો જન્મ થયો હતો. ગયા માસમાં જો એ જીવતા હોત તો એમણે પોતાની જન્મશતાબ્દીનો મહોત્સવ માણ્યો હોત, અને એની પણ પોતાની આગવી રીતે ઠેકડી ઉડાવી હોત. એ મહોત્સવના નાયક તરીકે આપણે એમને કલ્પીએ તો એ જણાય, પોતાને મળતાં અભિનંદનોના ઉત્તરો પોતાના 'શૅવીઆનિઝમ'ના અખૂટ ભાથામાંથી સોંસરાં નીકળી જતાં તીર-વચનોથી વાળતા, પોતાની ચમકીલી ધારદાર આંખોનાં કટાક્ષભર્યાં મટકાં મારતા, શુભેચ્છાઓના હારતોરા સ્વીકારતા, કદાચ 'શૉ-સ્મારક નાટ્યગૃહ'નો પાયો નાખતા—અને તે પણ એવાં વાગ્બાણ સાથે જ કે "શેક્સપીઅરને એની સ્મૃતિ તાજી રાખવા માટે ભલે સ્ટ્રૅટફર્ડમાં 'મેમોરીઅલ થીએટર'ની જરૂર પડી, પણ મારે માટે તેની જરૂર નથી. શૉને તે વળી કોણ ભૂલવાનું હતું!"

શૉનું લેખકજીવન, એમની ૨૨ વર્ષની વયે ઈ. ૧૮૭૮માં એમણે 'ઈમ્મૅચ્યૉરિટી' નામની નવલકથા લખી ત્યારથી તે ૧૯૪૯માં 'બૉયન્ટ બ્રિટન્સ' નામનું નાટક ભજવાયું ત્યાં સુધી ચાલ્યું ગણાય,—એટલે લગભગ પોણી સદી જેટલું. છેલ્લાં સાઠ વર્ષથી શૉને આપણે મુખ્યત્વે એક પ્રખર ને પ્રકાંડ નાટ્યકારતરીકે ઓળખતા આવ્યા છીએ. બ્રિટિશ રંગભૂમિના બે જ નાટ્યકારો : એક શેક્સપીઅર અને બીજા શૉ. છતાં એમણે લેખનની શરૂઆત નવલકથાકાર થવા ઇચ્છતા લેખક તરીકે કરેલી. ૧૮૭૯થી ૧૮૮૩ સુધીમાં એમણે જે પાંચ નવલકથાઓ લખી તે બધી ये પ્રકાશકોએ પાછી વાળેલી; અને આખરે ઈ. ૧૯૩૦માં એમની સૌથી પ્રથમ લખાએલી નવલકથા 'ઈમ્મૅચ્યૉરિટી' છપાઈ તે પણ માત્ર એક 'સંગ્રહસ્થાનની વસ્તુ' (મ્યૂઝિયમ-પીસ) તરીકે જ.

પણ લેખક તરીકે તો એ ૧૮૮૮માં લંડનના 'સ્ટાર' પત્રના સંગીતના વિવેચક તરીકે નિમાયા ત્યારના ઝળકી ઊઠ્યા હતા. ત્યારથી લંડનના જાણીતા લેખકોમાં એમની ગણના થવા લાગી.

સુભાગ્યે એમનાં એ 'અઠવાડિક વિવેચનો' પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં છે અને તે પરથી પ્રતીતિ થાય છે કે, એ લાલ દાઢીવાળા, પાતળા, ઊંચા, ને અંગારાના ટાંડા જેવા લેખકે આ અઠવાડિયે શું વિવેચન લખ્યું છે તેની ભયમિશ્રિત ઉત્સુકતાથી રાહ જોતું લંડન કેમ બેઠું રહેતું.

ઈ. સ. ૧૮૯૨મા એ અઠવાડિયે પાંચ પૌંડના પગારે 'વર્લ્ડ' પત્રના સંગીતવિવેચક નિમાયા. આ જ અરસામાં એમનું 'ધ વિડોઅર્સ હાઉસિઝ' નામનું પહેલું નાટક બહાર પડ્યું; અને નાટ્ય વિવેચકોએ એની બરાબરની ધૂળ ખંખેરી નાખી! પણ એ પછી એમને સફળતા ઉપર સફળતા મળવા લાગી: ઈ. ૧૮૯૪માં 'આર્મ્સ ઍન્ડ ધ મૅન', '૯૫માં 'કૅન્ડિડા', '૯૬માં 'યુ નેવર કૅન ટેલ', '૯૭માં 'ધ ડેવિલ્સ ડિસિપલ' તથા 'મૅન ઑવ ડેસ્ટિની' અને ૧૮૯૯માં 'સીઝર અને ક્લિયોપાટ્રા'. આમ સળંગ હારમાળારૂપે બહાર પડેલી એમની નાટકોની માળા ખૂબ વખણાઈ, લોકપ્રિય થઈ અને એમની કીર્તિદા બની. આ દરમ્યાન એ લગ્ન પણ કરી ચૂક્યા હતા અને ચિરંજીવ લેખકોમાંના અગ્રણી તરીકે ગણાવા લાગ્યા હતા.

વળી એમની પહેલાંના રાજકીય ચિંતકોની જેમ એ પણ બ્રિટિશ મ્યૂઝિયમ લાયબ્રેરીનાં પગથિયાં ઘસીઘસીને ઇંગ્લંડની નવનિર્માણ



ઇંગ્લંડમાં હર્ટફર્ડશાયરમાં, લંડનની ઉત્તરે ૨૫ માઈલ પર આવેલા 'આયોટ સેન્ટ લૉરેન્સ' નામના ગામડામાંના પોતાના નિવાસસ્થાન 'શૉઝ કૉર્નર'ના બગીચાને ઝાંપે ઊભેલા બર્નાર્ડ શૉ.

પામેલી સમાજવાદી પ્રવૃત્તિના એક અગ્રણી ને ચિંતક તરીકે આ વખતે પ્રતિષ્ઠિત થયા હતા અને વિક્ટોરિયન યુગના અંતભાગમાં વીજળીના ઝબકારા પેઠે એમણે મેળવેલું પ્રતિષ્ઠાના ઉચ્ચ શિખર પર બેસવાનું આ અપ્રતિમ માન આ પછી અરધી સદી સુધી અબાધિત રીતે જળવાઈ રહ્યું.

પણ આ સ્થાને એ કાંઈ આરામમાં બેસી ન રહ્યા. વર્ષો વીતવાની સાથે એ જાણીતી લાલ દાઢી સફેદ થઈ ગઈ, પણ માંસ મદ્ય કે બીડી સુદ્ધાંને નહિ અડનારી એ ઊંચી પાતળી ને જીવતી જ્વલંત જ્યોત જેવી વ્યક્તિ વેગભર બદલાતા જતા જગતમાં પણ ચેતનાશક્તિથી ચારે બાજુએ ઘૂમતી પોતાના ફળદ્રુપ ને વિચારક મગજમાંથી નાટકો ઉપર નાટકો નિપજાવ્યે જતી હતી : 'જૉન બુલ્સ અધર આઇર્લૅન્ડ', 'મૅન ઍન્ડ સુપરમૅન', 'મેજર બાર્બારા', 'મિસ-ઍલાયન્સ' વગેરે પછી, પ્રથમ મહાયુદ્ધ અગાઉ પ્રગટેલા 'પિગમૅલિયન'ને અને એ મહાયુદ્ધ પછી પ્રકટેલા 'સેન્ટ જોન'ને તો ખૂબ પ્રશંસા મળી.

આ પછી એમના જીવનમાં આવ્યા 'માલ્વર્ન ઉત્સવો'. ઈ. ૧૯૨૯થી વૂર્સ્ટરશાયર પરગણામાં આવેલા 'માલ્વર્ન' ગામે ઊજવાએલા એ ઉત્સવોની શરૂઆત એમનું 'ઍપલ કાર્ટ' નાટક ભજવાયાથી થઈ, ને વીસે વર્ષે ઈ. ૧૯૪૯માં એમના 'બૉયન્ટ બ્રિટન્સ' સાથે એની સમાપ્તિ થઈ. વૂર્સ્ટરશાયરની સુવર્ણોજ્જ્વલ ગ્રીષ્મઋતુમાં ઊજવાતા આ ઉત્સવોમાં શૉ એમના ખરા રંગમાં નજરે પડતા અને ચાર કુડી વર્ષની ઉમર વટાવી ગયા છતાં પણ આનંદ, ઉત્સાહ અને યુવાનને શરમાવે એવી ચપળતાથી ઉત્સવિયાંઓ વચ્ચે એમના ચિરપરિચિત નૉર્ફૉક પોશાકમાં ઘૂમતા, તથા માલ્વર્નની ઊંચી ટેકરીઓ પર ચડી નીચે પથરાએલું આકર્ષક દૃશ્ય બહુ જ ભાવથી જોઈ રહેતા. એમની નેતુંમી (જુઓ અનુસંધાન સામે)

અસ્વાન બંધ (અનુસંધાન પૃ. ૨૯૯થી) થઈ રહ્યું. હવે તો રશિયન હથિયારો અને લશ્કર સાથે રશિયન ટેકનીશિયનો અને એન્જિનીઅરો પણ મધ્ય પૂર્વમાં સેંકડોની સંખ્યામાં ઊતરી આવશે એ વિચારમાત્રથી તેમની ઊંઘ હરામ થઈ ગઈ. ફ્રાંસ, અમેરિકા અને ગ્રેટબ્રિટનના પરદેશ-પ્રધાનો પારીસમાં ભેગા મળ્યા, અને અત્યાર સુધી જે અમેરિકા, વિશ્વબેંક મિસરને લોન ન આપે તેવી રમત રમતું હતું તેણે તથા બ્રિટને અસ્વાન બંધ માટે મદદ આપવા નિરધાર કર્યો. વિશ્વબેંકના અધિકારીઓએ ડિસેમ્બર '૫૫માં ૨૦ કરોડ ડૉલરની લોન આપવાની વિચારણા કરી. બ્રિટિશ સરકારે ઇજિપ્તની સ્ટર્લિંગ પુરાતો છૂટી કરી એ રકમ બ્રિટિશ સાધનો અને એન્જિનીઅરો માટે ચૂકવી શકાય તેવી વ્યવસ્થા કરી અને અમેરિકાએ દર વરસે ૨ કરોડ ડૉલર લેખે આર્થિક સહાય આપવા કબૂલ્યું.

આ પછી કરાર પ્રમાણે બ્રિટિશ લશ્કરે થોડા સમય પર ઇજિપ્ત ખાલી કરવાનું હતું, પણ બ્રિટનની દાનત એ બાબતમાં ઢચુપચુ હતી. પરંતુ કર્નલ નાસર તેને માટે મક્કમ રહ્યા અને બ્રિટિશ લશ્કરની છેલ્લી ટુકડીને ઇજિપ્ત છોડવું પડ્યું. વળી ગયા માસમાં ઇજિપ્તની પ્રજાએ કર્નલ નાસરને સર્વાનુમતે ફરી પ્રમુખ ચૂંટ્યો અને ઇજિપ્તમાં સંપૂર્ણ સ્વાધીનતાનો જયજયકાર થયો. મધ્ય પૂર્વમાં ઇજિપ્તની લાગવગ વધવા લાગી અને માર્શલ ટીટો તથા રશિયા સાથેના તેના સંબંધો વધુ મિલનસાર થતા ગયા, તેમજ પશ્ચિમને મુકાબલે ચડિયાતાં લાગેલાં ચેકોસ્લોવાકિયાનાં હથિયારોની મોટા જથ્થામાં ઇજિપ્તે ખરીદી કરી.

આ બધાથી છેડાઇને કે ગમે તેમ પણ એકાએક, ગયા માસમાં બ્રિટન–અમેરિકાએ ઇજિપ્તને પોતે આર્થિક મદદ નહિ આપી શકે એવી જાહેરાત કરી. ઘડીભર તો આ સમાચારથી સૌ સ્તબ્ધ થઈ ગયા. પણ કર્નલ નાસર તેમના માથાનો નીકળ્યો.

ઇજિપ્ત હવે સર્વસત્તાધીશ સાર્વભૌમ રાજ્ય હતું અને બ્રિટિશ લશ્કરની છેલ્લી ટુકડી ઇજિપ્તની ધરતી પરથી વિદાય થયા પછી એ સાર્વભૌમપણા પર મહોર વાગી હતી. ઇજિપ્તની સમગ્ર ધરતી પર હવે તેનો સાર્વભૌમ અધિકાર હતો ને એ અધિકારની રૂએ તેણે સુએઝની નહેર, જે ફ્રાન્સ બ્રિટન અને ઇજિપ્ત વગેરેની સહિયારી ભાગીદારીની એક કંપનીની માલિકીની હતી તેનું રાષ્ટ્રીયકરણ કરી નાખ્યું! અને આમ કરી સુએઝની નહેરમાંથી મળતી વાર્ષિક આવકના સાડા સુડતાલિસ કરોડ રૂપિયાનો ઉપયોગ તેણે અસ્વાન બંધની યોજનામાં કરવાનું નક્કી કર્યું. પશ્ચિમની સત્તાઓના નકારના જવાબમાં ઇજિપ્તનો આ છેલ્લો અને સજ્જડ તમાચો હતો.

સાથોસાથ તેણે ન્યાયવૃત્તિ દાખવવાની મુત્સદ્દીગીરી પણ ગુમાવી નથી. તેણે જાહેર કર્યું કે સુએઝ નહેર કંપનીના બધા શેર ઇજિપ્ત ચાલુ બજારભાવે ખરીદી લેશે અને સુએઝની નહેર આજે છે તે જ રીતે આંતરરાષ્ટ્રીય જળમાર્ગ તરીકે સૌને માટે એકસરખી ખુલ્લી રહેશે. શરત માત્ર એટલી કે તેમાંથી પસાર થવાના દાણની રકમ હવે કંપનીને બદલે ઇજિપ્તને દરેક જહાજે ભરવી પડશે.

બ્રિટન, અમેરિકા અને સૌથી વધુ તો ફ્રાંસ (કેમકે સુએઝ નહેર કંપનીમાં ફ્રાંસનો હિસ્સો સૌથી મોટો છે) આ ધડાકાથી ગભરાઇ ઊઠ્યાં અને તાબડતોબ મંત્રણાઓ કરી એમણે સુએઝ નહેર પર આંતરરાષ્ટ્રીય હકૂમત સ્થાપવાની વિચારણા માટે ૨૪ દેશોની પરિષદ બોલાવી, જેમાં ભારત પણ છે. ભારત સહ એશિયાના લગભગ બધા જ દેશોએ ઇજિપ્તના આ સ્વાધીન પગલાને સંપૂર્ણતઃ કાયદેસરનું લેખી તેનો પુરસ્કાર કર્યો છે.

સાહિત્યસંપર્ક

સાહિત્યકાર શું કરે?

સાહિત્યકાર ઉપદેશક કે પ્રચારક નથી. ઉપદેશ ને પ્રચાર જોઇતા હોય તો ઘણા અપાસરા ને આશ્રમો આ દેશમાં છે. સાહિત્યકાર તો જીવનમાં જે વિષમતાઓ છે, જે કરુણતા છે, જે અન્યાય છે તેનું યથાર્થ ચિત્ર આપણી આગળ રજૂ કરે છે. પરંતુ સમાજમાં જો એ ઝીલવાની શક્તિ ન હોય તો સાહિત્યકાર શું કરે? દેશમાં જ્યાં મૂલ્યો ખોટાં હોય ત્યાં સાહિત્યકાર તો 'આ મૂલ્યો ખોટાં છે ને જીવનમાં સનાતન મૂલ્યો છે, જે વીસરીને સમાજ નાશ જ નોતરે છે' એમ કળામય રીતે દેખાડી શકે. ગોવર્ધનરામે 'સરસ્વતીચન્દ્ર'માં તે વખતના ગુજરાતના ભણેલા યુવકોનું આદર્શ ચિત્ર દોર્યું. શ્રી જયંતી દલાલની 'પાદરનાં તીરથ' નામની નવલકથામાં પશી ડોશી ને દાક્તરનાં પાત્રો છે....જીવન આવું મંગલમય થઈ શકે ને પશી ડોશી—એક અભણ, વિધવા, ગામડિયણ બાઇ ને ભણેલા દાક્તર બંને, જીવનમાં અમલી કરી શકાય એવા ઉચ્ચ આદર્શો હોઈ શકે, તેની પ્રતીતિ આપણને કરાવે છે. —સુ. વૈ. દેસાઈ

અનાર્યનાં અડપલાં

છેલ્લાં ૫૫ વરસ(ગુજરાતી સાહિત્યના એ ઘડતરકાળ)થી ગુજરાતી સાહિત્યનું ઝીણવટભર્યું પર્યવેક્ષણ કરી પોતાની તીવ્ર રસદૃષ્ટિના ધોરણે, ગુજરાતના એક ઓછા જાણીતા પરંતુ મહાન સાહિત્યપ્રેમી શ્રી જ. અ. સંજાણાએ આમાં જે ઉદગ્ર પરીક્ષણ-પદ્ધતિથી ગુજરાતી સાહિત્યને વિલોક્યું છે તેને માટે તેમના પ્રત્યે આદર અને સંમાનની લાગણી પ્રકટે છે. લેખક પોતે પારસી હોવા છતાં શુદ્ધ ગુજરાતીના જેટલા આગ્રહી છે, તેટલા જ તેઓ સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓના એકનિષ્ઠ પરિશીલન-અધ્યયનને કારણે તે આગ્રહ સેવવા તથા તે આગ્રહને રચનાત્મક સ્વરૂપ આપવા ગુજરાતી સાહિત્યકારો તથા સાહિત્યરસિકોને ઉદ્બોધન આપવાના યે અધિકારી છે. પિંગળ, ગુજરાતી અને સંસ્કૃત, ગુજરાતી સાહિત્ય તથા તેના વિધવિધ પ્રવાહો વગેરે વિષયો પરના તેમના કુલ ૧૪ લેખો અહીં સંગૃહીત કરવામાં આવ્યા છે. કોઇએ આપેલા ઉપાલંભનો સચોટ પ્રતિકાર કરીને 'અનાર્ય' તખલ્લુસથી લખવાની શરૂઆત કરનાર આ લેખકે ભાષા અને સાહિત્યની અશુદ્ધિઓ તરફ અંગુલિનિર્દેશ કરવાની પોતાની ક્રિયાને માટે 'અનાર્યનાં અડપલાં' શબ્દ વાપર્યો છે, પરંતુ વસ્તુતઃ તો એમાં તેમની આર્યતાનાં જ દર્શન થાય છે. ગૂજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ; રૂા. ૪.

સરસ્વતીચન્દ્ર ભાગ ૧

અર્વાચીન સમયના ભારતના સાંસારિક, રાજકીય, સામાજિક, ધાર્મિક વગેરે મહાપ્રશ્નોની ચર્ચા કરતા 'આકરગ્રંથ' સમી, પ્રભાવમૂર્તિ સાહિત્યકાર સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી લિખિત મહાનવલ 'સરસ્વતીચન્દ્ર' એ વાસ્તવમાં સર્વાંગ સંસ્કૃતિકથા ને ગુજરાતી વાઙ્મયમાં ગ્રંથમણિ છે. ગોવર્ધન-શતાબ્દી નિમિત્તે એન. એમ. ત્રિપાઠી લિ. (પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨) તરફથી પ્રકાશિત થએલા 'સરસ્વતીચન્દ્ર'ના આ પહેલા ભાગ 'બુદ્ધિધનનો રાજ્યકારભાર' (જે પડતર કિંમત રૂા. ૨માં મળે છે તે)ની જેમ નજીકના ભવિષ્યમાં બાકીના ત્રણ ભાગોની આવી શતાબ્દી-આવૃત્તિ બહાર પડશે, જેપણ પડતર કિંમતે મેળવી શકાશે. સૌ સાહિત્ય-રસિકોએ આ સુભગ તકનો લાભ લઈ પોતાના અંગત ગ્રંથસંગ્રહને સમૃદ્ધ બનાવવો જ જોઇએ.

ગોવર્ધન શતાબ્દીગ્રંથ

'સરસ્વતીચન્દ્ર'કાર ગોવર્ધનરામભાઈની જન્મશતાબ્દી પ્રસંગે એન. એમ. ત્રિપાઠી લિ. (પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨) તરફથી બહાર પાડવામાં આવેલા અને શ્રી ઉપેન્દ્ર છ. પંડયા સંપાદિત, ૬૦૨ પૃષ્ઠોના આ દળદાર સ્મારકગ્રંથને બે ખંડોમાં વહેંચી નાખવામાં આવ્યો છેઃ પહેલા ખંડમાં સ્વ. ગોવર્ધનરામની વિસ્તૃત અને વિગતપૂર્ણ જીવનરેખા, 'સરસ્વતીચન્દ્ર'ના વસ્તુ તથા પાત્રનું નિયોજન ચર્ચતો સ્વ. ગોવર્ધનરામનો શ્રી દયારામ ગિદુમલ સાથેનો પત્રવ્યવહાર તથા સ્વ. ગોવર્ધનરામના ભાણેજ (અને સંપાદકના વડીલ બંધુ) ડૉ. કાન્તિલાલ પંડયા લિખિત 'મોટા મામા' નામનો સ્મૃતિલેખ સમાવિષ્ટ છે. બીજા ખંડમાં સ્વ. ગોવર્ધનરામ વિષે અનેક વિદ્વાનોએ આજ સુધી કરેલાં અધ્યયનો અને અંજલિ-લેખોમાંથી વૈવિધ્યની દૃષ્ટિએ સુસંકલિત સ્વરૂપે ચૂંટણી આપવામાં આવી છે. ગોવર્ધનરામની એક, ને ઉપરાંત ખાસ તો તેમના હસ્તાક્ષરોની બીજી છ છબિઓ પણ ગ્રંથનું એક વિશિષ્ટ અંગ છે. કિ. રૂા. ૬ા.

રામરસ

છેલ્લા દશકામાં છંદોબદ્ધ કાવ્યો, ગીતો, ભજનો આદિના કર્તા તરીકે 'સરોદ'ના નામે અને ગઝલકાર તરીકે 'ગાફિલ'ના નામે ગુજરાતી કાવ્યસાહિત્યમાં જાણીતા થએલા કવિ શ્રી મનુભાઇ ત્રિવેદીનાં ભક્તિજ્ઞાન ભર્યાં ૧૦૮ ભજનોના આ સંગ્રહમાં ભક્તહૃદયની ઉત્કટતા ને સારાસારનો વિવેક ઉદ્બોધતી જ્ઞાનવાણી છે. લેખકની બાની ઘડાએલી છે અને ભાવો હૃદયના સહજ ઉદ્ગારો છે, તો બીજી બાજુ સર્વસાધારણ ઉપમાઓ તેમજ ભાવોની થતી પુનરુક્તિ કાવ્યોના રસ ને કલાને બાધક નીવડે છે. પ્રકાશક: જયંતીલાલ રેવાશંકર દોશી, હંસ પ્રકાશન, રાજકોટ; કિંમત: ૧-૮-૦.

વિશ્રામ (શ્રી સુન્દરમના પુરોવચન તથા ટિપ્પણ, કૃતિને અનુષંગી નાનકડા ટિપ્પણ, તથા સ્વ. કર્તાની આછી જીવનરેખા અને તેમની શક્તિને બિરદાવતા બે વિદ્વાન અધ્યાપકોના અંજલિ-પત્રો સાથે): શ્રી સુંદરમ્ આને વિષે લખે છે કે ઊગતાં પહેલાં જ આથમી ગએલા ગુજરાતના એક યુવાન કવિ ગિરિન્ ઝવેરીનાં કાવ્યોનો આ સંગ્રહ, માત્ર ૨૮ વર્ષની વયમાં કવિતામાં રેલાવેલી બુદ્ધિની અને વિદ્યાની, શક્તિની અને વિચારવિદ્યુતોની, ઉપાસના અને સાધનાની, સેવા અને ત્યાગની, મીઠાશ અને ઉદારતાની દૃષ્ટિએ વિશિષ્ટ છે. કવિએ વિદ્વત્તા અને કલ્પનાથી પુષ્ટ એવી શક્તિથી એક આગવી શૈલી નિપજાવી છે; પરંતુ તેમણે કવિતાને પૂરતા પ્રમાણમાં બહાર ન મૂકી હોવાથી, અને તેમની કવિતાનો ઊગમકાળ પણ હજી જ્યાં પૂરો ન થાય ત્યાં જ તેમના જીવનનો અંત આવવાથી તેમની દરેક કવિતા કલાનો ઉત્તમ નમૂનો બનતી નથી. કિલષ્ટતા, દુરાન્વય અને પ્રારંભિક કચાશ પણ તેમાં દેખાયા વિના રહેતાં નથી. આથી જ આ સંગ્રહના પુરોવચનમાં કહ્યું છે તેમ 'એણે (કવિએ) જે ચીવટથી ઘડીઘડીને સજાવી કરીને પોતાનાં કાવ્યો રચ્યાં છે એવી જ ચીવટ ને ધીરજથી એને આપણે વાંચવાનાં છે. તો કલારસનો એક નાનકડો તો ય ઉત્તમ ઘૂંટડો મળશે.' ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; રૂા. ૨.

સક્કરબરાજમાં મારાં આઠ વર્ષ

નપાણિયા સિંધપ્રદેશની સાઠ લાખ એકર જમીનને પાણી પૂરું પાડવા માટે ત્યાંના પાણી માટેના એકમાત્ર સાધન વિરાટ સિંધુ નદી આડે સક્કરબરાજ બંધ બાંધવાનું, ને તેમાંથી સાત નહેરો કાઢવાનું વિરાટ કામ ઈ. ૧૯૨૩ માં હાથ ધરાયું ત્યારે તે કામ ઉપાડનારા ચુનંદા ઇજનેરોમાં ગુજરાતના સુપ્રસિદ્ધ ઇજનેર (આજની વલ્લભવિદ્યાનગર યુનિવર્સિટીના

ઉપકુલપતિ) શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ પણ હતા. તે અદ્ભુત બાંધકામના સાક્ષી તરીકે પોતે જોએલી ને અનુભવેલી કામગીરીનું તેમણે અહીં પોતાની લાક્ષણિક, સ્વાભાવિક, સરળ અને છટાભરી શૈલીમાં તલસ્પર્શી વર્ણન કર્યું છે. આનુષંગિક ફોટોગ્રાફો-નકશાઓને કારણે વિષય વધુ વિશદ અને ગ્રાહ્ય બને છે. સાથે શ્રી ભાઈલાલભાઇની ટૂંકી જીવનતવારીખ પણ આપવામાં આવી છે. પ્રકાશક: રવાણી ઍન્ડ કંપની, વલ્લભવિદ્યાનગર; કિંમત: રૂ. ૩-૦-૦.

हिंदी समाचारपत्र-निर्देशिका

જનભાષામાંથી ભારતની રાજભાષા બનેલી હિંદી થોડાં જ વર્ષમાં અંગ્રેજીનું સ્થાન પૂર્ણતઃ પ્રાપ્ત કરી લેશે. તેની સાથેસાથે બીજા વિષયોની માફક હિંદી પત્રકારત્વ સંબંધી જરૂરી ઉપયોગી માહિતી લોકોને મળી રહે તે નિમિત્તે બહાર પાડવામાં આવેલી આ હિંદી નિર્દેશિકામાં હિંદીનાં સઘળાં જ દૈનિકથી માંડીને વાર્ષિક સુધીનાં પત્રોની માહિતીને વિગતઝીણે સ્વરૂપે આપવામાં આવી છે જ; પરંતુ તે ઉપરાંત મુદ્રણ, પ્રકાશન અને સંપાદન વિષયક લગભગ બધા જ કેન્દ્રીય અધિનિયમો અને પત્રકારત્વની સાથે સંબદ્ધ ટપાલ-તારના નિયમોપનિયમનું પણ ઝીણવટભર્યું સકલન તેમાં કરવામાં આવ્યું હોઇ, માત્ર હિંદી જ નહિ પરંતુ અન્ય ભારતીય ભાષાભાષી મુદ્રકો, પ્રકાશકો અને સંપાદકોને માટે પણ તે એકસરખી જ ઉપયોગી અને માર્ગદર્શક થઇ પડે તેમ છે. સંપાદક: બંકટલાલ ઓઝા, પ્રકાશક: હિંદી સમાચારપત્રસંગ્રહાલય, કસારહટ્ટારોડ, હૈદરાબાદ-૨, રૂ. ૩-૦-૦, પાકું પૂઠું રૂ. ૪-૦-૦.

દીઠાં મેં નવાં માનવી

ઈ. ૧૯૫૨માં વિયેનામાં ભરાએલી વિશ્વશાંતિ પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગએલા ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળે એ પ્રવાસના–મુખ્યત્વે વિયેના ને મૉસ્કોના–મધુર અનુભવોને અનેક ફોટોગ્રાફો તથા પોતે દોરેલાં રેખાચિત્રો સાથે અહીં ગ્રંથસ્થ કર્યા છે. (ચેતન પ્રકાશન ગૃહ લિ., ૧૩૩ જવાહરનગર, ગોરેગાંવ, મુંબાઈ, કિંમત: રૂ. ૪-૪-૦.)

रवीन्द्रप्रतिमेचे कोंवळे किरण

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી ભાષામાં લખાએલા જીવન-તત્ત્વજ્ઞાનને નિરૂપતા ધ્વનિસભર પદ્યાત્મક સુંદર ગદ્યકણોના સંગ્રહ 'લિપિકા'નું, આ પુસ્તક ગુજરાતી ને મરાઠી ભાષાના વિદ્વાન લેખક ને ચિંતક કાકાસાહેબ કાલેલકરે સરળ, પ્રવાહી ને રસભરી શૈલીમાં કરેલું મરાઠી રૂપાંતર છે. 'લિપિકા'ની દરેક રૂપક-કથા, રેખાચિત્ર કે નિબંધમાં ચિંતન ને કલા વાણેતાણે વણાએલાં છે એ તો 'કુમાર'ના વાચકો જાણે જ છે. પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪, કિંમત: ૨-૮-૦.

પ્રકાશ: ઇતિહાસ-અંક: અગાઉ પોતાના 'સાહિત્ય-અંક'ની દૃષ્ટિસંપન્ન સંપાદન-કલાથી ખ્યાત થએલી અમદાવાદની પ્રકાશ ગર્લ્સ હાઇસ્કૂલે (રીલીફ રોડ, અમદાવાદ) આ વખતે ઇતિહાસના વિષય માટે પણ એવો જ ગુણવત્તાવાળો પ્રયત્ન કર્યો છે. આ વખતના 'વાર્ષિક' અંકમાં આપેલી ઐતિહાસિક માહિતીઓ સુસંકલિત અને ઇતિહાસ-દૃષ્ટિવાળી હોઈ અધ્યયનીય બની રહે છે. ગુજરાતના ઇતિહાસ વિષેની માહિતી જેટલી મબલખ તેટલી જ મહત્ત્વની પણ છે. ઠેરઠેર મુકાએલા આનુષંગિક ફોટોગ્રાફો તથા નકશાઓ અંકના આકર્ષણમાં વધારો કરે છે.

બહુરત્ના વસુંધરા


'કલ્પિત કથા કરતાં વાસ્તવિક જીવન અદ્ભુત હોય છે' એ કહેતીને યથાર્થ પુરવાર કરતી જુદાજુદા દેશોની વિભૂતિઓની જીવનકથાઓ શ્રી ઈશ્વરભાઈ પટેલે સ્વ. મોતીભાઈ અમીન સ્મારકગ્રંથમાળાના આ બારમા (પુસ્તકાલય–આવૃત્તિ) પુસ્તકમાં પોતાની મૌલિક તથા રસાળ રજૂઆત દ્વારા પ્રયોજી છે. પ્રકાશક: પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ, પો.બૉ. ૧૦, રાવપુરા, વડોદરા, કિં. રૂ. ૨.

નવાં પુસ્તકો

ગામડાનું વાસ્તવદર્શન: ગામડાં અને ખેતીવાડીની પરિસ્થિતિના ઊંડા અભ્યાસી ને વિચારક, સુપ્રસિદ્ધ ઈજનેર અને વલ્લભવિદ્યાનગરની સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલનું, ભારતીય ગામડાનું વાસ્તવિક ચિત્ર ઉપસાવતું તેમજ ગ્રામોદ્ધાર વિષેના મનનીય વિચારો દર્શાવતું પુસ્તક, પ્રકાશક: ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગર, કિં. ૩-૦-૦. **ધર્મચક્રપ્રવર્તન**: ભગવાન બુદ્ધના જીવન, ઉપદેશ અને ધર્મચક્રપ્રવર્તનવિસ્તારનો રોચક ને માહિતીપૂર્ણ પરિચય આપતું શ્રી 'દર્શક' લિખિત પુસ્તક, સુંદર ચિત્રો-ફોટોગ્રાફો સાથે; **સૌરાષ્ટ્રનાં પ્રાચીન બૌદ્ધ સ્મારકોનો** પરિચય આપતી સૌરાષ્ટ્રના પુરાતત્ત્વખાતાના અધ્યક્ષ શ્રી પી. પી. પંડ્યા લિખિત પુસ્તિકા, બંનેના પ્રકાશક: નિયામક, માહિતી અને પ્રકાશનખાતું, સૌરાષ્ટ્ર સરકાર, રાજકોટ.

યોગશતક: સુપ્રસિદ્ધ પ્રાચીન જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ રચિત અને હાલ સુધી અપ્રસિદ્ધ ગ્રંથ 'યોગશતક'નો, મૂળ શ્લોકો તથા ક્ષેપક સવિસ્તર સમજૂતી સાથેનો પરિચય, સંપાદક: ડૉ. ઈન્દુકલા હીરાચંદ ઝવેરી, પ્રકાશક: ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ, ૩-૦-૦. **The Story of a Simple Man**: સંત ટી. એલ. વાસવાણીનું શ્રી ટી. પી. વાસવાણીએ અંગ્રેજીમાં લખેલું જીવનચરિત્ર, ૦-૮-૦ કે ૧ શિલિંગ; **The Voice of the Voiceless Ones**: સાધુ ટી. એલ. વાસવાણીના વિશ્વપ્રેમનો ઉદ્બોધ આપતા અંગ્રેજી લેખોનો સંગ્રહ, ૦-૬-૦ કે ૯ પેન્સ; **The Saint of Dakshineshwar**: શ્રી રામકૃષ્ણ પરમહંસનું સાધુ ટી. એલ. વાસવાણીએ અંગ્રેજી ભાષામાં લખેલું જીવનચરિત્ર, ૦-૬-૦ કે ૯ પેન્સ; **Sons of Light**: મહાત્મા યુસુફ, શીખગુરુ અંગદ અને ભક્ત મલુકદાસનાં સાધુ ટી. એલ. વાસવાણીએ આલેખેલાં જીવનચિત્રો, ૦-૬-૦ કે ૯ પેન્સ; આ ચારે પુસ્તિકાઓના પ્રકાશક: East & West Series, 10 Connaught Road, Poona-1. **ગાંધી-કથા-ગીતો**: શ્રી ચિમનભાઈ પ્રા. ભટ્ટ લિખિત ગાંધીજી વિષેનાં ગીતો, પ્રકાશક: જમનાદાસ ભગવાન ટ્રસ્ટ, ગાંધી મજૂર સેવાલય, ભદ્ર, અમદાવાદ, ૦–૮–૦; **ગીતનિર્ઝર**: બાળકો માટેનાં તથા રાષ્ટ્ર, મહાન, ધ્યેય, ભક્તિ, ઊર્મિ આદિ વિષેનાં ગીતો, સંપાદકો: સર્વશ્રી ભીખુ વ્યાસ ને કુલીન પંડ્યા, પ્રકાશક: મંત્રીઓ, વિદ્યાર્થી-મંડળ, વાલોડ, ૦-૧૩-૦; **સ્ત્રીઓનો ગાયત્રી-અધિકાર**: વિધવિધ ઉદાહરણો ટાંકી એ વિષયનું સમર્થન કરતું, શ્રી જટાશંકર નાંદીએ લખેલું પુસ્તક; **શ્રી ગાયત્રીસ્તોત્ર**: સંસ્કૃત તેમજ ગુજરાતી બીબાંમાં તથા સરળ ગુજરાતી અનુવાદ સાથે, ૦-૪-૦; **ગાયત્રીની સરળ સાધનાઓ** વિષે ગાયત્રીના અભ્યાસી લેખક ડૉ. જટાશંકર નાન્દીએ કરેલાં ભાવિકો માટે ઉપયોગી સૂચનો ને માર્ગદર્શન, ૦-૮-૦; **ગાયત્રી મહાયજ્ઞ**: મથુરા ખાતે ચાલેલા શ્રી રામશર્મા યોજિત યજ્ઞની વિસ્તૃત માહિતી, અમૂલ્ય–ટ. ખ. ૦-૧-૦બીડવું; ચારેના પ્રકાશક: પ્રો. અવધૂત, મોહન પ્રિન્ટિંગ વર્ક્સ સામે, સોનાવાલા એસ્ટેટ, ગોરેગાંવ (પૂર્વ), મુંબાઈ; **વિચારમૌક્તિક**: શ્રીશંકરલાલ વ્યાસની પ્રેરક વિચારરત્નકણિકાઓ, પ્રકાશક: સાહિત્ય-સમિતિ, મહાત્મા ગાંધી વિનયમંદિર, ચાણસ્મા (ઉ. ગુ.), ૦-૩-૦.












આ અંકની 'કલાવાર્તા'માં ઉલ્લેખેલા સ્વ. ઈશ્વરલાલ ગજ્જરનાં આધુનિક શૈલીનાં શિલ્પો. ડાબી બાજુ : 'મત્સ્યગંધા'–૧૯૫૪માં લલિતકલા અકાદમીનું રૂા. ૫૦૦નું ઈનામ મેળવનાર તથા રાષ્ટ્રીય કલાસંગ્રહમાં લેવાએલું કાષ્ઠશિલ્પ. વચ્ચે મથાળે : 'બાલમસ્તી' (કાંસામાં શિલ્પ); નીચે : 'પખાલી' અને 'અંગડાઇ'. જમણી બાજુ : 'માનિની' (સેવન નામના લાકડામાં કરેલું કાષ્ઠશિલ્પ)







ફોટોગ્રાફી હરીફાઈનાં ચિત્રો : મથાળે-'જળપાન' : ઈબ્રાહીમ પટેલ (પહેલું ઈનામ); નીચે ડાબી બાજુથી-'જીવન-સંધ્યા' : વિનોદ વસા (બીજું ઈનામ); 'માનો લાડકવાયો' : હેમેન્દ્ર શાહ (ત્રીજું ઈનામ) વિવરણ માટે આ અંકમાં અન્યત્ર જુઓ.

લોકમાન્ય બાળ ગંગાધર ટિળક (અ. પૃ. ૨૯૭થી) કરતાં તેમનામાં વિકાસ પામેલી અન્ય જ્ઞાનવિભૂતિઓએ તો માત્ર મહારાષ્ટ્ર કે ભારત નહિ પણ સમગ્ર જગતના વિશાળ ક્ષેત્રમાં પોતાનો વિશિષ્ટ ફાળો નોંધાવ્યો છે. ભારતીય સંસ્કૃતિ તથા ધર્મના એ અઠંગ અભ્યાસી પ્રત્યે જગતભરના એ વિષયના અગ્રણી વિદ્વાનો માનભરી દૃષ્ટિએ જોતા. પોતાના 'ઓરાયન' પુસ્તકમાં તેમણે મૃગશીર્ષ નક્ષત્ર પરના સંપાતબિંદુની ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ ગણતરી કરીને ઋગ્વેદનો રચનાકાળ પાંચ હજાર વર્ષ પહેલાંનો હોવો જોઇએ તેવું સાબિત કરી વેદોના કાળનિર્ણયમાં અપૂર્વ પ્રકાશ પાડ્યો. ગણિતશાસ્ત્રનું તેમનું ઉત્કૃષ્ટ જ્ઞાન તેમને ભારતના શ્રેષ્ઠ ગણિતશાસ્ત્રીઓમાં મોખરાનું સ્થાન અપાવે છે. તેમનું ગ્રંથસાહિત્ય વિપુલ ને વિષયનિરૂપણની દૃષ્ટિએ માહિતીસમૃદ્ધ, તત્ત્વગર્ભિત અને તલસ્પર્શી છે. તેમના મરાઠી ગ્રંથોમાં 'વેદકાલનિર્ણય' (૧૯૦૮), 'આર્ય લોકાંચે મૂલ સ્થાન' (૧૯૧૦), 'ગીતારહસ્ય' (જૂન ૧૯૧૫), 'કેસરીંતીલ લેખ : ખંડ ૧-૪', 'મદ્રાસ, સિલોન વ બ્રહ્મદેશ યેથીલ પ્રવાસ' (૧૯૦૦), 'સ્વરાજ્યાવરીલ મોહીમ વ્યાખ્યાનેં : ભા. ૧-૪', 'હિંદુ ધર્માચેં સ્વરૂપ-લક્ષણ'નો, અને અંગ્રેજી ગ્રંથોમાં 'ધી ઓરાયન ઑર રીસર્ચીઝ ઇન્ટુ ધી ઍન્ટિકવિટી ઑાવ ધ વેદઝ'(૧૮૯૩), 'ધી આર્ક્ટિક હોમ ઈન ધ વેદઝ'(૧૯૦૩),'ખાલ્ડિયન વેદઝ'(૧૯૧૮), 'મિસિંગ કારિકા ઇન સાંખ્યઝ', 'વેદાંગ-જ્યોતિષ' વગેરેનો સમાવેશ થાય છે. આટઆટલી બાહ્ય સિદ્ધિઓ કરતાં યે વધુ મૂલ્યવાન તો તેમનો ભારત પ્રત્યેનો પ્રેમ હતો, બલકે તેમના જીવનસમસ્તની સર્વ પ્રવૃત્તિઓનું મૂળ તેમના આ ભારતપ્રેમમાં જ રહેલું છે. તેમના એ પ્રેમે ભારતનું હૃદય જીતી લીધું અને ભારતના 'લોકમાન્ય'નું મહામોલું અને દુષ્પ્રાપ્ય બિરુદ તેમને મળ્યું.

'ડેમૉક્રેટિક સ્વરાજ્ય પાર્ટી' સ્થાપવાનો નિર્ણય જાહેર કર્યા બાદ છ મહિને મુંબાઈમાં એમને એકાએક સાધારણ ઇન્ફ્લ્યુએન્ઝાની બીમારી લાગુ પડી, અને અઠવાડિયાની અંદર જ, ઇ. ૧૯૨૦ની ૩૧મી જુલાઇની મોડી રાતે (એટલે કે ૧લી ઑગસ્ટના રોજ) મુંબાઇમાંના તેમના ઉતારા 'સરદારગૃહ'માં ગીતાના વિખ્યાત यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम्॥ શ્લોકને જપતાં જપતાં આ મહાન કર્મયોગીએ સંસારની વિદાય લીધી. તે સાથે દેશની સ્વાતંત્ર્ય-લડતના ઇતિહાસનો એક ભવ્ય અને મહાન તબક્કો પૂરો થયો. એમની સ્મશાન-યાત્રામાં પાંચ લાખ માણસોએ ભાગ લીધો, જેમાં ગાંધીજી, યુવક જવાહરલાલ અને અન્ય અગ્રણી દેશનેતાઓ પણ હતા. કહે છે કે તેમના શરીરને અગ્નિદાહ દેવાયા પછી ચિતા ભડભડ બળતી હતી ત્યારે 'ટિળક મહારાજ, તમે જાઓ છો, પછી અમારું શું થશે?' એવા આક્રંદ સાથે એક મુસ્લિમ યુવક તેમાં કૂદી પડ્યો હતો જેને મહામહેનતે બહાર કાઢી બચાવી લેવામાં આવેલો. આ પ્રસંગ પરથી તેઓ હિંદુ-મુસ્લિમ બંનેના કેટલા પ્રેમભાજન બન્યા હતા તેનો ખયાલ આવી શકે છે. ટિળક તો ગયા, પણ મહાત્મા ગાંધીજીએ કહ્યું તેમ, એકમાંથી અનેક બની તેઓ પ્રત્યેક ભારતવાસીના હૃદયમાં ચેતનસ્વરૂપે વ્યાપી ગયા.

એમની સ્મશાનયાત્રામાં એમની શબવાહિનીને પહેલી કાંધ આપનાર ગાંધીજીએ, જાણે તે જ દિવસથી એમની સ્વરાજ લડતનો પણ બધો જ ભાર પોતાના ખભા પર ઉપાડી લીધો, અને એમના અવસાનના જ દિવસ—૧લી ઑગસ્ટ ૧૯૨૦થી દેશભરમાં વ્યાપક અસહકાર-લડત શરૂ કરીને તેમનું અધૂરું રહેલું કાર્ય આગળ ધપાવ્યું. ગાંધીજીએ તેમના જીવન અને વ્યક્તિત્વ વિષે કહ્યું છે કે:

'લોકમાન્ય ટિળક જનતાના દેવતા જેવા હતા અને જનતા તેમનો બોલ વેદવચનના જેવો પ્રમાણભૂત માનતી. એનું રહસ્ય દેશભક્તિ એમનો ધર્મ થઇ બેઠો હતો એમ છે. તેઓ સ્વભાવે ડેમોક્રેટ (લોકસત્તાવાદી) હતા અને કોઈ પણ સવાલનો કરેલ બહુમતીથી થવો જોઇએ એ બાબત તેમનો આગ્રહ જોઇને મને પણ ક્યારેક ડર લાગતો. સ્વરાજ્યનો પુરસ્કાર તેમના જેટલા સુસંગતપણે અને ચીવટથી બીજા કોઇએ પણ કર્યો નથી. તે ક્યારે ય હિંમત હાર્યા નહિ ને નિરાશા તેમના મન પર કદી કબજો કરી શકી નહિ. સ્વરાજ્યપ્રાપ્તિનો સમય તેમણે કેટલાં ય વરસ નજદીક આણ્યો છે. 'અભિનવ ભારતના જનક' તરીકે તેમનું નામ ઇતિહાસમાં અજરામર થશે. લોકમાન્યનું ધૈર્ય, તેમની સાદી રહેણી, તેમનો પ્રચંડ ઉદ્યમ ને તેમની અટલ દેશભક્તિ એ ગુણો પોતાનામાં કેળવવાનો પ્રયત્ન કરવો એ જ તેમનું સ્મારક છે.

લોકમાન્યનો હિંદુસ્તાન પરનો પ્રેમ મર્યાદારહિત હતો. સ્વરાજ્યનો મંત્ર જેટલે દરજ્જે તેમણે જપ્યો તેટલે દરજ્જે બીજા કોઈએ નથી જપ્યો. સ્વરાજ્યને સારુ હિંદ 'હવે' લાયક થશે એમ જ્યારે બીજાઓએ અંતઃકરણપૂર્વક માન્યું, ત્યારે લોકમાન્યે અંતઃકરણપૂર્વક માન્યું કે સ્વરાજ્યને સારુ હિંદ 'આજે જ' તૈયાર છે. આ માન્યતાએ લોકોનાં મન હરી લીધાં. અને એમ માનીને તેઓ બેસી ન રહ્યા, પણ તેનો અમલ આખી જિંદગીભર કર્યા કર્યો. તેથી પ્રજામાં એક નવો જુસ્સો પેદા થયો. સ્વરાજ્ય મેળવવાની અધીરાઇનો ચેપ તેમણે પ્રજાને લગાડયો.

પોતાની ઉપર ગમે તે જોખમો આવ્યાં, ગમે તેટલાં દુઃખો પડયાં, પણ આ મંત્રનું રટણ તો તેમણે છોડયું જ નહિ. તેથી પ્રજાને તેમની ઉપર ભારે વિશ્વાસ બેઠો ને તેમનું વચન કાયદો ગણાયું.

આવું મહાન જીવન દેહ જતાં પૂરું થતું જ નથી. દેહ જતાં તો તેની શરૂઆત થાય છે.'

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૭ ભારતીય સંસ્કૃતિની અસ્મિતાના સાહિત્યશિલ્પી રવીન્દ્રનાથ ઠાકુરનું અવસાન, ૧૯૪૧.
તા. ૧૨ શાહઆલમે બંગાળ, બિહાર અને ઑરિસ્સા પ્રાંતો અંગ્રેજોના હાથમાં સોંપ્યા, ૧૭૬૫.
તા. ૧૩ બિહાર-પ્રધાનમંડળે જમીનદારીનાબૂદ કરવાનો પહેલો ક્રાન્તિકારી નિર્ણય કર્યો, ૧૯૪૬.
તા. ૧૫ ભારત બ્રિટિશ નાગચૂડમાંથી આઝાદ થયું, હિંદના બે ભાગલા: હિંદ-પાકિસ્તાન, ૧૯૪૭.
તા. ૧૯ નાઝીવાદી નેતા હિટલર જર્મનીના સરમુખત્યાર તરીકે વિશ્વમાં બહાર પડ્યો, ૧૯૩૪.
તા. ૨૫ સિંગાપોરમાં આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ સ્વીકારી સુભાષ 'નેતાજી' બન્યા, ૧૯૪૩.
તા. ૨૮ ગુજરાતમાં સમાજસુધારાના શ્રીગણેશ માંડનાર કરસનદાસ મૂળજીનું અવસાન, ૧૮૭૧.

વ્યક્તિવિશેષ : ડૉ. જીવરાજ મહેતા

ભારતના પ્રથમ કક્ષાના ડૉક્ટર અને ઉત્કટ દેશપ્રેમી તથા સમાજસેવક ડૉ. જીવરાજ



નારાયણજી મહેતાનો જન્મ ઈ. ૧૮૮૭ની ૨૯મી ઑગસ્ટે અમરેલીમાં એક ખાનદાન કપોળ વણિક કુટુંબમાં થયો હતો. કુટુંબની તંગ સ્થિતિમાં કેવળ પોતાના બુદ્ધિબળ વડે જ ઈ. ૧૯૦૩માં મૅટ્રિક થઇને તેઓ મુંબાઈ ગયા અને ત્યાં કપોળ બોર્ડિંગમાં માફી વિદ્યાર્થી તરીકે રહી તથા શિષ્યવૃત્તિઓ મેળવી દાક્તરીનો એવો તેજસ્વી અભ્યાસ કર્યો, કે તેની છેલ્લી પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીએ કદી ન મેળવ્યાં હોય એટલાં ઇનામો તેમણે મેળવ્યાં અને ૧૯૦૮માં ઊંચે નંબરે પાસ થઇને, તાતાની સ્ટુડન્ટશિપ તથા મંગળદાસ નાથુભાઈ સ્કૉલરશિપ મેળવી ૨૩ વર્ષની વયે એમ.ડી.ના અભ્યાસ માટે તેઓ વિલાયત ગયા.

ઇંગ્લંડમાં અત્યંત સાદાઈ અને કરકસરથી ગાળેલા ૭ વર્ષના અભ્યાસકાળ દરમ્યાન તેમણે ત્યાંના હિંદી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા એમના પ્રમુખ તરીકે ઝુંબેશ ઉપાડી, અને એ વેળા ત્યાં આવેલા ગાંધીજી તથા ગોખલેની બીમારીમાં એમ.ડી.નો અભ્યાસ એક વર્ષ મોકૂફ રાખીને પણ તેમણે ખડેપગે તેમની ચાકરી કરેલી. અંતે એમ.ડી. (પહેલા વર્ગમાં આવીને, જે માન મેળવનાર તેઓ પહેલા હિંદી હતા), અને એફ.સી.પી.એસ.ની ડિગ્રીઓ તેમણે માનસહિત મેળવી અને સાથે એમ.આર.સી.પી. પણ થયા. ઈ. ૧૯૧૫માં હિંદ પાછા ફરી મુંબાઈમાં દવાખાનું શરૂ કર્યું, એવામાં તેમને લોન આપી ઇંગ્લંડ ભણવા મોકલનાર સર રતન તાતાને મગજની બીમારીના ઉપચાર માટે ઇંગ્લંડ જવાનું થતાં તેઓ પોતાનો ધીકતો ધંધો છોડી તેમની સાથે ગયા. એ સફર દરમ્યાન જાતને જોખમે પણ તેમણે સર રતન તાતાનો જાન બચાવી લીધેલો. રસ્તે લાગેલી શરદીને પરિણામે તેઓ ઇંગ્લંડમાં પ્લુરસીની ગંભીર માંદગીમાં પટકાયા અને હિંદ આવવા છતાં પણ તબિયત સંપૂર્ણરીતે ન સુધરતાં પાછા યુરોપ ગયા, જ્યાં વડોદરાનરેશ સયાજીરાવના સંપર્કમાં આવ્યા. એમણે તેમની પોતાના ખાનગી ડૉક્ટર તરીકે અને ત્યાર બાદ ૧૯૨૨માં વડોદરા રાજ્યના ચીફ મેડિકલ ઑફિસર તરીકે નિમણૂક કરી, જે દરમ્યાન એક આદર્શ વહીવટદાર તરીકે તેમણે મોટી ખ્યાતિ મેળવી. એ જ અરસામાં તેઓ જાણીતાં કેળવણીકાર અને દેશસેવિકા હંસાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

મુંબાઈ કૉર્પોરેશને એક મોટી પ્રજાકીય ઑસ્પિટલ અને વૈદકની કૉલેજ શરૂ કરવાનું ઠરાવી તેના વડા તરીકે ડૉ. જીવરાજને નીમતાં વડોદરાથી તેઓ મુંબાઈ ગયા. ત્યાં થોડા જ વખતમાં શેઠ ગોરધનદાસ સુંદરદાસ કૉલેજ તથા તેની ઑસ્પિટલ શરૂ કરીને તેને તેમણે સ્થિર પાયા પર મૂકી, એટલું જ નહિ પણ એના વહીવટમાં અદ્વિતીય શિસ્ત અને અનુપમ વ્યવસ્થા દાખલ કરી. તેમની તેજસ્વી પ્રતિભાને લીધે તેઓ કિંગ એડવર્ડ મેમોરિયલ અને શેઠ ગોરધનદાસ ઑસ્પિટલના 'ડીન' તરીકે બહુમતીથી ચૂંટાયા ને સતત ૨૦ વર્ષ સુધી તે સ્થાને રહ્યા. સાથેસાથે હિંદના મેડિકલ ઍસોસીએશનમાં પણ તેઓ ૧૯૩૦, '૪૩ ને '૪૫માં પ્રમુખ નિમાયા હતા. મુંબાઈ યુનિવર્સિટીની સેનેટમાં લાંબો વખત કામ કરવા ઉપરાંત તેની સિન્ડિકેટ તથા ઍકેડેમિક કાઉન્સિલના પણ તેઓ સભ્ય બનેલા.

૧૯૩૦-'૩૨ની લડતમાં પૂરા દિલથી ઝંપલાવીને તેમણે પોતાની દેશદાઝનો પુરાવો આપેલો. '૪૨માં તો સરકારે પહેલેથી જ તેમને પૂનાની જેલમાં પૂરી દીધા હતા. મહાત્માજીના તેઓ અંત સુધી અંગત ડૉક્ટર રહેલા. તેમને મહાત્માજી 'રાષ્ટ્રનું મહામોલું રત્ન' અને સરોજિની નાયડુ 'માનવતાનું પુષ્પ' ગણાવતાં. મહાસભાની ઘણી રચનાત્મક સંસ્થાઓમાં પણ તેમણે પોતાનો ફાળો આપ્યો છે.

મુંબાઇ ધારાસભાની છેલ્લી ચૂંટણીમાં તેઓ કૉંગ્રેસ પક્ષ તરફથી ચૂંટાઈ આવેલા. કેન્દ્રીય સરકારમાં તેઓ આરોગ્યખાતાના ડાયરેક્ટર જનરલ અને આરોગ્યપ્રધાનના મંત્રી નિમાયા હતા અને પછી વડોદરા રાજ્યના પ્રધાનપદે આવ્યા હતા, જ્યાંથી દેશી રાજ્યોનું વિલીનીકરણ થયે મુંબાઇ રાજ્યના બાંધકામ-ખાતાના પ્રધાનપદે તેઓ આવેલા. બહુમુખી સફળ કાર્યક્ષમતા ધરાવતા અને નિષ્ઠાભરી સેવાથી યશપ્રાપ્ત દેશસેવક શ્રી જીવરાજભાઈ હાલ મુંબાઈ રાજ્યનાં બાંધકામ, ઉદ્યોગ અને નાણાંખાતાંના પ્રધાનનો ત્રિવિધ ભરચક જવાબદારીભર્યો હોદ્દો સંભાળે છે.

પ્રસંગવિશેષ : ગાંધીજીએ અસહકાર-લડત શરૂ કરી, ૧લી ઑગસ્ટ ૧૯૨૦

ઈ. ૧૯૧૯ની શરૂમાં રૉલેટ બિલ મંજૂર ન કરવા માટે પોતે વાઈસરૉયને કરેલી વિનવણી ઠુકરાતાં ગાંધીજીએ 'સત્યાગ્રહ-સભા' સ્થાપી એ બિલ સામે સખ્ત ઝુંબેશ ઉપાડી અને તદનુસાર ૬ઠ્ઠી એપ્રિલના સત્યાગ્રહ-દિને દેશભરમાં હડતાળ રહી. પરિણામે પંજાબના જલિયાંવાલા બાગમાં અંગ્રેજોએ કરેલા ભયંકર હત્યાકાંડનો ઉલ્લેખ કરી અમૃતસર કૉંગ્રેસના પ્રમુખપદેથી પં. મોતીલાલ નેહરુએ દેશોદ્ધાર માટે દર્દભરી અપીલ કરી. એવામાં અલી ભાઇઓ જેલમાંથી છૂટ્યા. પછી તો ખિલાફત કમિટી પણ કૉંગ્રેસ સાથે ભળી, અને ઈ. ૧૯૨૦ની ૧લી ઑગસ્ટે મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે સ્વરાજ્યની અપૂર્વ ઐતિહાસિક અસહકાર-લડત આરંભાઈ. યોગાનુયોગ તે જ દિવસે લોકમાન્ય ટિળકનું અવસાન થયું; અને તેમની શબવાહિની સાથોસાથ દેશના મુક્તિસંગ્રામનો ભાર પણ ગાંધીજીએ પોતાને ખભે લઈ લીધો.

જ્ઞાન ગરીબી ગુણુ ધરમ, નરમ વચન નિરમોષ;
તુલસી કબહુ ન છાંડિયે, શીલ સત્ય સંતોષ.
—તુલસીદાસ—

રોજ મોડી રાત સુધી દીવો બાળી ધર્માધ્યયન કરતા મુસ્લિમ સંત ઈમામ ધિઝાલીને એક વાર સ્વપ્નમાં ખુદાના ફિરસ્તાએ આવી કહ્યું: 'આમ મોડે સુધી વાંચવા પાછળ ફોકટ મહેનત કરવા કરતાં, ચાલ હું જ તને બધી વિદ્યાઓનો ઇલમ શીખવું.' ઉત્તરમાં ધિઝાલી બોલ્યા: 'મહેનત કર્યા વિનાની બક્ષિશ મારે ન જોઇએ. આપને આપવું જ હોય તો આ દીવામાં તેલ વધારે મળ્યા કરે એટલી દુવા આપો.'

અનેકાર્થી શબ્દ: **તાક**=ત્રાક, રેંટિયાની સોય; લાગ યા તાકડો; તાકવાની ક્રિયા; અવલોકન; આશય કે ધારણા; તીક્ષ્ણ નજર; ઇલાજ; વાદ્ય; ઇચ્છા; ગાત્ર કે અંગ; ગોખલો; એકી સંખ્યા; છાશ; ગોળ વાળેલી અર્ધચન્દ્રાકાર કમાન, દરવાજો; ઘાસ; માદા; વેલી; શરત; શોધ; સીમાડો દર્શાવનાર નિશાન; અપૂર્વ કે અદ્વિતીય; વિષમ.

કહેવતો: 'ધાન ધણીનું ને ગીત વીરાનાં' –કૃતઘ્નીપણું કે બેવફાઈ દર્શાવવા માટે વપરાતો આ પ્રયોગ 'ધાન્ય ખાવું ધણીનું ને ગીત ગાવાં વીરાનાં' એ મૂળ કહેવતનું ટૂંકું રૂપ છે. પતિને ઘેર રહેતી સ્ત્રી તેની કૃતજ્ઞતા વીસરીને પોતાના ભાઈ અને પિયરિયાનાં વખાણ કર્યા કરે, ને પોતાનો ધર્મ ચૂકે એ ઉદાહરણ એમાં અભિપ્રેત છે. એને મળતી બીજી કહેવત: 'રહેવું કૌરવમાં ને જય વાંછવી પાંડવની'.



ગઈ ૨૩મી જુલાઇએ બહાર પાડેલી લોકમાન્યની જન્મશતાબ્દી પ્રસંગે ટિકિટ માટે યોજેલી ખાસ રદ્દીકરણની છાપ.

ધોવાના સાબુમાં કૉસ્ટિકનું પ્રમાણ તેજ હોય છે તો કપડાંને નુકસાન પહોંચે છે. તેની કસોટી એ કે સાબુને જીભે અડાડી જોવો; નુકસાનકારક પ્રમાણ જેટલો કૉસ્ટિક એમાં હશે તો જીભ ચચરશે.

બૅન્ક-પ્રથા બહુ જૂની છે. ૪,૦૦૦ વર્ષો પહેલાં મિસરનાં દેવળોમાં તે પ્રચલિત હતી. ખેતી કરનારાઓને પાક થઇ રહ્યે વ્યાજ સહિત નાણાં પરત કરવાની શરતે ત્યારે મૂડી અપાતી.

અમેરિકાના વસતિ-મંડળના અધ્યક્ષ હૅરૉલ્ડ ડૉર્નના કહેવા પ્રમાણે પૃથ્વીની માનવવસતિ ઈ. ૧૮૦૦માં ૯૧ કરોડ ૯૦ લાખ, ઈ. ૧૮૫૦માં ૧ અબજ ૯ કરોડ, ઈ. ૧૯૦૦માં ૧ અબજ ૫૨ કરોડ, અને ઈ. ૧૯૪૦માં ૨ અબજ ને ૧૦ કરોડની હતી!

એક મીટર એટલે વિષુવવૃત્તથી ઉત્તર ધ્રુવ સુધીના અંતરનો એક કરોડમો ભાગ!


અમેરિકા શોધવા કોલંબસ નીકળ્યો શુક્રવારે; તેણે તે ખંડ શોધ્યો ને તે 'અમેરિકા' તરીકે જાહેર થયો પણ શુક્રવારે જ.




ભારતમાં મુખ્ય ૧૧ લિપિઓ, ૧૪ ભાષાઓ ને ૨૨૫ પેટાભાષાઓ છે. ભાષાઓમાં સૌથી વધુ તેલુગુ ભાષા બોલાય છે: ૩ કરોડ ને ૩૩ લાખ લોકો તે ભાષા બોલે છે,—એટલે કે ૧૦૦ ભારતીઓમાં ૯ જણ તેલુગુ બોલનારા છે.

જાંબલી રંગ મચ્છરોને બહુ ગમે છે, ને પીળા રંગનો તેને ત્રાસ છે. ઘરમાંથી બને તેટલા જાંબલી રંગના પડદા, કાચ, ગલેફ, ભીંતો પીળા રંગથી રંગાવશો ને પડદા વગેરે પણ પીળા રાખશો તો મચ્છરો નહિ આવે.


સંસારમાં સૌથી નીચું સ્થાન પૅલેસ્ટાઇનમાં આવેલું 'મૃત સરોવર' છે. ત્યાંનું ભૂમિતલ સમુદ્રની સપાટીથી ૧૨૯૨ ફૂટ નીચું છે.



કપડાં સૂકવવાની દોરી નીચી હોય તો લાંબાં કપડાં જમીન સાથે ઘસડાય છે, ને દોરી ઊંચે હોય તો આંબી શકાતી નથી. આ માટે દોરી ઊંચી બાંધી તેના છેડે તારની સ્પ્રિંગ બાંધી દેવી. પછી કપડું દોરી પર ફેંકી જરા ખેંચવાથી સ્પ્રિંગને લીધે દોરી નીચે ખેંચાશે, ને કપડું પહોળું કરી મૂકી દેવાથી દોરી ફરી ઊંચી ચડી જશે ને નીચે નહિ ઘસડાય. (કિશોર જોષી)



કલાકણિકા: આજથી ૩૬૦૦ વર્ષ પરના ગ્રીસના ટાઇરિન્સ મુકામે આવેલા પ્રાચીન મહેલના ખંડિયેરમાં આલાબાસ્ટર પથ્થરમાં આસમાની કાચ જડીને કરેલા શોભનનો આ નમૂનો એ કાળના ડિઝાઇનિંગ(ભાતગૂંથણી)ની લઢણ દર્શાવે છે.



લોકકલામાં પદચિહ્નોનું વૈવિધ્ય

પૂજનીય વ્યક્તિના ચરણચિહ્નોની પૂજાનું માહાત્મ્ય હિંદુ સમાજમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પૂજનીય વ્યક્તિની ગેરહાજરીમાં તેનાં પગલાંને પવિત્ર લેખીને ભાવનાશાળી લોકો એ પગલાંને પૂજે છે. શ્રી રામચન્દ્રજીના વનવાસ દરમિયાન તેમની ચરણપાદુકા જ અયોધ્યાના રાજ્યાસન પર સોહી રહી હતી ને? વ્યક્તિઓનાં પગલાંની પેઠે આપણા ગ્રામસમાજમાં દેવદેવીઓનાં અને વાંછનીય શિશુનાં પગલાંનું પણ ખૂબ મહત્ત્વ લેખાય છે. આથી આપણા ભારતની લોકકલામાં પગલાંનો આવિર્ભાવ પણ સ્વાભાવિક રૂપે જ થએલો જણાય છે.

બંગાળની અલ્પના(રંગોળી)માં અંકાતાં લક્ષ્મીદેવીનાં મંગલ પગલાં, રાજસ્થાનની ગ્રામીણ મહિલાના આંગણામાં ઉત્સવો દરમિયાન આલેખાતાં આરાધ્ય દેવદેવીનાં પગલાં, કે ખોળ માટી માટે તલસતી કોઇ નારીને હસ્તે દોરાએલી વાંછિત બાળકની નાની પગલીઓ—એ બધાંમાં પોતપોતાની વિશિષ્ટ અને અનોખી શૈલી જણાય છે. પ્રથમ માતૃત્વમાં પ્રવેશ કરતી કોઇ કુમકુમમાં ભીંજવીને રેશમી વસ્ત્ર ા લેવાતાં સુકોમળ પગલાં હોય કે કોઇ વંદનીય ગુરુજનનાં પાવન ચરણની સ્મૃતિ હોય, તેમાં પણ તેનાં વિશેષત્વ અને શોભા છાનાં રહેતાં નથી.

પગલાંનાં આવાં વિવિધ સ્વરૂપોને લોકકલામાં એવી તો સુંદરશોભન આકૃતિઓમાં આલેખવામાં આવ્યાં છે કે આધુનિક શોભનકલામાં તેનું સ્થાન ગ્રામીણ નહિ પણ અતિઆધુનિક બની રહે છે. આવાં કેટલાંક લાક્ષણિક પદચિહ્નોનો સંચય આ સાથે આપ્યો છે.

('નવચેતન'ના સૌજન્યથી)

કલાવાર્તા (અનુસંધાન આગલા પૂઠામાંથી)

પરત્વે વિચારતા થયા. પછી તો એ વિદ્યાલયની પ્રવૃત્તિઓ વિકસાવવા તેમણે રાતદિવસ તનતોડ પ્રયત્નો આદર્યા. આસપાસનાં સંમેલનો ને સમારંભોમાં મનોરમ સુશોભન, ગોઠવણ વગેરે તેમની કલાદૃષ્ટિ મુજબ થતાં, પણ પોતે સહુના સંપર્કમાં એટલું આવતા નહિ. કવિતા અને સંગીતમાં પણ તેમને સમજપૂર્વકનો રસ હતો.

એમનો સ્વભાવ ક્વચિત અતડો લાગે એવો, પણ નમ્ર હતો. પરંતુ દૂષણો પ્રત્યે તો ખૂબ જ ઉગ્ર. પ્રવૃત્તિમાં તે નિયમિત ને વ્યવસ્થિત રહેતા. પૈસો અને પદ તેમને મુદ્દલ ગમતાં નહિ. તેમનું જીવન એટલે અગણિત સંઘર્ષો. તેને લગતાં મનનો ને ચિંતનોથી તેમની નોંધપોથી ભરચક પડી છે; કિન્તુ ચિત્રોમાં તો કટુતાની એક પણ રેખા એમાં પડવા દીધી, માત્ર મધુરતા જ ઉદ્રેકથી વ્યક્ત કરી છે.

અજંતાથી તાવ લઇને જ વઢવાણ પાછા ફર્યા હતા, છતાં બે દિવસ તો ફર્યા જ કર્યું. છેવટે કસ્બા શેરીની નાની ગલીમાં આવેલી, બારીબારણાં વગરની તેમની નાનકડી ઓરડીમાં પથારી પાથરી. માંદગી વધતાં માથાનાં ઝુલ્ફાં કઢાવી મૂંડો કરાવ્યો ને ટોપી તથા ગલપટ્ટાનો ઉપયોગ કરવા માંડ્યા. એ અરસામાં જ તેઓ મગજ પરની પકડ ગુમાવતા ગયા. પાછળથી એ ઓરડીમાં પડેલી ટોપીને કબૂતર ગણી બેસતા ને કપડાને 'ધર્મયુગ' માની પકડી જ રાખતા! બેભાન અવસ્થામાં એક વાર થર્મોમીટર પણ ચાવી નાખેલું! એકના એક જુવાન દીકરાની આવી અવદશા જોઇને પિતાને પક્ષાઘાત થઈ ગયો! સ્વજનોએ એમને દવાખાને ખસેડ્યા, પણ બે દિવસ બાદ સ્વસ્થ લાગતી તબિયતે ફરી ઊથલો ખાધો ને ૨૦મી ફેબ્રુઆરીની સવારે સવા આઠે એ અવસાન પામ્યા.